

Page 23

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions

2002-2026 25 વર્ષ
લગાતાર પ્રજાનો વિશ્વાસ

Year : 04, Issue : 110, Dt. 09-09-2026 (WEDNESDAY) Rs. 02/- Page : 36, RNI No. GUJGUJ/2023/84789

## સહકારી રાજકારણમાં ભાજપના નેતાઓ પક્ષ સામે જ પડી રહ્યા છે?

# ભાજપ હાઈકમાન્ડની ફજેતી!

## રાજકોટ લોધીકા ખરીદ વેંચાણ સંઘમાં રાદડિયા જૂથનો દબદબો; પણ હાઈકમાન્ડ નારાજ ?

### ત્રંબા બેઠક પર ટાઈ થતા ચીઠ્ઠી ઉછાળતા નિતીન રામાણીની જીત થઈ




### કુવાડવા બેઠક પર પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણી, માધાપર બેઠક પરથી ઘોઘુભા જાડેજાની હાર









**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ લોધીકા ખરીદ વેચાણ સંઘની ચૂંટણીનું પરિણામ જાહેર થઈ ગયું છે જેમાં જયેશ રાદડિયા જૂથનો દબદબો જોવા મળ્યો છે. આ ચૂંટણીમાં પાર્ટીના મેન્ડેન્ટ વિરુદ્ધ ફોર્મ ભરનાર બે મહત્વની સીટ પર ભાજપના બળવાખોર ઉમેદવારોની જીત થઈ છે. જેમાં કુવાડવા બેઠક પરથી પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણી અને માધાપર બેઠક પર પૂર્વ ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજાના પિતા પૃથ્વીસિંહ ઉર્ફે ઘોઘુભા જાડેજાને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. આ બન્ને ઉમેદવારને પાર્ટીએ મેન્ડેટ આપવા છતાં તેમના એક પણ મતદારોએ તેમને મત આપ્યા નથી. બીજી તરફ ત્રંબા બેઠક પર ટાઈ થતા ચિઠ્ઠી ઉછાળતા નિતીન રામાણીની જીત થઈ છે.

રાજકોટ લોધીકા ખરીદ વેચાણ સંઘમાં કુલ ૧૫ બેઠક પૈકી ૧૦ બેઠક બિનહરીફ થતા બાકીની ૫ બેઠક પર ગઈકાલે ચૂંટણી યોજાઈ હતી જેમાં ભાજપ સામે ભાજપના જ ઉમેદવાર ચૂંટણી મેદાનમાં હતા. પાર્ટી દ્વારા મેન્ડેટ પણ આપવામાં આવ્યું હતું અને મતદારોને વ્હિપ આપવા છતાં ૨ બેઠક પર અપસેટ સર્જાયો છે. વ્હિપનો અનાદર થતા બળવાખોર ઉમેદવાર વિજય સખીયા, નીતિન ચોવટીયાની જીત થઈ છે. આ બન્ને ઉમેદવારોની તરફેણમાં તમામ મતદારોએ મતદાન કર્યું હોવાથી પાર્ટીએ મેન્ડેટ આપનાર ઉમેદવાર અરવિંદ રૈયાણી અને પૃથ્વીસિંહ ઉર્ફે ઘોઘુભા જાડેજાની હાર થઈ છે. બીજી તરફ ત્રંબા સીટ પર બન્ને ઉમેદવારોને બે-બે મત મળતા ટાઈ પડી હતી જે બાદ ચિઠ્ઠી ઉછાળતા પાર્ટીએ જેમને મેન્ડેટ આપ્યું હતું તેવા નિતીન રામાણીની જીત થઈ છે. જયારે હલેન્ડા બેઠક પર પણ પાર્ટીએ જેમને મેન્ડેટ આપ્યું તેવા મહેશ આસોદરીયાની જીત થઈ છે અને ખોખડદડ બેઠક પર જયેશ રાદડિયા જૂથના વિરોધી બાબુ નસીતની જીત થઈ છે.

## સિટી ન્યૂઝે કહ્યું હતું અરવિંદ રૈયાણીને હરાવાનો ગેમ પ્લાન ઘરના ઘાતકી નિકળ્યા



15 બેઠકો માટે અગાઉ 36 ફોર્મ ભરાયા હતા 26 ફોર્મ પરત ખેંચાયા

રાજકોટ લોધિકા સંઘની ચૂંટણી ફાઈનલ; રૈયાણીને હરાવવાનો ગેમ પ્લાન ?

10 બેઠક બિનહરિફ હવે પાંચ બેઠક ઉપર ચૂંટણી યોજાશે

દરેક જૂથમાં સામ-સામે બે ઉમેદવારો મેદાનમાં રહેશે





રા.લો. સંઘ ચૂંટણીમાં ભાજપ હાઈકમાન્ડ માટે મોટો પડકાર

લોધિકા સંઘની ચૂંટણીમાં 'પાર્ટી લાઈન' બહાર પરિણામના એંધાણ?

2-3 બેઠકો પર 'બળવો' પરિણામ બદલી શકે !

ભાજપે સત્તાવાર ઉમેદવાર તરીકે રૈયાણીની જાહેરાત કરી હતી

અરવિંદ રૈયાણીને હરાવવાનો ખેલ ?

હરિફ ઉમેદવાર 3 મતદારોને લઈ શનિદેવના મંદિરે જઈને વીડિયો બનાવ્યો





રા.લો સંઘની ચૂંટણીમાં રાદડિયાનો હાથ ઉપર ? ભાજપે એકપણ મેન્ડેન્ટ જાહેર ન કર્યું !

■ બળવાખોર 11 જેટલા સભ્યોએ પાર્ટીની સૂચના પહેલા જ ફોર્મ ભરી દેતા ભાજપ પણ મુંઝાયું

■ પાર્ટી હવે ફોર્મ પરત ખેંચવા માટે મથામણ કરીને ચૂંટણી બિનહરીફ કરાવવા પ્રયત્ન કરશે

### ઈનસાઈડ પોલિટિક્સ; પાંચ બેઠકોની ચૂંટણીમાં ત્રણ બેઠકો પર વ્હિપનો અનાદર

# રા.લો.સંઘની ચૂંટણીમાં ભાજપના જ બળવાખોરોનો વિજય; પાર્ટીના ઉમેદવાર હાર્યા

## રૈયાણી અને ઘોઘુભાને હરાવવાના પ્લાનમાં હરિફો સફળ મતદારો હોવા છતાં પાર્ટી મેન્ડેટ ન આપે તો બળવો જ થાય છેઃ મતદારોનો વસવસો

રાજકોટ લોધિકા ખરીદ વેચાણ સંઘની આજે ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં પ્રતિષ્ઠા સમાન બનેલી કુવાડવા સીટ અને માધાપર પર બળવો કરનાર ઉમેદવારો વિજય થયો હતો અને બે દિગ્ગજ નેતા પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણી અને પૃથ્વીસિંહ જાડેજા ઉર્ફે ઘોઘુભાની હાર થઈ છે. આ ચૂંટણીમાં બળવાખોર ઉમેદવારનો વિજયે ફરી ભારતીય જનતા પાર્ટી દ્વારા શરૂ કરાયેલી મેન્ડેન્ટ પ્રથા સામે સવાલો ઉભા કર્યા છે.

આ ચૂંટણી આટલી રસપ્રદ અને પ્રતિષ્ઠાનો જંગ કેમ બની તે અંગે સીટી ન્યૂઝ પાસે એક્સક્લુઝિવ માહિતી છે. આ ચૂંટણી વિવાદોનું ઘર બની તે માટે મહત્વનો મુદ્દો પાર્ટીમાં ચાલતા આંતરિક વિવાદ અને સારા અને સક્ષમ ઉમેદાવારોને બદલે મારા ઉમેદવારોને ગોઠવવાનો પ્રયાસ છે.

અત્યાર સુધી કોઈપણ સહકારી ચૂંટણી હોય તેમાં જયેશ રાદડિયાનો મત લેવામાં આવતો હોય છે પરંતુ આ ચૂંટણી જાહેર થઈ ત્યારબાદ રાદડિયાનો મત લેવામાં આવ્યો ન હતો અને રાદડિયા જુથને તોડી પાડવા માટે કાવાદાવાઓ પહેલેથી જ શરૂ કરી દેવામાં આવ્યા હતા. વળી રાદડિયાના વિરોધીઓને દોડવું હતું અને ઢાળ મળ્યો હોય તેમ પ્રશાંત કોરાટની મદદ મળી હતી જેના કારણે પાર્ટીએ જેમની પાસે મત છે તેના રાદડિયા જુથના ઉમેદવારોને જ કાપવાનું નક્કી કરી નાખ્યું હતુ. આ વાત માત્ર ચૂંટણી પુરતી ન હતી પરંતુ ઉમેદવારોની જીત થયાં બાદ ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણીમાં પણ ખેલ પાડવા સુધીનો પ્લાન હતો પરંતુ બે દિગ્ગજ ઉમેદવારોની હાર બાદ આ ખેલ ઉંધો પડી ગયો હોય તેવું લાગી રહ્યું છે.

રાદડિયા જુથના ઉમેદવારોએ પોતાની ઉમેદવારી કર્યા બાદ પાર્ટીએ લડવા ઈચ્છુક તમામ દાવેદારોને ફોર્મ ભરવા માટેની સૂચના આપી અને બાદમાં ભારતીય જનતા પાર્ટીએ જયેશ રાદડિયા સહિત સહકારી વિભાગની વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો અને સહકારી આગેવાનોને વિશ્વાસમાં લેવાની શરૂઆત કરી હતી.જેના કારણે ૧૫ પૈકી ૧૦ સીટો બિનહરીફ થઇ હતી પરંતુ ચેરમેન અને વાઈસ ચેરમેન પદ માટેના પ્રબળ દાવેદારો અંગે સંમતિ ન સધાતા આ ચૂંટણી યોજાઈ હતી.

> ,,
> **માત્ર બે તાલુકાની ચૂંટણીમાં શામ-દામ-દંડ-ભેદની નિતી જોવા મળી**

આ ચૂંટણીના પરિણામે ભાજપની મેન્ડેન્ટ પ્રથા સામે સવાલો ઉભા કર્યા છે. ઈફકોની ચૂંટણીથી લઈને રાજ્યભરમાં આવતી સહકારી વિભાગની ચૂંટણીઓમાં મેન્ડેન્ટ પ્રથા સામે વિરોધ થયો છે. જે લોકો પાસે મતદાર છે તેને પદ મળતું નથી અને અન્યને પાર્ટી ચૂંટણી લડાવા ઈચ્છે છે જેથી આ સમસ્યા સર્જાય છે.

પ્રતિષ્ઠાના જંગ સમાન બનેલી બે સીટો પર મેન્ડેન્ટ વિરોધી પરિણામ આવતા જિલ્લા ભાજપ સમસમી ગયું છે અને આ અંગે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવાની પણ તૈયારી દર્શાવી છે. પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણીએ પણ પોતાની જીત માટે મુખ્યમંત્રી સુધી લોબીંગ કર્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે ત્યારે તેની હારને કારણે પ્રદેશ કક્ષા સુધી ફરિયાદોનો ધોધ શરૂ થયો છે. પરિણામ તો આવી ગયું છે ત્યારે હવે આ જુથવાદ ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણીને કેટલો અસર કરે છે તે જોવાનું મહત્વ પૂર્ણ રહેશે.





### રાજકોટના નવા રિંગ રોડ ઉપર નિર્માણાધીન બ્રિજમાં લાપરવાહી સામે RMCની મોટી કાર્યવાહી

# બ્રિજમાં બેદરકારી સામે કમિશનરની લાલ આંખ બે ઈજનેર સસ્પેન્ડઃ બે અધિકારીઓને કારણદર્શક નોટિસ

## નબળી ગુણવત્તા અને કામમાં વિલંબ થયો હતો, બેકબોન કન્સ્ટ્રકશન કંપનીને પણ નોટિસ અપાઈ

**સિટી ન્યૂઝ@રાજકોટ**


રાજકોટ શહેરના નવા રિંગરોડ ઉપર નિર્માણાધીન બ્રિજની કામગીરીમાં બેદરકારી મામલે મનપાએ મોટી કાર્યવાહી કરી છે. બે ઈજનેરને સસ્પેન્ડ કરાયા છે. જ્યારે ડેપ્યુટી કમિશનર અને સિટી ઈજનેરને મ્યુ. કમિશનરે કારણદર્શક નોટિસ ફટકારી છે. નાયબ ઈજનેર વી.સી.કારીયા અને આસી.ઈજનેર વિશાલ વાગડીયા નામનાં ઈજનેરોને સસ્પેન્ડ કરાયા છે. આ ઉપરાંત, ડેપ્યુટી કમિશનર ચેતન નંદાણી અને સિટી ઈજનેર કુંતેશ મહેતાને પણ કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે.

નવા રિંગરોડ ઉપર કટારીયા ચોકડી પાસે અલગ અલગ ત્રણ નાના બ્રિજ ૪૦ કરોડના અંદાજિત ખર્ચથી તૈયાર થઈ રહ્યા છે. જેમાં કામમાં બેદરકારી, બ્રિજના કામમાં ક્ષતિઓ સહિતના મામલે કાર્યવાહી કરવામાં આવી છે. ગંભીર બેદરકારી ખુલ્લી પડતાં મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ કડક કાર્યવાહીના આદેશ આપ્યા છે. અયોગ્ય એલાઇનમેન્ટ, નબળી ગુણવત્તા અને કામમાં ભારે વિલંબ થયો હતો. બેકબોન કન્સ્ટ્રક્શન કંપનીને પણ નોટિસ અપાઈ છે.રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ ૧૫૦ ફૂટ રિંગ રોડ પર મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલા નિર્માણાધીન ત્રણ બ્રિજના કામોની રૂબરૂ સ્થળ મુલાકાત લીધી હતી. કમિશનરે બ્રિજની કામગીરીની પ્રગતિ, નિર્માણની ગુણવત્તા, સ્થળ પર ઉપલબ્ધ મેન પાવર, સાઈટ મોનિટરિંગ અને પ્રોજેક્ટ પૂર્ણ કરવાની સમયમર્યાદા અંગે ખૂબ જ ઝીણવટભરી અને વિગતવાર સમીક્ષા કરી હતી. આ ત્રણ બ્રિજ (BR-૨, BR-૩ અને BR-૪)ના વાઈડનિંગ કામગીરીની ચકાસણી દરમિયાન પ્રાથમિક દ્રષ્ટિએ જ વર્કમેનશીપનો સ્પષ્ટ અભાવ જોવા મળ્યો હતો. જેમાં કામગીરીની નબળી ગુણવત્તા અને સ્થળ ઉપર જોવા મળેલી ક્ષતિઓને ગંભીરતાથી લઈને મનપા કમિશનરે તાત્કાલિક અસરથી પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટને સમગ્ર કામગીરીનો ટેકનિકલ સર્વે કરીને વિગતવાર રિપોર્ટ રજૂ કરવા આદેશ આપ્યો હતો.

PMU દ્વારા આ ત્રણેય બ્રિજ પ્રોજેક્ટનો સર્વે કરવામાં આવ્યો હતો. આ સર્વે રિપોર્ટમાં કામગીરી દરમિયાન થયેલી ગંભીર ભૂલો, ખામીઓ અને ટેકનિકલ ક્ષતિઓ ખુલ્લી પડી હતી. રિપોર્ટમાં સ્પષ્ટપણે ફલિત થયું હતું કે, આ કામગીરીમાં નિર્ધારિત માપદંડો જળવાયા નથી અને પ્રોજેક્ટની કામગીરીમાં ગંભીર પ્રકારની બેદરકારી અને શિથિલતા દાખવવામાં આવી છે.

સર્વે રિપોર્ટના આધારે મ્યુનિસિપલ કમિશનરે તાત્કાલિક કડક પગલાં ભરતા વોર્ડ નં. ૯ના નાયબ કાર્યપાલક ઈજનેર વિજય સી. કારીયા અને આસિસ્ટન્ટ એન્જિનિયર વિશાલ એમ. વાગડીયાને ફરજ પરથી સસ્પેન્ડ કરવાનો આદેશ કર્યો છે. બંને ઈજનેરોને ત્રણેય બ્રિજના વાઈડનિંગની કામગીરીનું સુપરવિઝન, મોનિટરિંગ અને દેખરેખ રાખવાની જવાબદારી સોંપાઈ હતી. પરંતુ તેઓની કામગીરીમાં વર્કમેનશીપનો અભાવ, ફરજ પ્રત્યેની ગંભીર બેદરકારી, શિથિલતા અને નિષ્કાળજી સ્પષ્ટપણે સાબિત થતાં આ સસ્પેન્શનનો આદેશ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત પ્રોજેક્ટના સુપરવિઝન અને વહીવટી દેખરેખમાં નિષ્કાળજી બદલ વેસ્ટ ઝોનના નાયબ મ્યુનિસિપલ કમિશનર ચેતન નંદાણી અને સિટી એન્જિનિયર કુંતેશ મહેતાને પણ કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે.

## સસ્પેન્ડ ઈજનેર



વિજય કારિયા



વિશાલ વાગડીયા



## કામોની ગુણવત્તામાં કોઈ પણ જાતનું સમાધાન ચલાવી લેવાશે નહીં

મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ જણાવ્યું હતું કે, પ્રજાના નાણાંથી તૈયાર થતાં પ્રજાલક્ષી પ્રોજેક્ટ્સ અને શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામોની ગુણવત્તામાં કોઈ પણ જાતનું સમાધાન ચલાવી લેવાશે નહીં. દરેક પ્રોજેક્ટ નિયત સમયમર્યાદામાં અને યોગ્ય ગુણવત્તા સાથે પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા માટે આગામી સમયમાં મ્યુનિસિપલ કમિશનરની સીધી દેખરેખ હેઠળ દરેક પ્રોજેક્ટનું ઝીણવટભર્યું મોનિટરિંગ કરાશે. હાલ બંને ઈજનેરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. હવે આખા મામલાની વિજીલન્સ તપાસ કરાશે. ત્યારબાદ જે કોઈની બેદરકરી સામે આવશે તેની સામે નિયમ મુજબ કડક પગલાં લેવામાં આવશે.




### ચેરમેનની રેસમાં મજબૂત; ઢાંકેચાના સમર્થનમાં ડિરેક્ટરોનું ગણિત મંડાશે

# રા.લો. સંઘમાં ફરી 'નીતિન ઢાંકેચાના યુગ'ના એંધાણ!

- પાર્ટી ઢાંકેચાને ન બેસાડે તો બાબુ નસીતનું નામ પણ ચર્ચામાં
- મોટાભાગના ડિરેક્ટરનું સમર્થન ઢાંકેચાને હોવાની ચર્ચા
- ચેરમેન–વાઈસ ચેરમેન માટે પણ સેન્સ–મેન્ડેટ પ્રક્રિયા થવાના સંકેત

## બળવા બાદ હવે ચેરમેન–વાઈસચેરમેન કોણ બનશે સહકારી આગેવાનોની ચર્ચા શરૂ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ લોધિકા ખરીદ વેચાણ સંઘની ચૂંટણી બાદ હવે ચેરમેન અને વાઈસ ચેરમેન પદને લઈને સહકારી ક્ષેત્રમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ચૂંટણીના પરિણામો બાદ નીતિન ઢાંકેચા ફરી એક વખત સંઘના ચેરમેન પદની રેસમાં મજબૂત દાવેદાર તરીકે ઉભરી આવ્યા હોવાની ચર્ચા છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મોટાભાગના ડિરેક્ટરોનું સમર્થન નીતિન ઢાંકેચાને મળી રહ્યું હોવાના સંકેતો મળી રહ્યા છે.

રાજકોટ લોધિકા સંઘમાં વ્યક્તિગત બેઠક સહિત કુલ ૧૬ ડિરેક્ટરો, રાજકોટ જિલ્લા બેન્કના એક પ્રતિનિધિ અને ત્રણ સરકાર નિયુક્ત ડિરેક્ટરો મળી કુલ ૨૦ સભ્યોનું બોર્ડ રચાય છે. આવી સ્થિતિમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી પહેલાં ડિરેક્ટરોનું સમર્થન નિર્ણાયક બની શકે છે.

ખાસ વાત એ છે કે રાજકોટ જિલ્લા બેન્કના ચેરમેન તરીકે જયેશ રાદડિયા યથાવત્ છે. જેના કારણે જિલ્લા બેન્કના પ્રતિનિધિનું સમર્થન પણ નીતિન ઢાંકેચાને મળે તેવી પૂરેપૂરી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જો આ સમીકરણો વાસ્તવિકતામાં પરિવર્તિત થાય તો રાજકોટ લોધિકા સંઘમાં નીતિન ઢાંકેચાના ફરીથી પ્રભાવશાળી બનવાના સંકેત તરીકે તેને જોવામાં આવી રહ્યું છે. તાજેતરની ચૂંટણીમાં મેન્ડેટ અને બળવાના મુદ્દે



સર્જાયેલા રાજકીય ઘમાસાણ બાદ હવે ચેરમેન-વાઈસ ચેરમેનની ચૂંટણી વધુ રસપ્રદ બની છે. ભાજપ દ્વારા બંને પદ માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવે અને ત્યારબાદ મેન્ડેટ જાહેર કરવામાં આવે તેવી શક્યતા પણ વ્યક્ત થઈ રહી છે. જોકે અંતિમ નિર્ણય ભાજપના સંગઠન સ્તરે થવાનો રહેશે.


આ સમગ્ર ઘટનાક્રમમાં જયેશ રાદડિયાની સહકારી ક્ષેત્રે પકડ ફરી એક વખત ચર્ચામાં આવી છે. રાજકોટ જિલ્લા બેન્ક બાદ લોધિકા સંઘના સમીકરણોમાં પણ તેમનું જૂથ નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે તેવી ચર્ચા સહકારી વર્તુળોમાં ચાલી રહી છે.

રાજકોટ લોધિકા સંઘની ચૂંટણી માત્ર એક સંસ્થાની ચૂંટણી પૂરતી મર્યાદિત નથી. આગામી સમયમાં રાજકોટ ડેરી, રાજકોટ જિલ્લા બેન્ક અને રાજકોટ બેડી માર્કેટિંગ યાર્ડ સહિતની મહત્વની સહકારી સંસ્થાઓની ચૂંટણીઓ યોજાવાની છે.

૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પહેલાં સૌરાષ્ટ્રના રાજકીય એપી સેન્ટર ગણાતા રાજકોટ જિલ્લામાં સહકારી સંસ્થાઓ પર પ્રભુત્વ જાળવવું રાજકીય રીતે પણ મહત્વનું બની શકે છે. જેના કારણે લોધિકા સંઘના ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણીને આગામી સહકારી રાજકારણની દિશા નક્કી કરનારી કડી તરીકે જોવામાં આવી રહી છે.

હવે જોવાનું એ રહેશે કે ભાજપ સેન્સ-મેન્ડેટની પ્રક્રિયા દ્વારા કોના નામ પર મહોર મારે છે અને બોર્ડના ડિરેક્ટરોનું સમર્થન અંતે કોના પક્ષે જાય છે. પરંતુ હાલના સમીકરણો જોતા રાજકોટ લોધિકા સંઘમાં ફરી એક વખત નીતિન ઢાંકેચા યુગના વળતરના સંકેતો સ્પષ્ટપણે જોવા મળી રહ્યા છે.







## ફોટા જોઈને લલચાશો નહીં; ફોટા મોડલના પછી ઠગાઈનો ખેલ

# 'Available in Rajkot' અને 'Professional Service'ની લાલચથી 50% એડવાન્સ પડાવવાનો 'ખેલ'



## ફેસબૂક ઉપર મોડેલના ફોટા પાછળ મસમોટી ગેંગ સક્રિય : યુવાનોએ BOOK બટન દબાવ્યું એટલે છેતરપિંડી ફાઈનલ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં સોશિયલ મીડિયા પર આકર્ષક યુવતીઓના ફોટા અને Available in Rajkot', 'Professional Service', 'Message for Details' જેવા દાવા સાથેની પોસ્ટ દ્વારા લોકોને લલચાવી ઓનલાઈન પૈસા પડાવવાનો કથિત ખેલ સામે આવ્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. ઉપલબ્ધ સ્ક્રીનશોટમાં રાજકોટ ઉપરાંત મોરબી, વડોદરા અને મુંબઈ જેવા શહેરોના નામ સાથે આવી પોસ્ટ્સ જોવા મળે છે.

આ પ્રકારની પોસ્ટમાં સંપર્ક કરવા માટે મેસેજ કરવાની અપીલ કરવામાં આવે છે. ત્યારબાદ કથિત રીતે વાતચીત કરીને વ્યક્તિ પાસેથી બુકિંગ કે સર્વિસના નામે ૫૦% રકમ ઓનલાઈન મોકલાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. પેમેન્ટ થઈ ગયા બાદ સામેની વ્યક્તિ સંપર્કમાં ન રહે અથવા વધુ રકમની માગણી કરે તો ગ્રાહક છેતરપિંડીનો ભોગ બની શકે છે. આવા કિસ્સામાં સોશિયલ મીડિયા પર એક યુવતીનો ફોટો ઉપયોગમાં લેવાતો હોવા છતાં પાછળ અન્ય લોકોનું નેટવર્ક કામ કરતું હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, કોઈ ચોક્કસ વ્યક્તિ કે ગેંગ સંડોવાયેલી હોવાનો દાવો સત્તાવાર પોલીસ તપાસ વિના કરવો યોગ્ય નથી.



રાજકોટમાં સાયબર ફ્રોડના વિવિધ કેસોમાં પોલીસ ડિજિટલ ટ્રેલ, બેન્ક એકાઉન્ટ, મોબાઈલ નંબર અને સોશિયલ મીડિયા એકાઉન્ટની તપાસ કરી રહી છે. તાજેતરમાં રાજકોટ ગ્રામ્ય સાયબર પોલીસે પણ ઓનલાઈન છેતરપિંડીના કેસોમાં ઈલેક્ટ્રોનિક ટ્રેલ અને મ્યુલ એકાઉન્ટની તપાસ શરૂ કરી છે.

સોશિયલ મીડિયા પર અજાણી વ્યક્તિ દ્વારા કરાયેલા આવા દાવાઓની સત્યતા ચકાસ્યા વિના એડવાન્સ પેમેન્ટ ન કરવું, વ્યક્તિગત માહિતી કે દસ્તાવેજો શેર ન કરવા અને શંકાસ્પદ એકાઉન્ટને રિપોર્ટ કરવું જરૂરી છે. ઓનલાઈન છેતરપિંડી થાય તો તરત બેન્ક અને સાયબર ક્રાઇમ હેલ્પલાઇન ૧૯૩૦ પર જાણ કરવી જોઈએ.

### ફરિયાદીઓને પાર્કિંગ સુવિધા આપી નહીં એ જ પાર્કિંગ અન્ય યુનિટ ધારકોને અઢી લાખ લઈ વેંચી દેવાયું હતું

# આર.કે. ગ્રુપને RERAનો સકંજો

## કાયદાભંગ બદલ ગેરકાયદે બાંધકામ દૂર કરવા RMCને આદેશ

### બિલ્ડિંગના મિલકતધારકો રેરામાં ત્રણ અલગ ફરિયાદો કરી હતી કોમર્શિયલ પરવાનગી લીધા વગર જ બિલ્ડરે 8 માળનું કોમ્પ્લેક્સ બનાવી દીધું




**સિટી ન્યૂઝ@રાજકોટ**

બિલ્ડીંગના મિલકતધારકો ચંદ્રેશભાઈ કપુપરા, નયનાબેન બલદાણીયા અને હર્ષાબેન માથુકીયાએ રેરામાં ત્રણ અલગ ફરિયાદો કરી હતી કે, રહેણાંક પ્લોટનું કલેક્ટર પાસેથી રિવાઈઝ્ડ બિનખેતી (કોમર્શિયલ) પરવાનગી લીધા વગર જ બિલ્ડરે ૮ માળનું કોમ્પ્લેક્સ બનાવી દીધું છે. ફરિયાદીઓને પાર્કિંગ સુવિધા આપી ન હતી અને એ જ પાર્કિંગ અન્ય યુનિટ ધારકોને રૂ. અઢી લાખ લઈ વેચી દેવાયું હતું. બ્રોશરમાં ટેરેસ પર ટુ-વ્હીલર પાર્કિંગ અને વ્હીક્યુલર લિફ્ટ બતાવી હતી, પરંતુ પ્રત્યક્ષમાં કંઈ આપ્યું નથી. મંજૂર પ્લાનમાં ફરજિયાત દિવ્યાંગ ટોયલેટને રોડ સાઈડના જુડિયો શો-રૂમમાં મર્જ કરી દેવાયું અને પાર્કિંગ તથા ટેરેસમાં પ્લાન વિરુદ્ધ ગેરકાયદે બાંધકામ કરાયું છે. બંને પક્ષોને સાંભળી રેરાએ ઠરાવ્યું કે, દસ્તાવેજમાં પાર્કિંગ ચાર્જ ભરનારને જ પાર્કિંગ ફાળવ્યું છે અને બાકીનાને મળશે નહીં તેવું જાહેર કરવું એ સુપ્રીમ કોર્ટના ચુકાદા વિરુદ્ધ છે. આથી પાર્કિંગ વેચાણ બદલ ખાસ સચિવ, રેરાએ સુઓમોટો કાર્યવાહી કરવા આદેશ કર્યો છે. વધુમાં ટેરેસ પાર્કિંગ કાઢી નાખ્યાનો જે પ્લાન રજૂ કરાયો છે, તેમાં મ્યુ. કોર્પો.ના અધિકારીની સહી-સિક્કો કે મંજૂરી નંબર નથી, તેથી તે માન્ય નથી. આ ગેરકાયદે બાંધકામ અંગે આરએમસીને જરૂરી કાર્યવાહી કરવા હુકમની નકલ મોકલવા આદેશ કરાયો છે. ઓછી કેપેસિટીની લિફ્ટ મુકવા બદલ વળતર માટે એડજ્યુડિકેટિંગ ઓફિસર સમક્ષ જવા ફરિયાદીઓને અધિકૃત કરાયા છે. ગુજરાતમાં બિલ્ડરો પાર્કિંગ વેચવાને અધિકાર સમજે છે, ત્યારે પ્રથમ વખત આર.કે. ગ્રુપ સામે આવો આદેશ થયો છે. હવે ત્રણેય ફરિયાદીઓએ ખાસ સચિવ, એડજ્યુડિકેટિંગ ઓફિસર અને ગુડામાં કાર્યવાહી શરૂ કરી છે. ફરિયાદી પક્ષે એડવોકેટ વિકાસ શેઠ, અલ્પા શેઠ, કેતન પરમાર, સિરાજ ઘાંચી અને માર્શલ રાઠોડ રોકાયા હતા.

## ચૂંટણી જીત્યા પછી નેતાઓ દેખાતા નથી : મતદારોમાં રોષ

# સ્માર્ટ સિટી ચોપડામાં; રાજકોટ હકિકત ‘કચરાનગરી’!

### વોર્ડ નં. 17 માં વિકાસના પોકળ દાવાઓ વચ્ચે માત્ર ગંદકી અને કીચડનું સામ્રાજટ

### ફોટો કહે છે આ છે આપણું રંગીલું નહીં અસલી રાજકોટ !



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં ચૂંટણી સમયે ગલીએ-ગલીએ ફરીને બે હાથ જોડી મતોની ભીખ માંગતા નેતાઓ હવે ચૂંટાયા બાદ જાણે જાદુઈ રીતે ગાયબ થઈ ગયા હોય તેવો ઘાટ ઘડાયો છે. ચૂંટણી પહેલા સ્વચ્છ, સુંદર અને સુવિધાયુક્ત શહેરના જે મોટા-મોટા સપનાઓ નાગરિકોને બતાવવામાં આવ્યા હતા, તે તમામ દાવાઓ આજે શહેરના રસ્તાઓ પર પડેલા કચરાના ઢગલાઓએ પોકળ સાબિત કરી દીધા છે. દ્રશ્યો જોતા સ્પષ્ટ થાય છે કે નેતાઓને માત્ર પોતાની રાજકીય ખુરશી અને નેતાગીરીમાં જ રસ છે, પરંતુ જે મતદારોએ તેમને ચૂંટીને સત્તા પર બેસાડ્યા તેમના કલ્યાણ કે પ્રાથમિક સુવિધાઓ આપવામાં તેમને કોઈ જ રસ નથી.

રાજકોટ મહાનગરપાલિકા (RMC) એક તરફ એવા બણગાં ફૂંકે છે કે વરસાદ બાદ તૂટેલા રસ્તાઓનું રિપેરિંગ, ગંદકીની સફાઈ અને વરસાદી પાણીના ખાબોચિયા ઉલેચીને ત્યાં મચ્છરનાશક દવાનો છંટકાવ પૂરજોશમાં ચાલી રહ્યો છે. પરંતુ, તંત્રના આ તમામ પોકળ દાવાઓ અને કાગળ પર ચાલતી કામગીરીનો સજ્જડ પર્દાફાશ રાજકોટના વોર્ડ નં. ૧૭માં થયો છે. આ વિસ્તારમાં વિકાસ માત્ર ફાઈલોમાં જ થયો હોય તેવી દયનીય સ્થિતિ સર્જાઈ છે.

સિટી ન્યૂઝની ટીમે જ્યારે શહેરની જનતાની આ પીડાને વાચા આપવા માટે એક મુહીમ શરૂ કરી અને વોર્ડ નં. ૧૭ ના વિવિધ વિસ્તારોની રૂબરૂ મુલાકાત લીધી, ત્યારે ત્યાંની ભયાવહ વાસ્તવિકતા સામે આવી. આ વોર્ડમાં આવેલી મોટાભાગની સુચિત સોસાયટીઓ અને ઘણા સ્લમ વિસ્તારોમાં ના તો પાકા રસ્તાની કોઈ સુવિધા છે કે ના તો ગંદા પાણીના નિકાલ માટે કોઈ ડ્રેનેજ લાઈનની વ્યવસ્થા. વિસ્તારમાં ચારેબાજુ રસ્તાઓ પર માત્ર કીચડ અને ગંદકીનું ’રબડી રાજ’ જોવા મળી રહ્યું છે.

ગંદકીના ઢગલાનો કોઈ પાર નથી અને સ્થાનિક રહીશો દુર્ગંધ વચ્ચે શ્વાસ લેવા મજબૂર બન્યા છે. કચરા અને કીચડના કારણે ભયંકર રોગચાળો ફાટી નીકળવાની પૂરેપૂરી દહેશત હોવા છતાં સ્થાનિક કોર્પોરેટરો અહીં ફરકવાની તસ્દી સુદ્ધાં લેતા નથી. હવે જોવાનું એ રહે છે કે એરકન્ડિશન્ડ ચેમ્બરમાં બેઠેલા નેતાઓ અને મનપાના અધિકારીઓની ઊંઘ ક્યારે ઊડે છે અને વોર્ડ નં. ૧૭ ની જનતાને આ નર્ક સમાન યાતનાઓમાંથી ક્યારે મુક્તિ મળે છે?






### બિલ પર ચર્ચા : પોલીસ કે અન્ય સ્થાનિક ઓથોરિટી આવીને બંધ નહીં કરાવી શકે

# ગુજરાતમાં 24 કલાક દુકાનો હોટલ ખુલ્લા રાખી શકાશે

## સ્વચ્છતા, ટ્રાફિક અને સલામતીની ચોકસાઈ રાખવાની રહેશે



**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાતમાં દુકાનો, મોલ, રેસ્ટોરન્ટ, હોટલ, કાફે, ગેરેજ, શોરૂમ સહિતના વ્યાવસાયિક એકમો હવે ૨૪ કલાક ખુલ્લા રાખી શકાશે. ગુમાસ્તા ધારા સુધારા વિધેયકમાં આ મહત્વપૂર્ણ જોગવાઈ કરવામાં આવી છે. પોલીસ કે અન્ય સ્થાનિક ઓથોરિટી આવીને આવા એકમોને મનસ્વી રીતે બંધ કરાવી શકશે નહીં. જોકે સંચાલકોએ પોતાના એકમની આસપાસ સ્વચ્છતા, ટ્રાફિક વ્યવસ્થા અને સલામતી અંગે જરૂરી તકેદારી રાખવી પડશે.અત્યાર સુધી મહાનગરપાલિકા વિસ્તારો, હોસ્પિટલો, નેશનલ હાઈવે, રેલવે સ્ટેશન, પેટ્રોલપંપ અને બસ સ્ટેશન વિસ્તારોમાં જ ૨૪ કલાક દુકાનો ચાલુ રાખવાની છૂટ હતી. નગરપાલિકા અને રાજ્ય ધોરીમાર્ગ પરના એકમો માટે રાત્રે ૨થી સવારે ૬ વાગ્યા સુધી, જ્યારે અન્ય વિસ્તારોમાં રાત્રે ૧૧થી સવારે ૬ વાગ્યા સુધી દુકાનો બંધ રાખવાની જોગવાઈ હતી. સુધારા બાદ આ સમયમર્યાદા દૂર કરવામાં આવશે અને રાજ્યભરમાં વધુ વ્યાવસાયિક એકમોને રાત્રિ દરમિયાન પણ વ્યવસાય કરવાની તક મળશે.

### કામદારોના હકો યથાવત્

દુકાનો અને વ્યાવસાયિક એકમોને ૨૪ કલાક ખુલ્લા રાખવાની છૂટ આપવામાં આવશે, પરંતુ કામદારોના હકો સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં. કામદારોની રજા, કામના કલાકો, વેતન અને સુરક્ષા સંબંધિત કાયદેસરની જોગવાઈઓ યથાવત્ રહેશે. સંચાલકોએ કામદારોને નિયમ મુજબ આરામ અને રજાની સુવિધા આપવી પડશે તેમજ કાર્યસ્થળે સલામતીના ધોરણોનું પાલન કરવું પડશે.

### નોંધણી પ્રક્રિયામાં સરળતા

## દુકાનોની નોંધણી હવે સેલ્ફ ડેકલેરેશન થશે

### ઈન્સપેક્ટર રાજ ખતમ

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુમાસ્તા ધારામાં નોંધણી પ્રક્રિયાને વધુ સરળ અને પારદર્શક બનાવવાની જોગવાઈ કરવામાં આવી છે. હવે દુકાન કે વ્યાવસાયિક એકમની નોંધણી માટે સેલ્ફ ડેકલેરેશન અને સેલ્ફ સર્ટિફાઇડ દસ્તાવેજોના આધારે અરજી કરી શકાશે. અરજદાર દ્વારા રજૂ કરવામાં આવેલા દસ્તાવેજોના આધારે પ્રક્રિયા આગળ વધારવામાં આવશે.નોંધણીની અરજીની ચકાસણીમાં ઈન્સ્પેક્ટરની ભૂમિકા દૂર કરવામાં આવી છે. આથી વેપારીઓને કચેરીઓના અનાવશ્યક ધક્કા અને વિલંબમાંથી રાહત મળવાની શક્યતા છે. સરકારનો હેતુ વ્યવસાય શરૂ કરવાની પ્રક્રિયાને ઝડપી, સરળ અને ઓછા માનવીય હસ્તક્ષેપવાળી બનાવવાનો છે.આ સત્ર દરમિયાન ગુમાસ્તા ધારા સુધારા વિધેયક સહિત કુલ ૯ બિલ અંગે ચર્ચા કરવામાં આવશે.

### મેયરે ગોઠવ્યો ‘અંકુશ’; એડવાઈઝરી કમિટીની સ્ટેન્ડિંગમાં દરખાસ્ત, જનરલ બોર્ડમાં ફાઈનલ કરાશે

# મનપામાં ટેન્ડરમાં ‘રમત’ નહીં ચાલે હવે કમિશનરની દરખાસ્તનું પણ થશે ‘પોસ્ટમોર્ટમ’

### કમિશનર કહે એટલે ફાઈનલ નહીં, દરેક ટેન્ડરનું સ્ટેન્ડિંગની એડવાઈઝરી કમિટી કરશે સ્કેનિંગ




**દરેક ટેન્ડરની અંતિમ સત્તા સ્ટેન્ડિંગ કમિટીના હાથમાં**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં વિકાસ કામો અને ટેન્ડર પ્રક્રિયાને વધુ પારદર્શક અને વ્યવસ્થિત બનાવવા શાસકોએ મહત્વનો નિર્ણય લીધો છે. મનપાના ઈતિહાસમાં પહેલીવાર ટેન્ડર અને વિકાસ કામોની દરખાસ્તોના અભ્યાસ માટે એડવાઈઝરી કમિટી બનાવવાનો નિર્ણય લેવાયો છે. આ દરખાસ્ત હવે જનરલ બોર્ડ સમક્ષ મૂકવામાં આવશે.

હાલ મનપામાં ગ્રાન્ટ આધારિત વિકાસ કામો તેમજ તે કામો માટેના ટેન્ડરની પ્રક્રિયા માટે કમિશનર દ્વારા Tender Evaluation Committee (TEC)ની રચના કરવામાં આવી છે. આ ઉપરાંત વિકાસ કામોના મોનિટરિંગ માટે Project Monitoring Unit (PMU) કાર્યરત છે, જેમાં આશરે ૩૫ કર્મચારીઓનો સ્ટાફ છે. TECમાં ચીફ એકાઉન્ટન્ટ સહિતના વિવિધ શાખાધિકારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

TEC અને PMU બંને કમિશનરને રિપોર્ટિંગ કરે છે અને ત્યારબાદ જરૂરી દરખાસ્ત તૈયાર કરીને સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવે છે. જોકે, સ્ટેન્ડિંગ કમિટી પાસે દરેક ટેન્ડરની ટેકનિકલ અને નાણાકીય વિગતોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા માટે પૂરતો સમય મળતો ન હોવાની ચર્ચા વચ્ચે નવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

એડવાઈઝરી કમિટીનું મુખ્ય કામ TEC અને PMU દ્વારા તૈયાર થતી દરખાસ્તોનો વિગતવાર અભ્યાસ કરવાનું રહેશે. કમિટી રાજ્ય સરકારના નિયમો, અન્ય મહાનગરપાલિકાઓમાં થયેલા સમાન વિકાસ કામો, ટેન્ડરના ભાવ, ઉપલબ્ધ ગ્રાન્ટ અને સમગ્ર દરખાસ્તની નાણાકીય તથા વ્યવહારિક યોગ્યતા ચકાસશે.

આ અભ્યાસ બાદ કમિટી પોતાનો રિપોર્ટ અને સૂચનો સ્ટેન્ડિંગ કમિટી તેમજ મેયર સમક્ષ રજૂ કરશે. એટલે હવે માત્ર કમિશનર અને અધિકારીઓની ભલામણના આધારે ટેન્ડરને અંતિમ મંજૂરી નહીં મળે, પરંતુ સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ પહોંચતા પહેલાં દરખાસ્તનું વધુ એક સ્તરે રિવ્યૂ થશે.

નવી વ્યવસ્થાથી ટેન્ડરમાં ઊંચા ભાવ દર્શાવવામાં આવ્યા હોય અથવા દરખાસ્તમાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો તે બાબતો પણ એડવાઈઝરી કમિટીના અભ્યાસ દરમિયાન સામે આવવાની શક્યતા છે. કમિટી જરૂરી વિગતો અને તુલનાત્મક માહિતી સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મૂકશે, ત્યારબાદ જ અંતિમ નિર્ણય લેવામાં આવશે.

આ નિર્ણયથી સ્ટેન્ડિંગ કમિટીને નિર્ણય લેતા પહેલાં ૩૬૦ ડિગ્રી માહિતી મળી શકશે, જ્યારે ટેન્ડર પ્રક્રિયામાં સંભવિત ગેરરીતિ કે ઊંચા ભાવે કામ મંજૂર કરાવવાના પ્રયાસો પર અંકુશ આવે તેવી અપેક્ષા છે. એડવાઈઝરી કમિટી બન્યા બાદ કમિશનર સ્તરે તૈયાર થયેલી દરખાસ્તને અંતિમ ગણવામાં નહીં આવે. એડવાઈઝરી કમિટી તેના પર રિવ્યૂ કરીને સ્ટેન્ડિંગ કમિટીને સૂચનો આપશે અને ત્યારબાદ ટેન્ડરને મંજૂરી આપવાનો અંતિમ અધિકાર સ્ટેન્ડિંગ કમિટી પાસે જ રહેશે. રાજકોટ મનપામાં આ નવી વ્યવસ્થા અમલમાં આવે તો ટેન્ડર પ્રક્રિયામાં ચકાસણીનું વધુ એક સ્તર ઉમેરાશે અને શાસકોના જણાવ્યા મુજબ પારદર્શિતા તથા જવાબદારી વધારવાનો માર્ગ મોકળો થશે.

### ખંડણીના ચર્ચાસ્પદ મામલામાં સંડોવાયેલી

# સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયાના જામીન નામંજૂર

## કિર્તી પટેલ સાથે મળીને એક મકાન માલિકને નિશાન બનાવી તેની પાસેથી 12 લાખ રૂપિયાની ખંડણી વસૂલી હતી



**સિટી ન્યૂઝ@અમદાવાદ**

સુરતમાં ખંડણીના ચર્ચાસ્પદ મામલામાં સંડોવાયેલી અને સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેબલની મુશ્કેલીઓમાં વધારો થયો છે. મકાન માલિક પાસેથી લાખો રૂપિયાની ખંડણી વસૂલવાના કેસમાં અગાઉ પોલીસ વિભાગમાંથી સસ્પેન્ડ થઈ ચૂકેલી મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયાની મુશ્કેલીઓ વધી ગઈ છે. સુરતની કોર્ટે નયના બારૈયાના આગોતરા જામીન નામંજૂર કર્યા છે.

> પોલીસે કિર્તી પટેલની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધી છે

પ્રાપ્ત વિગતો અનુસાર, નયના બારૈયા ભાવનગરની એક મહિલા સરપંચના પતિ સાથે લીવ-ઈન રિલેશનશિપમાં રહેતી હતી. પુણા પોલીસ મથકમાં નોંધાયેલા ગુના મુજબ, નયના બારૈયા અને વિવાદિત સોશિયલ મીડિયા સ્ટાર કીર્તિ પટેલે સાથે મળીને એક મકાન માલિકને નિશાન બનાવ્યો હતો અને તેની પાસેથી ૧૨ લાખ રૂપિયાની ખંડણી વસૂલી હતી. આ ગંભીર ગુનો નોંધાતા જ પોલીસે કતલ અને કાયદાકીય શિખર સર કરતા કીર્તિ પટેલની ધરપકડ કરી તેને જેલના સળિયા પાછળ મોકલી આપી હતી. પોલીસ પકડથી બચવા અને ધરપકડ ટાળવા માટે નયના બારૈયા દ્વારા સુરતની કોર્ટમાં આગોતરા જામીન મેળવવા માટે અરજી દાખલ કરવામાં આવી હતી.

આ મામલે કોર્ટમાં સુનાવણી દરમિયાન સરકારી વકીલ દ્વારા આરોપી નયના બારૈયાની અરજીનો સખત વિરોધ કરવામાં આવ્યો હતો. બંને પક્ષોની વિસ્તૃત દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આ કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને નયના બારૈયાના આગોતરા જામીન ફગાવી દીધા છે.



**પોલીસ પકડથી બચવા અને ધરપકડ ટાળવા માટે કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી જે કોર્ટે ફગાવી દીધી હતી**

### સટ્ટા બેટિંગની મની નેટવર્ક પર EDની સર્જિકલ સ્ટ્રાઈક; 20 ઠેકાણે સર્ચ

# ગુજરાતમાં સટ્ટાની રકમને 'મ્યુલ એકાઉન્ટ'માં ફેરવવાનું નેટવર્ક; EDના દેશભરમાં દરોડા !

## દરોડામાં ઓનલાઈન મેચ સટ્ટાથી હવાલા સુધીનું નેટવર્ક ખુલશે ?




**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ઓનલાઈન મેચ સટ્ટાબેટિંગના નાણાકીય નેટવર્ક અને કરોડોના હવાલા સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની કાર્યવાહી શરૂ થઇ ગઇ છે. ગુજરાત સહિત રાજ્યભરમાં ૨૦ જગ્યાએ EDની ટીમે દરોડા પાડીને તપાસ શરૂ કરી છે. સટ્ટાની રકમને બેન્કિંગ સિસ્ટમ મારફતે ફેરવવાના નેટવર્ક એટલે મ્યુલ એકાઉન્ટની કારીગરી પર તપાસ ચાલી રહી છે. ઓનલાઈન મેચ સટ્ટા માટે ઉપયોગમાં લેવાતા પ્લેટફોર્મ અને તેની સાથે જોડાયેલા હવાલા અને મની-લોન્ડરિંગની તપાસના ભાગરૂપે EDએ ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે.

તપાસનો મુખ્ય ફોકસ માત્ર સટ્ટો રમાડતા અથવા રમતા લોકો પૂરતો મર્યાદિત નથી, સટ્ટાની રકમની હેરાફેરી માટે ઉપયોગમાં લેવાતા બેન્ક એકાઉન્ટ, મ્યુલ એકાઉન્ટ, મર્ચન્ટ એકાઉન્ટ, પેમેન્ટ ગેટવે અને નાણાંને એક ખાતામાંથી બીજા ખાતામાં ખસેડતા નેટવર્ક સુધી વિસ્તર્યો હોવાનું જણાયુ છે. દુનિયાના કોઇ પણ ખુણે કોઇ પણ મેચ રમાતી હોય તેના પર ગુજરાતમાં ચોક્કસ સટ્ટો રમાતો જ હોય છે. આ સટ્ટાની હારજીતના નાણાંના હવાલા પાડવામાં આવતા હોય છે. હવે ચોક્કસ તત્ત્વો દ્વારા આ રૂપિયાના મ્યુલ એકાઉન્ટ દ્વારા મલ્ટીટ્રાન્જેકશન કરાવીને યુએસીડી અથવા તો ક્રિપ્ટોમાં કન્વર્ટ કરીને વિદેશમાં બેઠેલા માફિયાઓના ખાતામાં ટ્રાન્સફર કરી દેવાતા હોય છે. ઓનલાઈન મેચ સટ્ટામાં ગ્રાહકો પાસેથી મળતી રકમ સીધી સટ્ટાબેટિંગ પ્લેટફોર્મના ખાતામાં જવાને બદલે વિવિધ મ્યુલ અને મર્ચન્ટ એકાઉન્ટમાં જમા કરવામાં આવતી હોવાની આશંકા છે. ત્યારબાદ આ રકમને અનેક ખાતાઓ અને પેમેન્ટ ચેનલ મારફતે ફેરવીને તેની કડી મળે નહિ તેવા પ્રયાસ કરવામાં આતા હોય છે. EDની તપાસમાં સટ્ટાની રકમને કેસ મેનેજમેન્ટ સિસ્ટમ અને ડોમેસ્ટીક મની ટ્રાન્સફર જેવા માધ્યમો મારફતે વિવિધ એકાઉન્ટમાં ફેરવવામાં આવી હોવાની વિગતો ખૂલી છે. જેની તપાસ કરવામાં આવી રહી છે.

ઈડી હવે આવા ખાતાઓની KYCની વિગતો, બેન્ક સ્ટેટમેન્ટ, UPI વ્યવહારો, મોબાઈલ નંબર, ડિજિટલ ડિવાઈસ તથા અન્ય નાણાકીય દસ્તાવેજોની તપાસ કરી રહી છે. આ નેટવર્કની બીજી કડી તરીકે હવાલા અને ક્રિપ્ટોકરન્સી મારફતે નાણાંની હેરફેર થઈ હોવાના આરોપો પણ તપાસ હેઠળ હોવાનું જાણવા મળે છે.

ED દ્વારા રોકડ, બેન્ક બેલેન્સ, ડિજિટલ ડિવાઇસ તથા અન્ય સંપત્તિઓ અંગે કાર્યવાહી કરવામાં આવી હોવાનું જણાયું છે. નવી કાર્યવાહી બાદ તપાસનો વ્યાપ વધુ વિસ્તરવાની શક્યતા છે. ખાસ કરીને મ્યુલ એકાઉન્ટ તરીકે ઉપયોગમાં લેવાયેલા ખાતાઓની સાંકળમાં ઉપરથી નીચે સુધી જોડાયેલા લોકોની ભૂમિકા તપાસવામાં આવશે. એક ખાતામાં સટ્ટાની રકમ આવ્યા બાદ તે કયા ખાતામાં ગઈ, ત્યારબાદ કયા પેમેન્ટ ગેટવે અથવા એજન્ટ મારફતે આગળ ખસેડાઈ અને અંતે રકમ રોકડ, હવાલા કે ક્રિપ્ટો મારફતે ક્યાં પહોંચી-આ સમગ્ર મની ટ્રેલ હવે તપાસનું કેન્દ્ર બની શકે છે.

### હાઈકોર્ટમાં વીડિયો કોન્ફરન્સથી હાજર થઈ કહ્યું મારું અપહરણ નથી થયું..

# સિંગર કિંજલ રબારીએ હાઈકોર્ટમાં કહ્યું મારે પ્રેમી અશોક સાથે રહેવું છે




**સિટી ન્યૂઝ@અમદાવાદ**

અમદાવાદના ચાંદખેડામાંથી ગાયિકા કિંજલ રબારીનું ૬ સપ્ટેમ્બરે અપહરણ થયા બાદ એક બાદ એક વળાંક આવી રહ્યા છે. પતિ મુકેશ દેસાઈની ફરિયાદ બાદ કિંજલનો એક વીડિયો સામે આવ્યો. જેમાં કિંજલે સ્વેચ્છાએ ગઈ હોવાનું અને અપહરણની વાત નકારી. ત્યારબાદ એક અરજી પણ પોલીસ કમિશનરને કરવામાં આવી. આ બધા વચ્ચે કિંજલ રબારી આજે હાઇકોર્ટમાં વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પતિ અશોક ચૌધરી સાથે હાજર થઈ હતી. જેમાં તેણે કહ્યું કે કોઈ કિડનેપ નથી થયું. મરજીથી અશોક ચૌધરી સાથે રહેવું છે. આ મામલે હાઇકોર્ટે અપહરણની ફરિયાદ સામે સ્ટે આપી પોલીસ કમિશનરને તેમના જીવનની રક્ષા માટે સરકારી વકીલ સૂચના આપે તેવું કહ્યું છે.સિંગર કિંજલ રબારીને કોર્ટે પૂછ્યું કે તમે તમારી મરજીથી રહો છો? જેમાં કિંજલે કહ્યું હા મારી મરજીથી રહું છે. કોર્ટે પૂછ્યું તમને કોઈએ કિડનેપ નથી કર્યા ને, જેના જવાબમાં કિંજલ બોલી ના કોઈએ કિડનેપ નથી કર્યા. તેના વકીલના જણાવ્યા અનુસાર કિંજલ ૨૪ વર્ષની છે અને પતિ અશોક ચૌધરી સાથે રહેવા માંગે છે.કિંજલે કહ્યું છે કે પહેલા પણ તેના માટે હેબિયસ કૉર્પસ અરજી ફાઇલ થઈ હતી, પરંતુ પરિવારના દબાણમાં પતિ અશોક ચૌધરી સાથે જવાની ના પાડીને પરિવાર સાથે રહી હતી. કોર્ટે કહ્યું છે કે બંને અરજદારોને જીવનો ખતરો છે, ત્યારે પોલીસ કમિશનરને તેમના જીવનની રક્ષા માટે સરકારી વકીલ સૂચના આપે. ચાંદખેડા પોલીસ મથકે નોંધાયેલી FIR પર આગળ કાર્યવાહી માટે હાઇકોર્ટે સ્ટે આપ્યો છે. ફરિયાદી અને પોલીસ સહિતનાને કોર્ટે ફોર્મલ નોટિસ આપી છે. આ મામલે વધુ કાર્યવાહી આગામી સમયમાં થશે.

> અપહરણની ફરિયાદ સામે સ્ટે. પોલીસ પ્રોટેકશન મળશે

## કિંજલ રબારીએ પોલીસને લખેલો પત્ર

મારી ઉંમર ૨૫ વર્ષ છે. મેં બીએસસી એમએલટીનો અભ્યાસ કર્યો છે. અભ્યાસ દરમિયાન રાધનપુર અપડાઉન કરતી હતી, ત્યારે અશોક ચૌધરીના સંપર્કમાં આવી હતી. અમારો આ પરિચય પ્રેમમાં પરિવર્તિત થયો હતો. જેથી અમે બંને જીવનભર સાથે રહેવાનો નિર્ણય કર્યો હતો અને તે નિર્ણય પ્રમાણે ૨, મે ૨૦૨૪ના રોજ હિન્દુ વિધિ મુજબ લગ્ન કર્યા હતા.લગ્ન પછી પતિ પત્નીની તરીકે સંબંધ રાખ્યા હતા અને તે પછી અમારા બંનેના કુટુંબીજનોને લગ્ન સ્વીકારવા વિનંતી કરી હતી. પરંતુ અમારા કુંટુંબવાળા ના માનતા હોવાથી ૧૦ માર્ચ ૨૦૨૬ના રોજ મારા પિતાના ઘરનો ત્યાગ કરીને હું અને અશોક સાથે પતિ પત્ની તરીકે રહેતા હતા. મારા પિયર પક્ષના લોકોએ બળજબરીથી મને છુટા પાડી ઘરે લઈ ગયા હતા. ઘરે લઈ જઈ ગોંધી રાખી અને મને ઘરની બહાર જવા દેતા નહોતા. મારો મોબાઈલ પણ લઈ લીધો હતો અને બળજબરીથી રાધનપુર કોર્ટમાં છૂટાછેડાની અરજી અપાવી હતી. મારે અશોકથી ક્યારે છૂટાછેડા લેવાના નહોતા અને બળજબરીથી કોર્ટમાં મને હાઈકોર્ટમાં જવાબ પણ અપાવ્યો હતો.મારા પરિવારે બળજબરીથી મને મુકેશ દેસાઈને સોંપી દીધી હતી તે મારી સાથે બળજબરી કરતો હતો. જેથી મોકો મળતા મારા પતિ અશોકનો સંપર્ક કરી તેને બોલાવી ૬ સપ્ટેમ્બરે મારી મરજીથી અશોક સાથે આવી છું. મારું કોઈ અપહરણ કરવામાં આવ્યું નથી કે મારી સાથે કોઈ પણ બળજબરી કરવામાં આવી નથી. તેમ છતાં મારા પરિવારના લોકો અને મુકેશ કોઈ ખોટી કાર્યવાહી કે ફરિયાદ કરે એમ હોય જેથી આપને અમારો જવાબ મોકલી આપું છું. આ સાચી હકીકત છે અને મારી સાથે થયેલા અન્યાય વિરુદ્ધ કાર્યવાહી કરવા વિનંતી છે.

# રાજકોટની ન્યૂ ફ્લોરા સ્કૂલ બંધ કરવા DEOનો આદેશ

## શિક્ષણ વિભાગની મંજૂરી વિના 2 વર્ષથી સાડીના કારખાનામાં ધમધમતી સ્કૂલને રૂ.1 લાખનો દંડ, 250 વિદ્યાર્થીઓ રઝળી પડશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના પેડક રોડ પર સ્થળ ફેરફારની મંજૂરી વિના છેલ્લા ૨ વર્ષથી સાડીના કારખાનામાં વિદ્યાર્થીઓને શિફ્ટ કરતી નાખતી ન્યૂ ફ્લોરા સ્કૂલ બંધ કરવા માટે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા આદેશ આપવામાં આવ્યો છે. આ સ્કૂલ દ્વારા RTE હેઠળ અભ્યાસ કરતી ૨ વિદ્યાર્થિની પાસે વધુ નાણા માંગવામાં આવતા હોવાના મામલા બાદ થયેલી તપાસમાં આખી સ્કૂલ જ સ્થળ ફેરફારની મંજૂરી વિના ધમધમી રહી હોવાનું સામે આવ્યું હતું. જે બાદ શિક્ષણ વિભાગ દ્વારા ૨ માસની લાંબી તપાસ પ્રક્રિયા બાદ હવે આ સ્કૂલને DEO દીક્ષિત પટેલ દ્વારા રૂ.૧ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે અને ૧૦ દિવસમાં સ્કૂલ બંધ કરવા આદેશ આપ્યો છે. જોકે સંચાલકની ગંભીર ગેરરીતિના કારણે અહીં ભણતા ધો.૧ થી ૮ ના ૨૫૦ બાળકો રઝળી પડ્યા છે. જિલ્લા શિક્ષણ અધિકારીની કાર્યવાહી સામે સંચાલક ગાંધીનગર પ્રાથમિક શિક્ષણ નિયામક સમક્ષ અપીલમાં ગયા છે અને જરૂર પડ્યે કોર્ટમાં જવાની તૈયારી બતાવી છે. હાલ તો આ સંચાલક અમારી ભૂલ થઈ ગઈ તેવું રટણ કરી રહ્યા છીએ પરંતુ હકીકત એ છે કે આ સ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓનું ભવિષ્ય દાવ પર લાગી ગયું છે.

રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલે જણાવ્યું હતું કે, શિક્ષણ વિભાગની મંજૂરી વિના સ્થળ ફેરફાર કરતી ન્યૂ ફ્લોરા સ્કૂલને રૂ.૧ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે અને આ સ્કૂલ ૧૦ દિવસમાં બંધ કરવા નોટિસ આપવામાં આવી છે. અહીં અભ્યાસ કરતા ધોરણ ૧ થી ૮ ના RTE ના ૪૦ જેટલા વિદ્યાર્થીઓને આસપાસની ખાનગી શાળાઓમાં RTE હેઠળ ટ્રાન્સફર કરવામાં આવશે. જ્યારે બાકીના વિદ્યાર્થીઓની વ્યવસ્થા શાળા સંચાલકે કરવાની રહેશે.







**સ્કૂલ સંચાલક ગુણવંતભાઈ લક્કડ**

ન્યૂ ફ્લોરા સ્કૂલના સંચાલક ગુણવંતભાઈ લક્કડે જણાવ્યું હતું કે, શિક્ષણ વિભાગના જે નિયમમાં આવતું હતું એણે કાર્યવાહી કરી છે. અમને શાળા બિલ્ડિંગ સ્થળ ફેરફારના નિયમોની ખબર ન્હોતી એટલે આવું થયું છે. અમે ગાંધીનગર અપીલમાં ગયા છીએ અને જરૂર પડે તો અમે કોર્ટમાં પણ જશું. અહીં ધોરણ ૧ થી ૮ના ૨૫૦ વિદ્યાર્થીઓ જેવા છે.

તેમણે જણાવ્યું હતું કે, અમારું જૂનું બિલ્ડીંગ હતું તેની બેન્કની મેટર ચાલતી હતી. જેથી ૨ વર્ષ પહેલા બાળકોના ભવિષ્ય માટે અને બાળકનું એજ્યુકેશન ન ખોરવાય એટલા માટે અમે ઈમરજન્સી સ્થળ ફેરફાર કર્યો હતો. આ બિલ્ડિંગના કોર્પોરેશનમાં અમુક કાગળો ઘટતા હતા એની પ્રોસેસ ચાલુ હતી એટલે અમે સ્થળ ફેરફારની કાર્યવાહી કરી શક્યા નથી. તેમણે જણાવ્યું કે, અમે ગાંધીનગર શિક્ષણ નિયામકમાં અપીલ કરેલી છે. ત્યાંથી જે નિર્ણય આવશે તે અમને સર્વમાન્ય રહેશે. DEO એ આપેલી નોટિસમાં દર્શાવ્યું છે કે, ૧૦ દિવસમાં ગાંધીનગર નિયામકમાં અપીલમાં જવું.

જરૂર પડશે તો અમે પાછું મૂળ સ્થાન પર સ્કૂલ શિફ્ટ કરી આપશું.

રાજકોટના પેડક રોડ ઉપર આવેલી ન્યૂ ફ્લોરા ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ કે જે સ્થળ ફેર મંજૂરી વગર જ સાડીના કારખાનાના શેડ ઉપર સ્કૂલ ચાલતી હતી. જે અમારા ધ્યાને આવતા અમે જિલ્લા શિક્ષણ વિભાગને આ બાબતે ધ્યાન દોર્યું હતું.જિલ્લા શિક્ષણ વિભાગે ઘણા બધા લાંબા ટાઇમ સુધી નાટક કર્યા બાદ આજે એવા સમાચાર મળ્યા છે કે રૂ.૧ લાખનો દંડ અને સ્કૂલ બંધ કરવા માટેનો આદેશ આપ્યો છે. અહીં લગભગ ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. સ્કૂલ બંધ થતા આર.ટી.ઈ.ના વિદ્યાર્થીઓને અન્ય સ્કૂલોમાં ખસેડવા માટેની પ્રક્રિયા ચાલુ કરી છે.

અહીં સવાલ એ ઊભો થાય કે વિપક્ષના વિદ્યાર્થી પ્રતિનિધિ તરીકે શું અમારે જિલ્લા શિક્ષણાધિકારીને ફરિયાદ કરવાની ? શું આ વિસ્તારના જિલ્લા એજ્યુકેશન ઈન્સ્પેક્ટર કઈ કામ નથી કરતા? કેમ શિક્ષણ વિભાગ ઊંઘતું રહ્યું? આવી રાજકોટમાં અનેક બોગસ અને ભૂતિયા સ્કૂલો ધમધમી રહી છે ત્યારે જિલ્લા શિક્ષણ તંત્રને કોઈ રજૂઆત કે ફરિયાદ મળે તો તેની રાહ જોઈને બેસે છે.સવાલ અહીંયા એ થાય કે સ્કૂલ ઉપર કાર્યવાહી તો કરી પણ આમાં અભ્યાસ કરતા ૨૫૦ થી વધુ વિદ્યાર્થીઓનું એનું ભવિષ્ય શું?

તેમણે અંતમાં જણાવ્યું હતું કે, માત્ર એક સ્કૂલ ઉપર કાર્યવાહીથી અમે સંતોષ નથી માનવાના. આગામી સમયમાં ૧૦ થી વધુ આવી ભૂતિયા સ્કૂલો લાવવાના છીએ અને જે ભૂતકાળની રજૂઆતો આ સ્કૂલ સાથે કરી હતી એ સ્કૂલ પાસેથી અનેક કટકી કાંડ કરી અને એમનો મામલો રફેદફે કર્યો છે. જેથી અમારી માંગ છે કે આ વિદ્યાર્થીઓના ભવિષ્ય સામે પણ જોવામાં આવે અને અન્ય આવી રાજકોટમાં ધમધમતી સ્કૂલો હોય તેની ઉપર તાકીદે કાર્યવાહી કડક કરવામાં આવે.






## મોડલ જેવો લુક, એસી ફર્સ્ટ ક્લાસમાં બે સૂટકેસમાં દારૂની સપ્લાયર શરૂ કર્યો

# ‘દારૂનો ખાનદાની ધંધો’ પિતા-બહેન જેલમાં કારોબાર ચાલુ રાખવા નેહાએ ટ્રિપ મારીને પકડાઈ ગઈ



## બિહારમાં દારૂબંધી હોવાથી બીજા રાજ્યમાંથી ટ્રેનમાં દારૂ લઈ આવવાના નેટવર્કનો પર્દાફાશ

**સિટી ન્યૂઝ@પટના**

આ કાર્યવાહી વારાણસીથી મળેલી ગુપ્ત બાતમીના આધારે કરવામાં આવી હોવાનું જણાવાયું છે. ટ્રેન સમસ્તીપુર સ્ટેશન પર પહોંચ્યા બાદ RPF અને CIBની ટીમ એસી ફર્સ્ટ ક્લાસના H-૧ કોચમાં પહોંચી હતી. કૂપ નંબર સાતનો દરવાજો અંદરથી બંધ હતો. દરવાજો ખોલાવ્યા બાદ ટીમે અંદર હાજર નેહા અને ઈશાનના સામાનની તપાસ કરી હતી, જેમાં દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

તપાસ દરમિયાન બંને મુસાફરો પાસે માન્ય ટિકિટ ન હોવાની માહિતી પણ સામે આવી હતી. નેહાએ સીટ તેના જીજાજી ઈશાન કુમારના નામે બુક હોવાનું જણાવ્યું હતું. જોકે, ઈશાન પાસે પણ ટિકિટ ન હોવાનું તપાસમાં જાણવા મળ્યું હતું. RPFએ સમગ્ર કાર્યવાહીનું વિડિયોગ્રાફી કરાવી હતી અને બંનેને કસ્ટડીમાં લીધા બાદ સરકારી રેલવે પોલીસ એટલે કે GRPને સોંપ્યા હતા.

નેહા ઝા સમસ્તીપુર જિલ્લાના સિંઘિયા પોલીસ સ્ટેશન વિસ્તારના બારી ગામના વોર્ડ નંબર ૧૨ની રહેવાસી હોવાનું જણાવાયું છે. તે ચાર બહેનોમાં સૌથી નાની છે. અહેવાલો અનુસાર, તેના પિતા સંજય ઝા અગાઉ ખેતી કરતા હતા, પરંતુ બાદમાં દારૂની હેરાફેરીના કેસમાં તેમની ધરપકડ થઈ હતી અને તેમને જેલમાં મોકલવામાં આવ્યા હતા.

પિતાની ધરપકડ બાદ પરિવાર સાથે જોડાયેલા દારૂના કથિત નેટવર્કની જવાબદારી મોટી દીકરી નિશુ ઝાએ સંભાળી હોવાનો આરોપ છે. જોકે, નિશુ પણ લાંબા સમય સુધી આ નેટવર્ક ચલાવી શકી નહોતી. ૩૦ નવેમ્બર ૨૦૨૫ના રોજ ૨૧ લિટર વિદેશી દારૂ સાથે તેની ધરપકડ થઈ હતી. ત્યારબાદ તે જેલમાં ગઈ હતી. પોલીસના આક્ષેપ મુજબ, નિશુ જેલમાં ગયા બાદ નેહાએ પોતાના જીજાજી ઈશાન કુમાર સાથે મળીને આ ગેરકાયદે પ્રવૃત્તિને આગળ વધારવાનું શરૂ કર્યું. આ સમગ્ર મામલે પોલીસ હવે પરિવારના અગાઉના કેસો, નેહા અને ઈશાન વચ્ચેના સંપર્કો તથા દારૂની સપ્લાય ચેઈન અંગે માહિતી એકત્રિત કરી રહી છે. જોકે, માત્ર પરિવારના અગાઉના કેસોના આધારે નેહા સામેના તમામ આક્ષેપો સાબિત થતા નથી. હાલ તેના વિરુદ્ધની કાર્યવાહી તપાસ અને કોર્ટની પ્રક્રિયા પર આધારિત છે. તપાસમાં એક વધુ ગંભીર આક્ષેપ સામે આવ્યો છે. પોલીસ સૂત્રોને ટાંકીને અહેવાલોમાં જણાવાયું છે કે નેહા કથિત રીતે મેડિકલ રિપ્રેઝેન્ટેટિવ તરીકે પોતાની ઓળખ આપતી હતી. આ ઓળખના આધારે તે દરભંગામાં કેટલાક ડોક્ટરો અને પૈસાદાર ગ્રાહકો સુધી બ્રાન્ડેડ વિદેશી દારૂ પહોંચાડતી હોવાની શંકા છે. આ દાવાની હજી સ્વતંત્ર પુષ્ટિ થવાની બાકી છે. પોલીસ હવે એ તપાસી રહી છે કે નેહા ખરેખર કયા લોકોના સંપર્કમાં હતી.

# વિધાનસભામાં ફરીવાર હોકીદેકારો

### ભાજપે કહ્યું રાષ્ટ્રનું અપમાન ગણાવ્યું

## ચાલુ વંદે માતરમે જ કોંગ્રેસના ધારાસભ્ય ખેડાવાલા બેસી ગયા

### ખેડાવાલાએ કહ્યું મારે ભાજપને દેશભક્તિ સર્ટિ. આપવાની જરૂર નથી



**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્ર દરમિયાન વંદે માતરમ ગાન સમયે ધારાસભ્ય ઇમરાન ખેડાવાલા ઊભા ન રહેવાના મુદ્દે રાજકીય વિવાદ વધુ ઉગ્ર બન્યો છે. એક તરફ ખેડાવાલાએ સ્પષ્ટ કર્યું છે કે તેમણે કોઈ ખોટું કર્યું નથી અને આ મામલે માફી માંગવાનો પણ ઇનકાર કર્યો છે, તો બીજી તરફ ભાજપે આ ઘટનાને દેશભક્તિ અને વિધાનસભાની પરંપરા સાથે જોડીને કોંગ્રેસ સામે આક્રમક વલણ અપનાવ્યું છે.

ઈમરાન ખેડાવાલાએ જણાવ્યું કે ભાજપ પાસે બીજો કોઈ મુદ્દો નથી અને આ મુદ્દાને ચગાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે તેમની પોતાની વિચારધારા છે અને તેનો કોંગ્રેસ પાર્ટીની વિચારધારા સાથે કોઈ લેવાદેવા નથી. સાથે જ તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે તેઓ આ મામલે કોઈ માફી માંગવાના નથી. ખેડાવાલાએ એવો પણ દાવો કર્યો કે તેઓ અત્યાર સુધી જે રીતે વંદે માતરમ ગાતા આવ્યા છે, તે રીતે તેમણે ગાયું જ છે અને આ સમગ્ર મામલે તેમણે કંઈ ખોટું કર્યું નથી. સંસદીય મંત્રી ઋષિકેશ પટેલે ઘટનાને ચોમાસુ સત્રમાં ન બનવા જેવી ઘટના ગણાવી. તેમના જણાવ્યા મુજબ વિધાનસભાની શરૂઆતથી વંદે માતરમ ગાન સાથે સત્રની શરૂઆત કરવાની પરંપરા રહી છે. તેમણે આ મુદ્દે વિધાનસભા અધ્યક્ષ સમક્ષ રજૂઆત કરવાની વાત પણ કરી. પટેલે કહ્યું કે આવી ઘટનાથી રાજ્યમાં ખોટો સંદેશ જાય છે અને હવે કોંગ્રેસે પોતાનું સ્ટેન્ડ નક્કી કરવું પડશે. ભાજપ પ્રવક્તા અને મંત્રી જીતુ વાઘાણીએ પણ કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા. તેમણે કહ્યું કે વંદે માતરમ કોઈ રાજકીય મુદ્દો નથી અને આ દેશનું અપમાન છે. તેમણે સવાલ ઉઠાવ્યો કે કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યનું વ્યક્તિગત સ્ટેન્ડ કેવી રીતે હોઈ શકે? તેમણે કહ્યું કે આ દેશનો નાગરિક કેવી રીતે કહી શકે માફી નહી માગું, કોંગ્રેસના ચૂંટાયેલા સભ્ય છે વ્યક્તિગત સ્ટેન્ડ કેવીરીતે હોય. તેમણે કહ્યું કે સોનિયા ગાંધી રાહુલ ગાંધી ખડગેજી એ ષડયંત્ર કર્યું છે અને ઠરાવ કર્યા છે. આ મહાન દેશભકતો અને શહીદો નું ગાન છે . ભારતીય તરીકે દરેકને લાગુ પડે છે. શું એ ભારતના નાગરિક નથી? તેમણે કહ્યું કે ઇમરાન ખેડાવાળા ને પૂછું છું ગત સત્રમાં કેમ તમને કોઈ વાંધો નહતો. આ કોંગ્રેસના ષડયંત્રનો ભાગ છે.




### ખેડૂતને 10 કલાક વીજળી અપાશે : કૃષિ મંત્રી

## કોંગ્રેસે કહ્યું : દુષ્કાળ જાહેર કરો ભાજપે કહ્યું ચોમાસા પછી સર્વે

### મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું સરકારે ખેડૂતોને રાહત આપવા જરૂરી પગલાં શરૂ કરી દીધા

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગાંધીનગર વિધાનસભા સત્ર દરમિયાન રાજ્યમાં અમુક વિસ્તારોમાં ખેંચાયેલા વરસાદ અને કૃષિ ક્ષેત્રે ઊભી થયેલી સ્થિતિ અંગે વિરોધ પક્ષે સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. કોંગ્રેસના વરિષ્ઠ ધારાસભ્ય અમિત ચાવડાએ સભાગૃહમાં પ્રશ્ન ઉપસ્થિત કરતાં જણાવ્યું હતું કે વરસાદની ઘટને કારણે ખેડૂતોના ઊભા પાક સુકાઈ રહ્યા છે.

અમિત ચાવડાએ રાજ્યમાં સત્તાવાર રીતે અછત કે દુષ્કાળ જાહેર કરવાની જોરદાર માગણી કરી હતી. આ સાથે જ તેમણે આપત્તિ સમયે સરકાર દ્વારા ચૂકવવામાં આવતી કેશ ડોલ્સ અને ઘરવખરી સહાયના નિયત દરોમાં તાત્કાલિક વધારો કરવા રજૂઆત કરી હતી, જેથી પ્રભાવિત પરિવારોને પૂરતી રાહત મળી શકે.

વિપક્ષના આક્ષેપો અને માગણીઓ સામે કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે સભાગૃહમાં સરકારનો પક્ષ મજબૂતીથી મૂક્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું કે રાજ્ય સરકાર ખેડૂતોની પરિસ્થિતિ પ્રત્યે સંપૂર્ણ સજાગ અને સંવેદનશીલ છે.

કોંગ્રેસ ધારાસભ્યના પ્રશ્ન પર નાયબ મુખ્યમંત્રી તરીકે ગૃહમાં જવાબ રજૂ કરતાં હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાની હેઠળ સરકારે અતિવૃષ્ટિ કે જળબંબાકાર સમયે ખૂબ જ ઝડપી અને સંવેદનશીલ નિર્ણયો લીધા છે. તેમણે જણાવ્યું કે પાણી ઓસરતાંની સાથે જ તંત્ર દ્વારા વિલંબ વિના સહાયની ચૂકવણી શરૂ કરી દેવામાં આવી હતી. કેશ ડોલ્સ પેટે વ્યક્તિ દીઠ રોજના 300 રૂપિયા લેખે ૩ દિવસના ૧૮૦૦ રૂપિયા સુધીની સહાય જરૂરિયાતમંદ પરિવારોને તાત્કાલિક પહોંચાડવામાં આવી છે.

### મંત્રી ઋષિકેશ પટેલના મહત્વના ખુલાસા

- ચોમાસા પછી સર્વેઃ નિયમ મુજબ ચોમાસાની સમગ્ર ઋતુ પૂર્ણ થયા બાદ જ પંચાયત અને કૃષિ વિભાગ દ્વારા પાક નુકસાની તથા વરસાદના આંકડાનો વૈજ્ઞાનિક સર્વે કરવામાં આવે છે.
- આગાઉથી કામગીરી શરૂઃ સર્વે પ્રક્રિયા બાકી હોવા છતાં રાજ્ય સરકારે ખેડૂતોને રાહત આપવા જરૂરી પ્રાથમિક પગલાં અત્યારથી જ શરૂ કરી દીધા છે.
- પાયાની સુવિધાઓઃ સંવેદનશીલ વિસ્તારોમાં ઘાસચારો, સિંચાઈનું પાણી, પીવાનું પાણી અને પાવર સપ્લાયની કામગીરી સુનિશ્ચિત કરવામાં આવી છે.

## રસોઈનું બજેટ ખોરવાયું : ઘરની થાળી હવે 5% મોંઘી બની

# મોંઘવારી 'લાલચોળ' ખાંડ, ડુંગળી બાદ લીંબુના ભાવમાં ભડકો; 200 રૂ. પાર કિલ્લો

**સિટી ન્યૂઝ@સુરત**

ખાંડ, ડુંગળી અને ખાદ્યતેલ સહિતની વસ્તુઓ બાદ હવે અમદાવાદ શહેરમાં લીંબુના ભાવ પણ ભડકે બળ્યા છે. એક પખવાડિયા પહેલાં શહેરની છૂટક બજારમાં રૂ. ૧૨૦ના કિલો મળતા લીંબુના ભાવ આજે ૨૪૦થી ૨૬૦ થઈ ગયા છે. જેના કારણે હવે લોકો નંગના ભાવે લીંબુ ખરીદતા થઈ ગયા છે! સામાન્ય રીતે ઉનાળામાં લીંબુના ભાવ વધતા હોય છે. દાળ-શાકનો વઘાર જેના વગર અધૂરો છે, તેવા લીંબુના ભાવ લગભગ બમણા થઈ ગયા છે. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ માર્કેટિંગ યાર્ડમાં ગત ૨૨ ઓગસ્ટે લીંબુનો જથ્થાબંધ ભાવ રૂ. ૧૦થી ૫૫ પ્રતિ કિલોનો હતો. જે આજે વધીને રૂ. ૮૦થી ૧૬૦ સુધી પહોંચ્યો છે. આ સમયગાળા દરમિયાન લીંબુની આવક ૬,૭૧૦ ક્વિંટલ થઈ છે. વર્ષ ૨૦૨૫માં



આ સમયમાં અમદાવાદ યાર્ડની આવક ૧૦,૬૦૮ ક્વિંટલ હતી. એટલે કે આવકમાં ૩,૮૯૮ ક્વિંટલનો મોટો ઘટાડો છે. જેના કારણે રોકેટ ગતિએ ભાવ વધ્યા છે. બાકી સામાન્ય રીતે ચોમાસામાં લીંબુનો છુટક બજારનો ભાવ રૂ. ૧૦૦ થી ૧૨૦ રૂપિયાની આસપાસ જ હોય છે. કારણ કે સપ્ટેમ્બર ૨૦૨૫ માં જ લીંબુનો જથ્થાબંધ ભાવ ૧૦ થી ૪૫ સુધીનો જ રહ્યો હતો. અમદાવાદમાં આંધ્રપ્રદેશ, સહિતના દક્ષિણ ભારત તેમજ મહેસાણા, ભાવનગર, પાલિતાણા વગેરે વિસ્તારમાંથી લીંબુ આવે છે. તેના બદલે અત્યારે માત્ર રાજસ્થાનમાંથી લીંધુ આવી રહ્યા છે. આ સિવાય બધા સ્થળોએથી આવક બંધ છે. બજાર તજજ્ઞો અને કૃષિ નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર અમદાવાદમાં જયાંથી લીંબુ આવ છે તેવા વિસ્તારોમાં ત્યાંની જરૂરિયાત અનુસાર જ પાક થયો છે. જે ઉત્પાદન થાય છે, તે સ્થાનિક કક્ષાએ જ ખપી જાય છે. સતત ગરમી પડવાના કારણે લીંબુ પીળા પડીને ઝાડ પરથી ખરી ગયા છે. પરિણામે એક આવક ઘટી છે. જ્યારે વરસાદ ખેંચાતા ઉનાળા જેવા વાતાવરણના કારણે લીંબુનો વપરાશ અને માંગ વધી છે. આ બંને પરિબળો લીંબુના ભાવ ઝડપથી વધવા માટે જવાબદાર છે.


### ટ્રેનો અત્યારથી હાઉસફૂલ

## દિવાળીમાં પ્રવાસ બન્યો મોંઘો

**ફ્લાઈટની ટિકિટના ભાવ દોઢથી બમણા**



તહેવારોને હજુ સમય હોવા છતાં અનેક લોકપ્રિય ટ્રેનોમાં બેઠકો પહેલેથી જ ફુલ થઈ ગઈ છે. બુકિંગ શરૂ થયાના થોડા જ મિનિટોમાં ટિકિટો વેચાઈ જતાં હવે મોટાભાગના મુસાફરોને વેઈટિંગ લિસ્ટનો સહારો લેવો પડી રહ્યો છે. કેટલીક ટ્રેનોમાં તો વેઈટિંગ લિસ્ટની ટિકિટ પણ ઉપલબ્ધ નથી. દિલ્હીથી પટણા, વારાણસી, દરભંગા,જનતાનગર, પ્રયાગરાજ અને રાંચી જેવા શહેરો તરફ જતી ટ્રેનોમાં સૌથી વધુ માંગ જોવા મળી રહી છે. સંપૂર્ણ ક્રાંતિ એક્સપ્રેસ, અમૃત ભારત એક્સપ્રેસ, મગધ એક્સપ્રેસ, કાશી વિશ્વનાથ એક્સપ્રેસ, શિવ ગંગા એક્સપ્રેસ, રાજધાની એક્સપ્રેસ અને વંદે ભારત જેવી લોકપ્રિય ટ્રેનોમાં તહેવારોની તારીખોની આસપાસ બેઠકો ઉપલબ્ધ નથી. દિવાળી નિમિત્તે મોટી સંખ્યામાં લોકો પોતાના પરિવાર અને ગામમાં તહેવાર ઉજવવા માટે દિલ્હી અને અન્ય મોટા શહેરોમાંથી ઘરે પરત ફરે છે.



### વરસાદ નબળો પડતા આવક ઘટી

## ગણેશોત્સવ પહેલા ફૂલ બજારમાં 15%નો ભાવ વધારો

**મોગરો રિટેલમાં 500ને પાર ગુલાબના ભાવ બમણા**

સુરતમાં ગણેશોત્સવના પાવન પર્વના આગમન સાથે જ ફૂલોની માગમાં અચાનક ભારે ઉછાળો જોવા મળ્યો છે. બીજી તરફ, ઉત્પાદક વિસ્તારોમાં પ્રતિકૂળ હવામાનને કારણે આ વર્ષે ફૂલોની નવી આવકમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. આવક ઘટવાને લીધે સીધી અસર બજાર ભાવ પર પડી છે. ગયા વર્ષની સરખામણીએ હાલમાં તમામ પ્રકારના ફૂલોના ભાવમાં આશરે ૧૦થી ૧૫% જેટલો વધારો થયો છે, જેના કારણે ગણેશભક્તો અને આયોજકોના બજેટ પર સીધી અસર પડી રહી છે. હાલના બજાર ભાવ પર નજર કરીએ તો હોલસેલમાં ૧૫૦થી ૧૮૦ પ્રતિ કિલો વેચાતો ગલગોટો છૂટક બજારમાં ૨૫૦થી ૩૮૦ સુધી બોલાઈ રહ્યો છે. દેશી ગુલાબનો હોલસેલ ભાવ ૨૫૦થી ૨૯૦ સામે રિટેલમાં ૩૫૦થી ૪૦૦ છે.

### જૂલાઈમાં ખાંડ રૂા. 47ની હવે 62માં

## તહેવારો પહેલા મીઠાઈઓ મોંઘી થવાની શક્યતા

**ગોળ પણ મોંઘો થયો**



જુલાઈમાં ખાંડના ભાવ રૂ. ૪૭ હતો, અત્યારે ૬૨ થયો ખાંડના ભાવ વધતા તહેવારો પહેલાં મીઠાઈઓ મોંઘી થવાની આશંકા છેલ્લાં સાત વર્ષથી ખાંડની કિંમત નિયંત્રણમાં હોવા છતાં ચોકલેટ્સ અને મીઠાઈઓના ભાવમાં ૫.૫ ટકાની વૃદ્ધિ થઈ હતી ખાંડ અને ગોળના ભાવમાં ૨.૭ ટકાના દરે છેલ્લાં ત્રણ-ચાર મહિનામાં વધારો થતાં મીઠાઈઓ, ચોકલેટ્સ સહિત ખાંડ-ગોળમાંથી બનતી પ્રોડક્ટ્સ મોંઘી થઈ ગઈ છે. ગણેશ ચતુર્થીના લાડુથી લઈને નવરાત્રિ અને દિવાળીની મીઠાઈઓ મોંઘી પડશે. તહેવારો પહેલાં દેશમાં મીઠાઈઓના ભાવમાં ૬-૭ ટકાનો વધારો ઝીંકાય તેવી શક્યતા છે. મીઠાઈ, ચોકલેટ્સ, બિસ્કિટ જેવી પ્રોડક્ટ આગામી મહિનાઓમાં મોંઘી થઈ જાય તેવી ભીતિ છે. ખાંડના ભાવ વધતાં સરવાળે લોકોના તહેવારો મોંઘા થશે. ગરીબ અને મધ્યમવર્ગનું બજેટ ખોરવાઈ જશે. ખાંડના ભાવમાં ઘટાડો થયો હોવા છતાં હજુય કિલોનો ભાવ ૬૨ રૂપિયા હોવાથી આ સ્થિતિ આવી છે.કન્ઝયૂમર મંત્રાલયના આંકડાં પ્રમાણે જુલાઈમાં રિટેઈલ ખાંડનો કિલોનો ભાવ ૪૭ રૂપિયા હતો. મહિનાના અંતે ૪૮.૧૮ રૂપિયા સુધી પહોંચ્યો હતો.

## સ્કૂલ એજ્યુકેશન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ રેન્કિંગ જાહેર

# સ્કૂલોમાં સુવિધા હોવા છતાં ગુજરાતમાં વિદ્યાર્થીઓ ભણતરથી દૂર; 21મું સ્થાન,સ્થિતિ ચિંતાજનક

### સ્કૂલોની ફેસિલિટીમાં 16માં નંબરે, વિદ્યાર્થીઓને એજ્યુકેશન સાથે જોડવામાં 21માં નંબરે છે



**સિટી ન્યૂઝ@અમદાવાદ**

ગુજરાતમાં ભણવા માટે બધું જ છે, પણ વિદ્યાર્થીઓને ભણતરમાં જોડીને રાખવામાં રાજ્ય પાછળ ધકેલાયું છે. સ્કૂલ એજ્યુકેશન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ (એસઈડીઆઈ) ૨૦૨૫-૨૬માં ગુજરાતનું ઓવરઓલ રેન્કિંગ એક જ વર્ષમાં ૧૯માંથી બે સ્થાન પાછળ ધકેલાઈને ૨૧મા નંબરે પહોંચ્યું છે.રાજ્યનો એસઈડીઆઈ સ્કોર પણ ૦.૫૬૭થી ઘટીને ૦.૫૬૫ થયો છે. બીજી તરફ સ્કૂલની ફેસેલિટીના મામલે ગુજરાત ૧૫મા નંબરે છે, પરંતુ વિદ્યાર્થીઓને એજ્યુકેશન સાથે જોડવામાં છેક ૨૯મા નંબરે છે. ધોરણ વધતાં જ સ્થિતિ વધુ નબળી પડી રહી છે.પ્રાથમિકમાં ગુજરાત ૧૬મા, ઉચ્ચ પ્રાથમિકમાં ૧૯મા અને માધ્યમિકમાં છેક ૨૨મા નંબરે છે. ઉચ્ચતર માધ્યમિકમાં ૧૮મો નંબર છે. એટલે ગુજરાત સામે હવે માત્ર સ્કૂલની ફેસેલિટી વધારવાનો નહીં, વિદ્યાર્થીઓને એજ્યુકેશન સાથે જોડી રાખવાનો મોટો પડકાર છે.રિપોર્ટ ગુજરાત સરકારને સંકેત આપે છે કે હવે માત્ર સ્કૂલની બિલ્ડિંગ કે ફેસેલિટી વધારવાથી કામ નહીં ચાલે. સ્કૂલની ફેસેલિટીમાં ૧૫મા નંબરે છે, પરંતુ વિદ્યાર્થીની ભાગીદારીમાં ૨૯મા અને તેમને ટકાવી રાખવામાં ૨૨મા નંબરે છે. એટલે સરકારનું પહેલું ફોકસ બાળક સ્કૂલમાં આવે છે કે નહીં એના કરતાં તે ભણતરમાં જોડાયેલો રહે અને સ્કૂલ છોડે નહીં એના પર હોવું જોઈએ. ખાસ કરીને પ્રાથમિકમાંથી માધ્યમિક તરફ જતાં વિદ્યાર્થીઓને ટ્રેક કરવા માટે વિલેજ લેવલથી સિટી લેવલ સુધી ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ મજબૂત કરવી પડશે.

| ઉચ્ચતર માધ્યમિકમાં ૧૮માં સ્થાને | | |
|---|---|---|
| સ્તર | SEDI સ્કોર | દેશમાં નંબર |
| પ્રાથમિક | ૦.૬૩૯ | ૧૬મો |
| ઉચ્ચ પ્રાથમિક | ૦.૬૧૨ | ૧૯મો |
| માધ્યમિક | ૦.૪૫૪ | ૨૨મો |
| ઉચ્ચતર માધ્યમિક | ૦.૫૩૧ | ૧૮મો |
| ઓવરઓલ | ૦.૫૬૫ | ૨૧મો |
| **એક વર્ષમાં ગુજરાતનો સ્કોર થોડો ઘટ્યો** | | |
| વર્ષ | SEDI સ્કોર | દેશમાં નંબર |
| ૨૦૨૪-૨૫ | ૦.૫૬૭ | ૧૯મો |
| ૨૦૨૫-૨૬ | ૦.૫૬૫ | ૨૧મો |
| ફેરફાર | -૦.૦૦૨ | ૨ સ્થાન પાછળ |
| **રાજ્ય/કેન્દ્ર શાસિત** | **SEDI સ્કોર** | |
| ચંદીગઢ | ૦.૮૨૬ | |
| કેરળ | ૦.૭૯૮ | |
| પુડુચેરી | ૦.૭૩૭ | |
| ગોવા | ૦.૭૧૩ | |
| દિલ્હી | ૦.૭૦૯ | |

### નીતિ આયોગ પિરિયોડિક લેબર ફોર્સ સર્વે

# ભારતમાં 2 કરોડ બાળકો શાળાએ જતા નથી

### દર વર્ષે 50 લાખથી વધુ સ્ટુડન્ટ્સ બોર્ડ પરીક્ષામાં નાપાસ થાય છે 10માંથી એક બાળક સેકન્ડરી લેવલ પર શાળા છોડી રહ્યો છે

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

શિક્ષણને વ્યક્તિ અને સમાજ બંનેના વિકાસનો પાયો કહેવામાં આવે છે. તે જીવનને યોગ્ય દિશામાં જીવવાની અને વિચારવાની રીત તૈયાર કરે છે. જેટલો વધુ શિક્ષિત સમાજ, તેટલી વધુ રોજગારી અને વિકાસ. દર વર્ષે ૮ સપ્ટેમ્બરે વિશ્વ સાક્ષરતા દિવસ મનાવવામાં આવે છે.વિશ્વ સાક્ષરતા દિવસ દર વર્ષે ૮ સપ્ટેમ્બરે સમગ્ર વિશ્વમાં મનાવવામાં આવે છે. તેનો ઉદ્દેશ સમાજમાં સાક્ષરતાના મહત્વ અને શિક્ષણના અધિકારો પ્રત્યે જાગૃતિ લાવવાનો છે.જો ભારતમાં સ્કૂલ લેવલ પર સાક્ષરતાની વાત કરવામાં આવે તો ૧૪થી ૧૮ વર્ષની ઉંમરના એવા ૨ કરોડ બાળકો છે, જેઓ શાળાએ જતા નથી. નીતિ આયોગના તાજેતરના પિરિયોડિક લેબર ફોર્સ સર્વે (PLFS) ૨૦૨૩-૨૪ના વાર્ષિક અહેવાલ અનુસાર, ૧૪થી ૧૮ વર્ષની ઉંમરના આશરે ૨ કરોડ બાળકો શાળાએ જઈ રહ્યા નથી, જ્યારે ધોરણ ૩થી ૮ના આશરે ૧૧% બાળકો શાળાની બહાર છે અને દર વર્ષે ૫૦ લાખથી વધુ સ્ટુડન્ટ્સ બોર્ડ પરીક્ષામાં નાપાસ થઈ જાય છે. બિહાર, નાગાલેન્ડ, મેઘાલય અને આસામ જેવા રાજ્યોમાં શાળાએ નહીં જતાં બાળકોની સંખ્યા સૌથી વધુ છે. દેશભરમાં આશરે ૭,૯૯૩ શાળાઓ એવી છે, જ્યાં એક પણ બાળકનું નવું એડમિશન થયું નથી. તેમાં પશ્ચિમ બંગાળમાં ૩,૮૧૨ શાળાઓ અને તેલંગાણામાં ૨,૨૪૫ શાળાઓ છે.UNESCOએ વર્ષ ૧૯૬૬માં દર વર્ષે ૮ સપ્ટેમ્બરે ઈન્ટરનેશનલ લિટરેસી ડે (આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ) મનાવવાની જાહેરાત કરી હતી. તે પ્રથમ વખત ૧૯૬૭માં મનાવવામાં આવ્યો હતો. ૨૦૨૬માં ઈન્ટરનેશનલ લિટરેસી ડેની થીમ લિટરેસી ફોર પીપલ, ધ પ્લેનેટ એન્ડ પ્રોસ્પેરિટી (લોકો, ધરતી અને સમૃદ્ધિ માટે સાક્ષરતા) છે.



### પીન્ટુ કોળીનો નામજોગ વીડિયો વાયરલ થતા ફરી ખળભળાટ

# બોટાદ પોલીસ કથિત 1 કરોડના તોડકાંડમાં LCB PI અને જિલ્લા ભાજપ પ્રમુખની સંડોવણી

## બોટાદ જિલ્લા ભાજપ પ્રમુખ મયૂર પટેલ અને જિલ્લા પંચાયત ઉપપ્રમુખ ભરતસિંહની સીધી સંડોવણી હોવાના પીન્ટુ કોળીનો નામજોગ વીડિયો બનાવી વાયરલ કર્યો

**સિટી ન્યૂઝ@બોટાદ**

બોટાદમાં કથિત રૂ.૧ કરોડના ’તોડકાંડ’ના આક્ષેપો મામલે સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થતાં ભારે ખળભળાટ મચી ગયો છે. પીન્ટુ કોળી નામના વ્યક્તિએ સોશિયલ મીડિયા પર આ વીડિયો જાહેર કરીને આરોપ લગાવ્યો છે કે કોળી સમાજના એક યુવાનને ગેમિંગ સંબંધિત ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને તેની પાસેથી રૂ.૧ કરોડ પડાવી લેવામાં આવ્યા છે.

એટલું જ નહીં, આ દરમિયાન યુવાનને કથિત રીતે માર મારવામાં આવ્યો હોવાના પણ ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. આ સમગ્ર ઘટના આશરે ૨૦ દિવસ જૂની હોવાનો વીડિયોમાં દાવો કરાયો છે.

વાયરલ થયેલા વીડિયોમાં આક્ષેપકર્તાએ ભાજપના આગેવાનોના ફોટા દર્શાવવાની સાથે

### વીડિયોમાં કહ્યું ’સબૂત વગર કોઈ વ્યક્તિ બોલતું નથી’ તેમ કહીને ગૃહમંત્રીના ’કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો’ નિવેદનને ટાંકીને પોલીસ તંત્ર અને સરકારી કામગીરી સામે સવાલો ઉઠાવ્યા

તેમના નામો પણ જાહેર કર્યા છે. જેમાં LCBના PI તેમજ બોટાદ જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ પટેલ અને જિલ્લા પંચાયત ઉપપ્રમુખ ભરતસિંહ ડોડિયાની સીધી સંડોવણી હોવાના નામજોગ આક્ષેપો કરવામાં આવ્યા છે. વીડિયોમાં "સબૂત વગર કોઈ વ્યક્તિ બોલતું નથી" તેમ કહીને ગૃહમંત્રીના "કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો" નિવેદનને ટાંકીને પોલીસ તંત્ર અને સરકારની કામગીરી સામે તીખા સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

વીડિયોના માધ્યમથી આક્ષેપકર્તાએ ગૃહમંત્રી હર્ષ સંઘવીને અપીલ કરતા માંગ કરી છે કે આ સમગ્ર મામલે તટસ્થ અને ન્યાયી તપાસ કરવામાં આવે તથા રૂ.૧ કરોડ શા માટે લેવામાં આવ્યા તેની સત્યતા સામે લાવવામાં આવે. જોકે, નોંધનીય છે કે આ તમામ વિગતો સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયોના આધારે સામે આવી છે અને આ આક્ષેપોની કોઈ સ્વતંત્ર પુષ્ટિ થયેલી નથી. પોલીસ અને સંબંધિત નેતાઓનો સત્તાવાર જવાબ કે વર્ઝન આવ્યા બાદ જ સમગ્ર મામલે ચિત્ર વધુ સ્પષ્ટ થશે.







# કમિશનર બૂલેટ લઈ ફિલ્ડમાં નિકળ્યા; જાહેરમાં થૂંકનાર પાસે સફાઈ કરાવી





### » નાગરિકો ગંદકી કરે અને મનપા સફાઈ કરે તે હવે નહીં ચાલે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા મહાનગરપાલિકાએ હવે સ્પોટ એક્શનને વધુ વેગ આપ્યો છે. મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટની ટીમ સાથે બુલેટ પર સવાર થઈ જ્યુબિલી, લીમડા ચોક અને યાજ્ઞિક રોડ સહિતના સતત ધમધમતા વિસ્તારોમાં સરપ્રાઈઝ ચેકિંગ માટે નીકળ્યા હતા. કમિશનરની સીધી ફિલ્ડ મુલાકાતથી ગંદકી ફેલાવનારા તત્વોમાં ફફડાટ ફેલાયો હતો.

ફિલ્ડ મુલાકાત દરમિયાન જ્યુબિલી વિસ્તારમાં જાહેર રસ્તા પર થૂંકતા એક નાગરિકને કમિશનરે રૂબરૂ રોક્યો હતો. જાહેર સ્થળે ગંદકી કરવા બદલ તેમને સ્વચ્છતા અને જાહેર જવાબદારી અંગે સમજ આપવામાં આવી હતી. ત્યારબાદ જે સ્થળે થૂંકીને ગંદકી કરવામાં આવી હતી, ત્યાં જ તે નાગરિક પાસે સફાઈ કરાવવામાં આવી હતી. આ કાર્યવાહીનો હેતુ માત્ર દંડ વસૂલવાનો નહીં, પરંતુ નાગરિકોમાં પોતાની ફરજ અને જવાબદારીનું ભાન કરાવવાનો હતો.

કમિશનરે રોડ, ફૂટપાથ અને જાહેર સ્થળોની સફાઈ વ્યવસ્થાની પણ ઝીણવટભરી સમીક્ષા કરી હતી. તેમની સાથે સફાઈ સુપરવાઈઝરો અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટની ટીમ પણ સ્થળ પર હાજર રહી હતી. અધિકારીઓને સફાઈ વ્યવસ્થા વધુ અસરકારક બનાવવા અને ગંદકી કરનારાઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.

જ્યુબિલી રોડ પર લારી-થડાવાળાઓ અને વેપારીઓને પણ પોતાના વ્યવસાયની આસપાસ સ્વચ્છતા જાળવવા કડક સૂચના આપવામાં આવી હતી. જ્યાં કચરો જોવા મળ્યો ત્યાં સંબંધિત વેપારીઓ પાસે જ સ્થળ પર સફાઈ કરાવવામાં આવી હતી. કમિશનરે સ્પષ્ટ જણાવ્યું હતું કે રોજીરોટી મેળવવાની સાથે વેપારના સ્થળની સ્વચ્છતા જાળવવાની જવાબદારી પણ વેપારીઓની છે. લારી કે દુકાનની બહાર વારંવાર કચરો ફેંકવામાં આવશે અથવા ગ્રાહકો દ્વારા થતી ગંદકી પ્રત્યે વેપારીઓ આંખ આડા કાન કરશે તો દંડ સહિત કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે તેવી ચેતવણી આપવામાં આવી હતી. વેપારીઓને પોતાના વિસ્તારની નિયમિત સફાઈ, કચરાના યોગ્ય નિકાલ અને ગ્રાહકોને સ્વચ્છતા અંગે જાગૃત કરવા પણ સૂચના અપાઈ હતી.

## સફાઈ કર્મચારીઓની મહેનત એળે નહીં જાય

કમિશનર તુષાર સુમેરાએ જણાવ્યું હતું કે રાજકોટ મહાનગરપાલિકાના સફાઈ કર્મચારીઓ દિવસ-રાત મહેનત કરીને શહેરને સ્વચ્છ રાખવા માટે પરસેવો પાડે છે. પરંતુ કેટલાક બેદરકાર નાગરિકો ક્ષણિક આળસમાં જાહેરમાં કચરો ફેંકે કે થૂંકે તે હવે ચલાવી લેવાશે નહીં. મહાપાલિકા સફાઈ કરશે અને નાગરિક ગંદકી કરશે તેવી માનસિકતાનો અંત લાવવો જરૂરી છે. જાહેર રસ્તા, ફૂટપાથ અને અન્ય જાહેર સ્થળો સૌની સામૂહિક મિલકત છે. તેને સ્વચ્છ રાખવાની જવાબદારી માત્ર મનપાની નહીં, પરંતુ દરેક નાગરિકની પણ છે. આગામી દિવસોમાં શહેરના અલગ-અલગ વિસ્તારોમાં આવી જ રીતે સઘન ચેકિંગ, સ્થળ પર કાર્યવાહી અને સ્પોટ એક્શન ચાલુ રહેશે તેમ કમિશનરે જણાવ્યું હતું.



### શાસકો અને વહીવટી પાંખ વચ્ચે સર્વ સંમતિ નહીં હોવાનું ચિત્ર ઉપસ્યું !

# સ્ટેન્ડિંગે દરખાસ્તો પરત મોકલી તો બે નામંજૂર કરી દીધી

### 25 પૈકી માત્ર 12 દરખાસ્તો મંજૂર કરી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં આજે એજન્ડા પરની ૨૫માંથી માત્ર ૧૨ દરખાસ્તોને મંજૂરી મળી હતી. ૮ દરખાસ્તો વધુ વિગતો મંગાવી પરત મોકલાઈ હતી, જ્યારે ૨ દરખાસ્તો નામંજૂર કરવામાં આવી હતી. બાકીની ૩ દરખાસ્તોને મંજૂરી સાથે બહાલી માટે અલગથી રજૂ કરવાની નોંધ કરવામાં આવી હતી.નવી બોડીની ટર્મ શરૂ થયા બાદ દરખાસ્તોનો અભ્યાસ, પરત, નામંજૂર અને પેન્ડિંગ રાખવાની પ્રક્રિયા વારંવાર જોવા મળી રહી છે. આજે એકસાથે ૮ દરખાસ્તો પરત મોકલાતા શાસક પક્ષ અને વહીવટી પાંખ વચ્ચે તમામ મુદ્દે સંપૂર્ણ સર્વસંમતિ ન હોવાનું ચિત્ર ફરી ઉપસ્યું છે.

રેસકોર્સ સંકુલના વિવિધ મેદાનો તથા સ્નાનાગારોની હાઉસકીપિંગ કામગીરી માટે ૨ વર્ષનો રૂ.૧.૧૮ કરોડનો કોન્ટ્રાક્ટ આપવાની દરખાસ્ત નામંજૂર કરવામાં આવી હતી. સ્ટેન્ડિંગ ચેરમેન પરેશ પીપળીયાના જણાવ્યા મુજબ સફાઈ વ્યવસ્થા, પગાર અને કામદારોની સંખ્યા સહિતની વધુ વિગતો મંગાવવામાં આવી છે.

કાલાવડ રોડ અને પેડક રોડના સ્વિમિંગ પુલ પાસેના જીમનું સંચાલન ખાનગી એજન્સીને સોંપવાની દરખાસ્ત પણ નામંજૂર કરાઈ હતી. અધિકારીઓએ રૂ.૬.૫૦ લાખની આવકનો અંદાજ દર્શાવ્યો હતો. તેના બદલે રૂ.૮ લાખની અપસેટ આવક રાખી ફરી ટેન્ડર પ્રક્રિયા કરવા સૂચના આપવામાં આવી છે.

શહેરમાં સ્ટ્રીટલાઇટ સુવિધા માટે કોર્પોરેટર ગ્રાન્ટમાંથી ૫ લાઇટની મર્યાદા દૂર કરવાની દરખાસ્ત પરત મોકલાઈ હતી. વેસ્ટ ઝોનમાં રૂ.૨.૪૪ કરોડના પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક અને આંગણવાડીના કામોની સ્થળવાર વિગતો પણ મંગાવવામાં આવી છે.

હર ઘર તિરંગા-૨૦૨૬ અભિયાન હેઠળ રૂ.૯ લાખના ખર્ચે સ્ટીક ખરીદી અંગે વધુ વિગતો મંગાવાઈ છે. પ્રદ્યુમન પાર્ક ઝૂના લાયન સફારી પાર્કમાં એન્ટ્રન્સ પ્લાઝા સહિતની સુવિધાઓ માટે રૂ.૭.૯૪ કરોડના રિવાઇઝ ખર્ચની દરખાસ્ત પણ પરત કરાઈ હતી.

રેસકોર્સ મેળા ગ્રાઉન્ડ અને રિંગ રોડની બંને બાજુ પાર્ટટાઇમ સફાઈ કામદારો મારફતે રૂ.૧.૧૨ કરોડના ૨ વર્ષના કોન્ટ્રાક્ટની દરખાસ્ત, લાઈબ્રેરીના હાઉસકીપિંગ તથા મનપાની વિવિધ ઈમારતોમાં AC, વોટર કુલર, સર્વિસ-રિપેરિંગ અને ખરીદીના રૂ.૯૬.૭૬ લાખના કોન્ટ્રાક્ટની દરખાસ્ત પણ પરત મોકલાઈ હતી. નવા સેન્ટ્રલ લાઈટિંગ અને ગાર્ડન લાઈટિંગના રૂ.૫.૭૨ કરોડના કોન્ટ્રાક્ટની દરખાસ્ત પણ કમિશનરને પરત કરવામાં આવી હતી.

સેન્ટ્રલ ઝોન-૧, ઝોન-૨ અને વેસ્ટ ઝોનના બગીચા, પાર્ક તથા બાળ ક્રીડાંગણની જાળવણીના રૂ.૨.૫ કરોડથી વધુના ૩ કોન્ટ્રાક્ટ મંજૂર કરાયા હતા, પરંતુ બહાલી માટે અલગથી દરખાસ્ત રજૂ કરવાની નોંધ કરાઈ છે.


આમ, ૨૫માંથી માત્ર ૧૨ દરખાસ્તો યથાવત મંજૂર થતાં અડધાથી વધુ દરખાસ્તો પરત, નામંજૂર અથવા અન્ય પ્રક્રિયામાં ગઈ છે. જેના પગલે શાસક અને વહીવટી પાંખ વચ્ચે નવા ઉપરાંત અગાઉના કામો અંગે પણ સંકલનનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે.



## ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ મેયર્સની બેઠકમાં વિકાસની ચર્ચા થશે

# ગુજરાતભરના મેયરો કાલે સુરતમાં !

## શહેરી વિકાસ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનું સંચાલન, નાગરિક સુવિધાઓ અને નગરપાલિકા વહીવટને વધુ સૃદ્રઢ બનાવવા જેવા વિવિધ મુદ્દાઓની ચર્ચા કરશે



**સિટી ન્યૂઝ@સુરત**

સુરત શહેરમાં આગામી ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ મેયર્સની ગુજરાત પ્રદેશ સ્તરની એક દિવસીય મહત્વપૂર્ણ બેઠક યોજાવાની છે. સુરત મહાનગરપાલિકા દ્વારા આ બેઠકની યજમાની કરવામાં આવશે, જેમાં રાજ્યની વિવિધ મહાનગરપાલિકાઓના મેયરો ઉપસ્થિત રહેશે. બેઠકમાં શહેરી વિકાસ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનું સંચાલન, નાગરિક સુવિધાઓ અને નગરપાલિકા વહીવટને વધુ સુદઢ બનાવવા જેવા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

રાજ્યભરમાંથી સુરત આવનારા મેયરો માટે બેઠકનું આયોજન સુરતના અદ્યતન ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે કરવામાં આવશે. અહીં ડિજિટલ ગવર્નન્સ, સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સ તેમજ મહાનગરપાલિકાઓ દ્વારા કરવામાં આવી રહેલી વિવિધ કામગીરી અંગે માહિતી અને અનુભવોનું આદાન-પ્રદાન પણ કરવામાં આવશે. સુરત મહાનગરપાલિકાના મેયર માયાબેન માવાણી દ્વારા મ્યુનિસિપલ કમિશનરને સત્તાવાર નોંધ પાઠવી બેઠકને લઈને જરૂરી વહીવટી અને આનુષંગિક વ્યવસ્થાઓ પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી છે. કાર્યક્રમમાં ઉપસ્થિત થનારા મહાનુભાવોને કોઈ અગવડ ન પડે તે માટે વિવિધ વિભાગો દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. બેઠકમાં આમંત્રિત મેયરોના સુરત આગમનથી લઈને તેમના રોકાણ અને પરિવહન સુધીની વિસ્તૃત વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. તમામ મહાનુભાવોના રોકાણ માટે સુરત સર્કિટ હાઉસ ખાતે વ્યવસ્થા કરવામાં આવશે. સાથે જ તેમના માટે ભોજનની વિશેષ સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

સ્થાનિક પરિવહન અને પ્રોટોકોલની વ્યવસ્થા સુચારૂ રહે તે માટે સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા રાજ્યની વિવિધ મહાનગરપાલિકાઓના મેયરો તથા તેમના કાર્યાલયો સાથે સંપર્ક અને સંકલનની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. બેઠક સફળતાપૂર્વક સંપન્ન થાય તે માટે વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

**ડિજિટલ ગવર્નન્સ, સ્માર્ટ સિટી પ્રોજેક્ટ તેમજ મહાપાલિકાઓ દ્વારા કરવામાં આવી રહેલી વિવિધ કામગીરી અંગે માહિતી અને અનુભવોનું આદાન-પ્રદાન પણ કરવામાં આવશે**

## બ્રિટિશ એવરેઝ અને ઈઝીજેટ સહિત ૬થી વધુ એરલાઈન્સને અસર

# બ્રિટનમાં એર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમમાં ખામી

# 1000 ફ્લાઈટ્સ રદ

**સિટી ન્યૂઝ@લંડન**

બ્રિટનમાં એર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમમાં સર્જાયેલી ટેકનિકલ ખામીને કારણે મંગળવારે ૧૦૦૦ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી. ફ્લાઈટ મોનિટરિંગ વેબસાઈટ ફ્લાઈટરડાર૨૪એ આ માહિતી આપી. બ્રિટનની નેશનલ એર ટ્રાફિક સર્વિસે જણાવ્યું કે આ સમસ્યા ફ્લાઈટ્સના ટેકઓફ પર અસર કરી રહી હતી. ફ્લાઈટ સિસ્ટમ ધીમે ધીમે સામાન્ય થઈ રહી છે.

ફ્લાઈટ રડાર ૨૪એ X પર જણાવ્યું કે બ્રિટિશ એરવેઝ, ઈઝીજેટ, KLM અને લુફ્થાન્સા સહિત ઘણી એરલાઈન્સની ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ છે. લંડનના હીથ્રો, સ્ટેનસ્ટેડ અને સિટી એરપોર્ટની સાથે જ મેન્ચેસ્ટર, બર્મિંગહામ, સ્કોટલેન્ડ અને બ્રિટનના અન્ય એરપોર્ટ્સની પણ કેટલીક ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ છે.



બજેટ એરલાઈન ઈઝીજેટે જણાવ્યું કે તેની કેટલીક ફ્લાઈટ્સ ઓપરેટ થઈ શકી નહીં. કંપનીના જણાવ્યા અનુસાર, સિસ્ટમમાં ખામીને કારણે સમગ્ર યુરોપમાં તેની ફ્લાઈટ્સમાં વિલંબ થયો. હીથ્રો એરપોર્ટની વેબસાઈટ પર મંગળવારે યુરોપના અલગ-અલગ શહેરો માટે જતી ઘણી શોર્ટ-હોલ ફ્લાઈટ્સ રદ અથવા મોડી દર્શાવવામાં આવી હતી. જોકે, એરપોર્ટ પર આવતી ફ્લાઈટ્સ પર તેની અસર જોવા મળી ન હતી. હજુ સુધી એ સ્પષ્ટ થયું નથી કે એર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમમાં ટેકનિકલ ખામી કયા કારણોસર થઈ.

રયાનએર એરલાઈને બ્રિટનની એર ટ્રાફિક કંટ્રોલ સર્વિસ NATS ના CEO માર્ટિન રોલ્ફ પાસેથી રાજીનામું માંગ્યું છે. કંપનીના જણાવ્યા અનુસાર, સિસ્ટમ ફેલ થવાને કારણે તેના ૬૫ હજારથી વધુ મુસાફરો પ્રભાવિત થયા હતા.

રયાનએરના COO નીલ મેકમોહને જણાવ્યું હતું કે ૨૦૨૩ માં NATS ની મોટી સિસ્ટમ ફેલ થયાના ત્રણ વર્ષ પછી પણ પરિસ્થિતિ બદલાઈ નથી. તેમણે કહ્યું કે આજે મુસાફરોને ૮ કલાક સુધીનો વિલંબ સહન કરવો પડ્યો, જેનું કારણ NATS ની મહત્વપૂર્ણ એર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમનું ફેલ થવું છે. બીજી તરફ, બ્રિટિશ એરવેઝે જણાવ્યું હતું કે એર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમમાં આવેલી ખામી તેના સંપૂર્ણ નિયંત્રણ બહાર હતી અને તે પરિસ્થિતિ સુધારવાનો પ્રયાસ કરી રહી છે.



## પૂર બાદ નવું સંકટ

# નેપાળમાં 5ની તીવ્રતાનો ભૂકંપ

**સિટી ન્યૂઝ@કાઠમંડુ**

નેપાળમાં મંગળવારે રાત્રે ૫ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. હાલ કોઈ નુકસાનની જાણકારી નથી. જ્યારે પૂરના ૧૩ દિવસ પછી પણ રાહત અને બચાવ અભિયાન ચાલુ છે. રેસ્ક્યુ ટીમ અલગ-અલગ ૭ હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સની સુરંગોમાં ફસાયેલા કર્મચારીઓની શોધ કરી રહી છે.

અત્યાર સુધીમાં ૧૩ હજારથી વધુ લોકોને બચાવી લેવાયા છે, જ્યારે ૪૮૯૪ લોકો હજુ પણ ગુમ છે. જેમાં ૫૮૭ વિદેશી નાગરિકોનો સમાવેશ થાય છે. પહાડી વિસ્તારો, તૂટેલા રસ્તાઓ અને ભારે કાટમાળને કારણે બચાવ અભિયાનમાં ઘણી મુશ્કેલીઓ આવી રહી છે. નેપાળમાં પૂર અને ભૂસ્ખલનથી ૧,૩૫૬ લોકોના મોત થયા છે. જ્યારે તિબેટમાં ૪૩ લોકોના મોત થયા છે અને ૫૧૯ ગુમ છે.

## હોર્મુઝમાં 10 જહાજો પર હુમલાનો દાવો

# અમેરિકાનો 5 ઈરાની ટેન્કરો પર હુમલો

## જવાબમાં ઈરાને જોર્ડનમાં US બેઝ પર 20 મિસાઈલ ઠોકી

**સિટી ન્યૂઝ@તેહરાન**

અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ફરી એકવાર વધી ગયો છે. અમેરિકી સેનાએ મંગળવારે (૮ સપ્ટેમ્બર) ઈરાન સાથે સંકળાયેલા ૫ તેલ ટેન્કરો પર હુમલો કર્યો. તેના થોડા કલાકો પછી ઈરાને જોર્ડનમાં અમેરિકી સૈન્ય ઠેકાણા તરફ ૨૦ બેલિસ્ટિક મિસાઈલો છોડી. જોર્ડનની સેનાએ દાવો કર્યો કે તેની એર ડિફેન્સ સિસ્ટમે ૧૮ મિસાઈલોને તોડી પાડી, જ્યારે બે મિસાઈલો વસ્તીથી દૂરના વિસ્તારોમાં પડી.

અમેરિકી સેન્ટ્રલ કમાન્ડએ જણાવ્યું કે ઈરાને છેલ્લા બે દિવસમાં અમેરિકી નૌકાદળના એક યુદ્ધ જહાજને બે વાર બેલિસ્ટિક મિસાઈલથી નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો. તેના જવાબમાં અમેરિકી સેનાએ ઈરાનના રેવોલ્યુશનરી ગાર્ડ્સ કોર્પ્સ (IRGC) સાથે સંકળાયેલા તેલ ટેન્કરો પર હુમલો કર્યો. અમેરિકાના હુમલા બાદ ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાં ૧૦ જહાજો પર હુમલા કરવાનો દાવો કર્યો છે. આમાં ૨ અમેરિકી જહાજો અને ૮ તેલ ટેન્કરો શામેલ છે. ઈરાને કહ્યું કે આ જહાજો પ્રતિબંધિત વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા.

CENTCOM અનુસાર, અમેરિકી સેનાએ



ઓમાનના અખાતમાં ૪ તેલ ટેન્કરોને નિશાન બનાવ્યા. એક અન્ય ટેન્કર પર ઈરાનના ખાર્ગ દ્વીપ નજીક હુમલો કરવામાં આવ્યો. ખાર્ગ દ્વીપ ઈરાનનું સૌથી મોટું તેલ નિકાસ કેન્દ્ર છે. અમેરિકાએ દાવો કર્યો કે જે પાંચ ટેન્કરો પર હુમલો કરવામાં આવ્યો હતો, તે અબજો ડોલરના એક છાયા નેટવર્કનો ભાગ હતા. અમેરિકી કાર્યવાહી બાદ ઈરાને જોર્ડનમાં હાજર અમેરિકી સૈન્ય ઠેકાણાને નિશાન બનાવ્યું. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે કહ્યું કે તેણે અલ-અઝરાક એર બેઝ પર ભારે મિસાઈલ હુમલા કર્યા. આ બેઝ પાસે મુવાફ્ફક સલ્તી એર બેઝ પણ છે, જ્યાં અમેરિકી સેનાની હાજરી રહે છે.

## એપલ વોચ 12, વોચ અલ્ટ્રા 4 અને નવા એરપોડ્સ પણ આવશે

# એપલ ઈવેન્ટમાં બેઝ આઈફોન 18 લોન્ચ નહીં થાય; ફોલ્ડેબલ ફોન પ્રો મોડલ્સ લોન્ચ થશે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**



એપલ આજે ૯ સપ્ટેમ્બરના રોજ યોજાનાર તેના વાર્ષિક ઈવેન્ટમાં સ્ટાન્ડર્ડ આઈફોન ૧૮ લોન્ચ નહીં કરે. આ ઈવેન્ટમાં માત્ર ત્રણ પ્રીમિયમ ડિવાઈસ આઈફોન ૧૮ પ્રો, આઈફોન ૧૮ પ્રો મેક્સ અને કંપનીનો પહેલો ફોલ્ડેબલ આઈફોન રજૂ થવાની અપેક્ષા છે. આનું કારણ મેમરી ચિપની વધતી કિંમત છે. આ ઉપરાંત વેરેબલ્સ સેગમેન્ટમાં નવી વોચ અને એરપોડ્સ પણ રજૂ કરવામાં આવશે.

૧ સપ્ટેમ્બરના રોજ ટિમ કૂકના પદ છોડ્યા પછી નવા CEO બનેલા જ્હોન ટર્નસનું આ પહેલું કીનોટ હશે. ઈવેન્ટ ભારતીય સમય અનુસાર આજે રાત્રે ૧૦:૩૦ વાગ્યે શરૂ થશે, જેને એપલની વેબસાઈટ પર લાઈવ જોઈ શકાય છે.

પહેલો ફોલ્ડેબલ આઈફોન: ખુલવા પર આઈપેડ મિની જેટલો મોટો હોઈ શકે છે.

એપલ વોચ ૧૨, વોચ અલ્ટ્રા ૪ અને નવા એરપોડ્સ પણ આવશે. આઈફોન ઉપરાંત, ઈવેન્ટમાં કંપની તેની વેરેબલ્સ ઈકોસિસ્ટમને પણ મોટું અપગ્રેડ આપશે. સ્ટેજ પરથી નવી સ્માર્ટવોચ અને ઓડિયો ડિવાઈસ રજૂ કરવામાં આવશે.

એપલ વોચ સિરીઝ ૧૨: રેગ્યુલર લાઈનઅપમાં નવા અને વધુ પાવર-એફિશિયન્ટ S-સિરીઝ પ્રોસેસર સાથે વોચ ૧૨ આવશે. તેમાં બહેતર સ્લીપ ટ્રેકિંગ, પ્રિડિક્ટિવ હેલ્થ એલર્ટ્સ અને પહેલાં કરતાં વધુ બ્રાઈટ ડિસ્પ્લે મળવાની અપેક્ષા છે. તે આઉટ-ઓફ-ધ-બોક્સ નવા watchOS ૨૭ પર કામ કરશે.

એપલ વોચ અલ્ટ્રા ૪: એક્સટ્રીમ સ્પોર્ટ્સ અને આઉટડોર યુઝર્સ માટે ડિઝાઈન કરાયેલી અલ્ટ્રા સિરીઝમાં આ વખતે વધુ મજબૂત ટાઈટેનિયમ ચેસિસ સાથે મોટી બેટરી મળી શકે છે. તેમાં સેટેલાઈટ કનેક્ટિવિટી અને ડીપ-ડાઈવિંગ ફીચર્સને વધુ સચોટ બનાવવામાં આવ્યા છે.

નેક્સ્ટ જનરેશન એરપોડ્સ: નવા એરપોડ્સ લાઈનઅપમાં એક્ટિવ નોઈઝ કેન્સલેશન (ANC) અને ઈન-ઈયર ઑડિયો એક્સપિરિયન્સને બહેતર બનાવવા માટે નવી H-સિરીઝ ચિપ આપવામાં આવશે. સાથે જ, ચાર્જિંગ કેસમાં સિરી AI અને 'ફાઈન્ડ માય' નેટવર્ક માટે બહેતર સપોર્ટ જોવા મળશે.

## ભારતમાં ક્રૂડ ઓઈલ 100ને પાર

# પેટ્રોલના ભાવ ફરી વધવાની શક્યતા

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**



૮ સપ્ટેમ્બરના રોજ ભારતીય ક્રૂડ ઓઈલ બાસ્કેટનો ભાવ પ્રતિ બેરલ $૧૦૦.૭૫ રહ્યો હતો. આ પહેલા શુક્રવારે ભારતીય બાસ્કેટનો ભાવ $૧૦૧ પ્રતિ બેરલને પણ પાર કરી ગયો હતો. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, મધ્ય પૂર્વમાં વધતા તણાવ અને ક્રૂડ ઓઈલ સપ્લાય અંગેની અનિશ્ચિતતાના કારણે ભારતીય ક્રૂડ ઓઈલ બાસ્કેટના ભાવમાં વધારો થયો છે. મે મહિના બાદ આ પહેલીવાર છે જ્યારે ભારતીય ક્રૂડ ઓઈલ બાસ્કેટની કિંમત ફરીથી $૧૦૦ પ્રતિ બેરલથી ઉપર પહોંચી છે.

જો આગામી દિવસોમાં ભારતીય ક્રૂડ ઓઈલ બાસ્કેટનો ભાવ $૧૦૦ પ્રતિ બેરલથી ઉપર જળવાઈ રહે છે, તો તેની સીધી અસર પેટ્રોલ અને ડીઝલના ભાવ પર પડી શકે છે. નિષ્ણાતોના અંદાજ મુજબ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર ૩થી ૫ સુધીનો વધારો જોવા મળી શકે છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં આવેલા તેજીના કારણે ભારતીય બાસ્કેટની કિંમત પણ વધી છે. PPACના આંકડા મુજબ, શુક્રવારે $૧૦૧ પ્રતિ બેરલને પાર કર્યા બાદ ૮ સપ્ટેમ્બરના રોજ ભારતીય બાસ્કેટનો ભાવ $૧૦૦.૭૫ પ્રતિ બેરલ રહ્યો હતો. આ સતત બીજો ટ્રેડિંગ દિવસ હતો જ્યારે ભારતીય ક્રૂડ ઓઈલ બાસ્કેટની કિંમત $૧૦૦ પ્રતિ બેરલથી ઉપર રહી હતી. મે મહિના બાદ આ પહેલીવાર છે જ્યારે ભારતીય બાસ્કેટ ફરી આ સ્તર સુધી પહોંચી છે.

અગાઉ એપ્રિલ મહિનામાં ભારતીય બાસ્કેટનો ભાવ પ્રતિ બેરલ $૧૧૪.૪૮ સુધી પહોંચ્યો હતો. મે મહિનામાં તેનો સરેરાશ ભાવ $૧૦૬.૨૩ રહ્યો હતો. ત્યારબાદ જૂન, જુલાઈ અને ઓગસ્ટમાં ક્રૂડ ઓઈલના સરેરાશ ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. જૂનમાં સરેરાશ ભાવ $૮૩.૨૨, જુલાઈમાં $૮૨.૦૪ અને ઓગસ્ટમાં $૯૦.૧૯ પ્રતિ બેરલ રહ્યો હતો.

જુલાઈ મહિનાથી અત્યાર સુધી ભારતીય ક્રૂડ ઓઈલ બાસ્કેટના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. જુલાઈમાં સરેરાશ ભાવ પ્રતિ બેરલ $૮૨.૦૪ હતો, જે હવે વધીને લગભગ $૧૦૦.૭૫ સુધી પહોંચી ગયો છે. આ રીતે જુલાઈથી અત્યાર સુધી ભારતીય બાસ્કેટની કિંમતમાં પ્રતિ બેરલ લગભગ $૧૮નો વધારો થયો છે. ટકાવારીની દ્રષ્ટિએ આ વધારો લગભગ ૨૩ ટકા જેટલો છે.



# દિલ્હીના પૂર્વ મુખ્ય સચિવનો આપઘાત

**સિટી ન્યૂઝ@નોઈડા**

દિલ્હીના પૂર્વ મુખ્ય સચિવ રાકેશ મહેતાએ નોઈડામાં આત્મહત્યા કરી હતી. તેમની ઉંમર ૭૫ વર્ષ હતી. પૂર્વ IAS પત્ની સુમંતી મહેતાએ રવિવારે બપોરે તેમને ઘણી વાર ફોન કર્યો, પરંતુ તેમનો સંપર્ક થઈ શક્યો ન હતો. ત્યારબાદ તેમણે સોસાયટીના ગાર્ડને એપાર્ટમેન્ટમાં મોકલ્યો. પહોંચ્યા પછી, ગાર્ડને રાકેશ મહેતાનો મૃતદેહ છતના પંખા સાથે લટકતો જોવા મળ્યો.

રાકેશ મહેતા સેક્ટર-૮૨ સ્થિત કેન્દ્રીય વિહાર-૨ સોસાયટીમાં ભાડાના ફ્લેટમાં રહેતા હતા. પોલીસને ઘટનાસ્થળેથી એક પાનાની સુસાઈડ નોટ મળી. તેમાં બીમારીથી પરેશાન હોવાની વાત લખેલી છે. આ ઘટના માટે તેમણે કોઈને જવાબદાર ઠેરવ્યા નથી. રાકેશ મહેતા ૧૯૭૫ બેચના IAS અધિકારી હતા. તેઓ દિલ્હીના પૂર્વ સીએમ શીલા દીક્ષિતના નજીકના હતા. પરિવારજનોએ સોમવારે તેમનો દિલ્હીમાં અંતિમ સંસ્કાર કર્યા. મંગળવારે પરિવારજનો પોલીસ પાસે પહોંચ્યા ત્યારે રાકેશ મહેતાની આત્મહત્યાની વિગતો સામે આવી.

રાકેશ મહેતા મૂળભૂત રીતે દેહરાદૂનના રહેવાસી હતા. તેઓ લગભગ પાંચ વર્ષથી નોઈડાના સેક્ટર-૮૨ સ્થિત કેન્દ્રીય વિહાર-૨ સોસાયટીમાં રહેતા હતા. પત્ની સુમંતી મહેતા દિલ્હી કેડરના IAS અધિકારી રહી ચૂક્યા છે. તેમને ૨ બાળકો છે. પુત્ર પીએચડી કરી રહ્યો છે. પરણેલી પુત્રી લંડનમાં રહે છે.

ઘટના સમયે રાકેશ મહેતાની પત્ની સુમંતી મહેતા દેહરાદૂનના વસંત વિહારમાં પોતાના પુત્ર પાસે ગઈ હતી. જણાવવામાં આવ્યું કે પતિના સતત ફોન ન ઉપાડવાને કારણે તેમને ચિંતા થઈ. આ પછી મામલાની જાણકારી પોલીસ સુધી પહોંચી. મહેતાએ વહીવટી સેવા દરમિયાન દિલ્હી સરકાર અને નગર નિગમમાં ઘણા મહત્વપૂર્ણ પદો પર કામ કર્યું હતું. તેઓ દિલ્હીના મુખ્ય સચિવ અને દિલ્હી નગર નિગમના કમિશનર જેવા મહત્વના પદો પર રહી ચૂક્યા હતા.



રણવીરસિંહે પુત્રી દુરવાના બર્થ-ડે પર ફોટા શેર કર્યા

# દીપિકા પાદુકોણનું પ્રેગનેન્સી ફોટો શૂટ

દીપિકા પાદુકોણ અને રણવીર સિંહનો નાનો પરિવાર મોટો થઈ રહ્યો છે. આ વર્ષની શરૂઆતમાં તેમની બીજી ગર્ભાવસ્થાની જાહેરાત કરનારા આ કપલેએ હવે ફરીથી માતાપિતા બનવાની તૈયારી કરતી વખતે તેમના કાળા અને સફેદ ફોટાઓનો સેટ શેર કર્યો છે. આ ફોટા આજે દુઆના બીજા જન્મદિવસ પર આવ્યા છે, જે પરિવારની સાથે ઝલકને વધુ ખાસ બનાવે છે. એક ફોટોગ્રાફમાં, રણવીર દીપિકાની નજીક ઉભો છે, તેના બેબી બમ્પને હળવેથી પકડી રાખે છે અને બંને સ્મિત સાથે કપાળને સ્પર્શ કરે છે. દીપિકા ફીટેડ લેસ આઉટફિટમાં જોવા મળે છે જે તેના વધતા બમ્પને પ્રકાશિત કરે છે, જ્યારે રણવીર સફેદ શર્ટ અને ટ્રાઉઝરમાં પોતાનો લુક સિમ્પલ રાખે છે.

# અર્જુન કપૂર સાથે મલાઈકાએ લગ્નની જીદ કરતા બ્રેકઅપ થયું હતું



મલાઈકા અરોરા પોતાના ડાન્સની સાથે-સાથે પોતાની ફિટનેસ અને પર્સનલ લાઈફને લઈને પણ ચાહકોનું ધ્યાન ખેંચે છે. અરબાઝ ખાન સાથે છૂટાછેડા બાદ તેણે પોતાનાથી ઉંમરમાં ૧૨ વર્ષ નાના અર્જુન કપૂરને ડેટ કર્યો હતો. બન્ને લગભગ ૬ વર્ષ સુધી રિલેશનશિપમાં રહ્યાં હતાં, જોકે ત્યાર બાદ તેમનું બ્રેકઅપ થઈ ગયું હતું. હવે તેમના બ્રેકઅપનું કારણ સામે આવ્યું છે.જાણીતા ફિલ્મ-પત્રકાર વિકી લાલવાણીએ મલાઈકા અરોરા અને અર્જુન કપૂરના બ્રેકઅપ વિશે વાત કરતાં કહ્યું હતું કે 'મને મારાં સૂત્રો પાસેથી માહિતી મળી હતી કે બન્ને વચ્ચે લગ્નને લઈને મતભેદ હતા. હકીકતમાં અર્જુન લગ્ન માટે તૈયાર નહોતો અને મલાઈકા લગ્ન કરવા માગતી હતી.

શો પૂરો કરી પરત ફરી રહેલા ત્યારે હૂમલાખોરોએ ફાયરિંગ કર્યું

# પંજાબી સિંગર અને એક્ટર એમી વિર્ક પર કેનેડામાં ફાયરિંગ




## 10 ગોળીઓ ચલાવીઃ સિંગર સલામત

**સિટી ન્યૂઝ@મુંબઈ**

પંજાબી સિંગર અને એક્ટર એમી વિર્ક પર કેનેડામાં શો પછી ફાયરિંગનો મામલો સામે આવ્યો છે. શનિવારે મોડી રાત્રે શો પૂરો કરીને પરત ફરી રહેલા એમી વિર્કની રોલ્સ રોયસ કલિનન પર અજાણ્યા હુમલાખોરોએ આડેધડ ફાયરિંગ કર્યું. ગાડીમાં એમી વિર્ક સહિત ચાર લોકો સવાર હતા. લગભગ ૭ થી ૧૦ ગોળીઓ ચલાવવામાં આવી હતી, જેમાંથી ૭ના નિશાન ગાડી પર મળ્યા. હુમલામાં બધા સુરક્ષિત છે. શરૂઆતમાં એક કાર પર ગોળીઓ ચાલ્યાની સૂચના હતી, પરંતુ આયોજકોએ હવે સ્પષ્ટ કર્યું છે કે આ કારમાં પંજાબી સિંગર એમવી વિર્ક પણ હતા. જોકે, દુનિયાની મોંઘી કારોમાંની એક રોલ્સ રોયસ કલિનનમાં હોવાને કારણે ગોળીઓ આરપાર થઈ શકી નહીં. કારમાં ૭ બુલેટ વાગી છે. વધુ નુકસાન પાછળના કાચ પર થયું.ઘટના શનિવારે રાત્રે લગભગ ૧૧ વાગ્યે કેનેડાના મેક્કલમ રોડ અને સાઉથ ફ્રેઝર વે પાસે બની હતી. એમી વિર્ક એબોટ્સફોર્ડના રોજર ફોર્નમાં શો પૂરો કરીને રોલ્સ રોયસમાં નીકળ્યો હતો. આ દરમિયાન અજાણ્યા હુમલાખોરોએ તેની ગાડીને નિશાન બનાવી હતી. ગોળીઓની સૌથી વધુ અસર પાછળના કાચ પર થઈ હતી, પરંતુ ગાડીની મજબૂત બોડીને કારણે તે આરપાર થઈ શકી ન હતી.એમી વિર્ક ઉપરાંત ગાડીમાં સર્રેની એક વ્યક્તિ પણ હાજર હતો.

# સુકાયેલી મગફળી અને ઘાસચારો લઈને AAP ધારાસભ્યો વિધાનસભા પહોંચ્યા






સિટી ન્યૂઝ@રાજકોટ

વિધાનસભા સત્રના પ્રથમ દિવસે આમ આદમી પાર્ટીના નેતાઓ અને ધારાસભ્યો સુકાયેલી મગફળી સહિતના સુકાયેલા પાક અને ઘાસચારો લઈને વિધાનસભા પહોંચ્યા હતા. દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહની આગેવાની કરી રહેલા ઈસુદાન ગઢવી સાથે AAP ધારાસભ્યો ગોપાલ ઈટાલિયા, ચૈતર વસાવા, હેમંત ખવા અને સુધીર વાઘાણીએ ખેડૂતો માટે તાત્કાલિક દુષ્કાળ જાહેર કરવાની માંગ ઉઠાવી હતી.

ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે દેવભૂમિ દ્વારકા, પોરબંદર, સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં ખેડૂતો દુષ્કાળ જેવી ગંભીર સ્થિતિનો સામનો કરી રહ્યા છે. વરસાદની અછત અને સિંચાઈના પાણીની સમસ્યાને કારણે ઊભો પાક સુકાઈ ગયો છે. પરિણામે ખેડૂતો પર આર્થિક ભારણ વધી રહ્યું છે અને અનેક ખેડૂતો દેવાના બોજા હેઠળ આવી ગયા છે. બીજી તરફ, પશુપાલકોને ઘાસચારા અને પીવાના પાણીની અછતનો સામનો કરવો પડી રહ્યો છે.

તેમણે કહ્યું હતું કે ખેડૂતો અને પશુપાલકોની વાસ્તવિક સ્થિતિ સરકાર સમક્ષ રજૂ કરવા માટે સુકાયેલી મગફળી, અન્ય સુકાયેલા પાક અને ઘાસચારો વિધાનસભા સુધી લાવવામાં આવ્યા છે. સરકાર તાત્કાલિક દુષ્કાળ જાહેર કરી સિંચાઈ માટે પાણીની વ્યવસ્થા કરે તેવી માંગ છે. પાક સુકાઈ ગયો હોવા છતાં ખેડૂતોને પૂરતી રાહત અને સહાય ન મળતી હોવાનો મુદ્દો પણ તેમણે ઉઠાવ્યો હતો.

ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતું કે ઘાસચારાની અછતને કારણે માલધારીઓ હિજરત કરવા મજબૂર બની રહ્યા છે. ખેડૂતોને ૧૫ દિવસે એક ઘાસચારાની ઘાંસડી મળે તો તેનાથી પશુધનનું ભરણપોષણ કેવી રીતે શક્ય બને તે ગંભીર પ્રશ્ન છે. પીવાના પાણીની સમસ્યા પણ અનેક વિસ્તારોમાં ઊભી થઈ છે અને સિંચાઈના પાણીની વાત તો દૂર રહી, લોકો માટે પીવાનું પાણી મેળવવું પણ મુશ્કેલ બની રહ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે ખેડૂતો આંદોલન કરે અથવા પરિસ્થિતિ વધુ ગંભીર બને તેની રાહ જોવાને બદલે સરકારે તાત્કાલિક રાહત પેકેજ, પાણી અને ઘાસચારાની વ્યવસ્થા જાહેર કરવી જોઈએ. ખેડૂતો, પશુપાલકો અને ખેતમજૂરોને બચાવવા માટે AAPના ધારાસભ્યો વિધાનસભામાં આ મુદ્દો મજબૂતીથી રજૂ કરશે.

AAPના જણાવ્યા મુજબ, ગોપાલ ઈટાલિયા, ચૈતર વસાવા, હેમંત ખવા અને સુધીર વાઘાણી વિધાનસભામાં દુષ્કાળ જાહેર કરવાની માંગ સાથે ખેડૂતોના પ્રશ્નો ઉઠાવશે અને સરકાર પાસેથી તાત્કાલિક પગલાંની માંગ કરશે.

# ઈન્સ્ટાગ્રામમાં આવેલી અજાણી લીંક ખોલતા વૃદ્ધ વેપારી બન્યા સાયબર માફિયાઓનો શિકાર

## »રાજકોટમાં ટ્રેડીંગમાં રોકાણના નામે સોફટવેર એન્જીનીયર સાથે 12 લાખની છેતરપિંડી

## »પૈસા વિડ્રો કરવા વધુ 3.50 લાખ માંગતા ફ્રોડની જાણ થઈ : સાયબર ક્રાઈમમાં ફરિયાદ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં રૈયા રોડ પર રહેતા સોફટવેર એન્જીનીયર સાથે સાયબર માફીયાઓએ ઈન્સ્ટાગ્રામ મારફતે લીંક મોકલી ટ્રેડીંગમાં રોકાણમાં વધુ વળતર આપવાની લાલચ આપી રૂ.૧૨ લાખની છેતરપીંડી કર્યાની ફરિયાદ કરતા સાયબર ક્રાઈમ પોલીસે અજાણ્યા શખસો સામે ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા મથામણ કરી છે.


પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ રૈયારોડ પર તિરૂપતી નગરમાં રહેતા નવીનચંદ્ર રતનસી ચાવડાએ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરીયાદ કરી હતી. ફરીયાદમાં જણાવ્યુ હતુ કે. ગત ઓગસ્ટ માસની શરૂઆતમાં તેમના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો હતો, જેમાં સાયબર ઠગ શિવમ નામના શખ્સે પોતાની ઓળખ આપી ફોરેક્સ ટ્રેડિંગમાં ખૂબ જ સારું વળતર (પ્રોફિટ) મળવાની લાલચ આપી હતી. તેણે પ્લે સ્ટોર જેવી દેખાતી એક લીંક મોકલી એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. ત્યારબાદ પ્રતીક નામના અન્ય એક શખ્સે તેની સાથે વાતચીત કરી ટ્રેડિંગ એકાઉન્ટ ખોલાવી તબક્કાવાર રોકાણ કરાવવાનું શરૂ કર્યું હતું. જેમા એક હજારથી રૂ.૪૯ હજાર કટકે કટકે ટ્રાન્સફર કરાવ્યા હતા. અને એપમાં પ્રોફિટ બતાવી વિશ્વાસ કેળવવામાં આવ્યો હતો. ત્યારબાદ વધુ કમાણી અને કમિશન બોનસની લાલચ આપી શિવમ અને પ્રતીકે ફરિયાદી પાસેથી આઈસીઆઈસીઆઈ બેંક ખાતામાંથી અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ મળીને રૂ.૧૨ લાખ જેટલી રકમ જુદા જુદા ટ્રાન્ઝેક્શન કરાવ્યા હતા. દરમ્યાન નવિનચંદ્રએ પોતાના રોકાણ કરેલા નાણાં અને થયેલ નફો ઉપાડવાનો પ્રયાસ કર્યો, ત્યારે ઠગાઈ આચરનારા શખ્સોએ ૧૦ ટકા લેખે વધુ રૂ.૩.૫૦ લાખ જમા કરાવવાની માંગણી કરી હતી. નવિનચંદ્રભાઈને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં તેમણે નાણાં આપવાની ના પાડી વિડ્રોઅલ માંગ્યું હતું, પરંતુ ઠગોએ પૈસા પરત આપવાનો ઈનકાર કરી દીધો હોય પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડી લેવા દોડધામ કરી છે.

# પર્યુષણ પર્વ બીજો દિવસ

### આચાર્ય મહાશ્રમણે વર્ણવ્યો મહિમા

## પર્યુષણ; જીવનને બહારથી નહીં, અંદરથી બદલવાનું મહાપર્વ

સુખની શોધમાં મનુષ્ય આખી જિંદગી પ્રયાસ કરે છે, પરંતુ કાયમી અને નિરપેક્ષ સુખ માત્ર બાહ્ય સાધનોથી મળતું નથી. તેનો માર્ગ અધ્યાત્મમાંથી પસાર થાય છે. પર્યુષણ મહાપર્વ આ ભીતરની યાત્રાનો અવસર છે. આ આપણને થોડા સમય માટે સંસારની દોડધામમાંથી વિરામ લઈને આપણા મન, વિચારો અને આચરણને જોવાની પ્રેરણા આપે છે.જૈન શ્વેતાંબર પરંપરામાં પર્યુષણ આખા વર્ષનું વિશેષ ધર્મ આરાધના પર્વ છે. તેની સાધનાનો સર્વોચ્ચ અવસર સંવત્સરી મહાપર્વ માનવામાં આવે છે. આ દિવસે સાધુ-સાધ્વીઓ અનિવાર્યપણે સંપૂર્ણ ઉપવાસ કરે છે. શ્રાવક-શ્રાવિકાઓ પણ ઉપવાસ, પૌષધ, સામાયિક અને પ્રવચન-શ્રવણ દ્વારા પોતાની ક્ષમતા મુજબ આરાધના કરે છે. બાળકોને પણ આ પ્રસંગે ધર્મ પ્રત્યે રુચિ કેળવવા માટે પ્રેરિત કરવામાં આવે છે.પર્યુષણની તૈયારી સંવત્સરી પહેલાના સાત દિવસોમાં જ શરૂ થઈ જાય છે. આ દિવસોમાં વિશેષ પ્રવચન, સ્વાધ્યાય અને ધર્મ આરાધનાનો ક્રમ ચાલે છે. જ્યાં આચાર્યો અને સાધુ-સાધ્વીઓની ઉપસ્થિતિ હોય છે, ત્યાં શ્રાવક સમાજને તેમનું માર્ગદર્શન મળે છે. અન્ય સ્થળોએ પણ સ્વાધ્યાયીઓ અને ઉપાસકો દ્વારા આ સાધનાને આગળ વધારવાનો પ્રયાસ કરવામાં આવે છે.સંવત્સરી માત્ર ઉપવાસનો દિવસ નથી, મૈત્રીનું મહાપર્વ છે. આ એવો અવસર છે, જ્યારે મનમાં વર્ષોથી જમા થયેલી દુશ્મનાવટની ગાંઠો ખોલી શકાય છે. જો કોઈના પ્રત્યે રાગ-દ્વેષ કે મનદુખ હોય, તો તેને હૃદયથી સમાપ્ત કરવાનો સંકલ્પ લેવામાં આવે. જેમની સામે કોઈ ફરિયાદ નથી, તેમની સાથે પણ ભવિષ્યમાં સુમેળ જાળવી રાખવાનો પ્રણ લેવામાં આવે. સંવત્સરીના ઉપવાસની સાધનામાં આખા વર્ષના વૈમનસ્ય (કડવાશ) ને બાળી નાખવાનો ભાવ હોવો જોઈએ.


**આચાર્ય મહાશ્રમણ**
જૈન શ્વેતાંબર તેરાપંથ ધર્મ સંઘના અગિયારમા અને વર્તમાન સર્વોચ્ચ આચાર્ય (પ્રમુખ)

આ દિવસે પ્રવચન-શ્રવણની સાથે આખા વર્ષનું આત્મનિરીક્ષણ પણ કરવામાં આવે. શ્રાવકાચારમાં કોઈ દોષ લાગ્યો હોય તો તેની આલોચના અને જરૂર પડે તો પ્રાયશ્ચિત કરવામાં આવે. આગામી સંવત્સરી સુધી કોઈ ત્યાગ, પ્રત્યાખ્યાન અથવા સંકલ્પને જીવનમાં ઉતારવાનો પ્રયાસ થાય. સંવત્સરીના પારણાનો દિવસ 'ખમતખામણા' નો દિવસ હોય છે. આ પ્રસંગે પરિવારજનો, સંબંધીઓ અને પરિચિતો પાસે હૃદયપૂર્વક ક્ષમાયાચના કરવી પર્વની સાર્થકતાને વધુ વધારે છે.

પર્યુષણ આપણને યાદ અપાવે છે કે ધર્મ માત્ર પૂજા-પાઠ પૂરતો સીમિત નથી, પરંતુ જીવનના વ્યવહારમાં ઉતરનારી સાધના છે. તેનો ઉદ્દેશ્ય આત્માને અધ્યાત્મભાવિત કરવાનો અને જીવનમાં ગંભીરતા, સંયમ તથા ઉચ્ચતા લાવવાનો છે.

॥ ઉચ્ચત્વમપરા નાદ્રૌ નેદં સિન્ધૌ ગભીરતા ॥


॥ અલંઘનીયતાહેતોર્દ્વયમેતદ્ મનસ્વિનિ ॥

પર્વતમાં ઊંચાઈ હોય છે, પણ ઊંડાણ નહીં; સમુદ્રમાં ઊંડાણ હોય છે, પણ ઊંચાઈ નહીં. મનસ્વી વ્યક્તિમાં બંનેનો સમન્વય હોય છે. પર્યુષણ મહાપર્વ આપણને જ્ઞાનની ઊંડાઈ અને આચરણની ઊંચાઈ પ્રાપ્ત કરવાની પ્રેરણા આપે છે.

### એક વાર દિલ OPEN કરી લેવાથી દિલથી દિલનું connection થઈ જાય છે

## પર્યુષણ પર્વ ભૂલોનો એકરાર કરીને સ્વયંને ચેન્જ કરવા માટે હોય

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વમાં માત્ર પ્રભુનાં વચનોનું શ્રવણ ન કરવાનું હોય પણ આપણાં વચનોને પણ પુણ્ય વચન બનાવવાનાં હોય. પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ ભૂલોનો એકરાર કરીને સ્વયંને change કરવા માટે હોય છે.માનવમનની માનસિકતા હોય છે કે તેઓ સાંભળે ઓછું અને સંભળાવે વધારે અને જ્યારે સંભળાવે ત્યારે તેનાં વચનો યા તો કોઈને hurt કરે એવાં હોય યા કોઈને heal કરે એવાં હોય. Check કરો, તમારી selfને... તમારાં વચનો શણગારે એવાં છે કે સળગાવે એવાં છે? શું તમે ક્યારેય પ્રભુનાં વચનોને, પ્રભુના ભાવોને સમજવાનો પ્રયત્ન કર્યો છે? સ્વયંનાં વચનોને પ્રભુનાં વચનો જેવાં બનાવવાનો પ્રયત્ન કર્યો છે?આજે પ્રભુ સમક્ષ એકરાર કરો, પ્રભુ! આ મારી ભૂલ છે!ભૂલનો એકરાર કરવાથી ભૂલ repeat થતી નથી. મનુષ્ય સૌથી વધારે પાપકર્મ મનથી કરે છે અને મન પછી સૌથી વધારે પાપકર્મ, દ્વેષ, ભૂલ અને દોષોનું સેવન કરે છે વચનથી!યાદ કરો... તમારા જ શબ્દો ક્યારેક કોઈને શણગારે એવા હશે અને ક્યારેક કોઈને સળગાવે એવા હશે. આજે એક-એક વચનને યાદ કરીને એકરાર કરી લો, વચનની શુદ્ધિ કરી લો, વચનનું પ્રતિક્રમણ કરી લો. પ્રભુ સાથે એકાકાર થવા માટેનો આ એક શ્રેષ્ઠ ઉપાય છે. મારા પ્રભુનાં વચન કોઈના heartને hurt કરે એવાં ન હોય તો મારાં વચન કેમ કોઈને hurt કરે એવાં હોય? સામે બોલાયેલા શબ્દો માટે તો તમે સહજતાથી sorry કે મિચ્છા મિ દુક્કડમ્ કરી લો છો; અપમાન, આક્રોશ, આવેગ અને ક્રોધમાં બોલાયેલા શબ્દોની તો માફી માગી લો છો; પણ વ્યક્તિ સામે ન હોય ત્યારે તેના માટે બોલાયેલા શબ્દોની, તેની કરેલી ટીકાની, તેની કરેલી નિંદાની ક્યારેય માફી માગી છે? એ ટીકા, નિંદા કે gossipનો ક્યારેય એકરાર કર્યો છે? ના!આજે પ્રભુ સમક્ષ એકરાર કરી લો, 'પ્રભુ! મારી ભૂલ છે!'સામે બોલાયેલા શબ્દોની ક્ષમાપના શ્રેષ્ઠ છે, પણ પાછળથી કરેલી ટીકા અને નિંદાના એકરારને પ્રભુએ સરળતા કહી છે.જ્યાં સરળતા હોય, ત્યાં સત્વર મોક્ષ હોય.જ્યાં સરળતા હોય, ત્યાં સિદ્ધિ સહજ હોય.ધર્મ પણ ત્યાં સ્થિર થાય છે, જેમનું હૃદય સરળ હોય!જે વ્યક્તિની ટીકા કરી છે તે જ વ્યક્તિ પાસે જઈને તેના માટે કરેલી ટીકાનો એકરાર કરવાથી એક વાર કદાચ તે વ્યક્તિ નારાજ થઈ જશે, પણ પછી તેને તમારી સરળતા realise થઈ જશે.એક વાર દિલ open કરી લેવાથી દિલથી દિલનું connection થઈ જાય છે અને દરેક પ્રશ્નોનું સમાધાન થઈ જાય છે.'મારે કોઈની પીઠ પાછળ કોઈની નિંદા કરવી નથી, મારે સરળ બનવું છે.'જેનું હૃદય સરળ હોય તેને સર્વત્ર સન્માન મળે છે, તેની વાતનો સ્વીકાર થાય છે, તેના suggestions સ્વીકાર્ય થાય છે.જ્યારે નિંદા અને ટીકા કરવાવાળાને સર્વત્ર જાકારો મળે છે, તેની વાત વચ્ચેથી કાપી નાખવામાં આવે છે, તેની સલાહ કોઈ માનતું નથી.ખોટું અને અસત્ય બોલાઈ ગયું હોય એની તો આલોચના થઈ જાય; પણ ક્યારેક સત્ય અને સારું બોલ્યા હોઈએ એની પણ આલોચના કરવી જોઈએ, એનો પણ એકરાર કરવો જોઈએ.


**નમ્રમુનિ મહારાજ સાહેબ**

### જૈનોના દરેકે દરેક પંથે રાત્રિ ભોજનનો પારાવાર વિરોધ એક અવાજે કર્યો હતો


# જૈન શાસ્ત્રોમાં સૂર્યાસ્ત પછી થતાં ભોજનને મહાપાપ ગણાવાયું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

જૈન શાસ્ત્રોમાં સૂર્યાસ્ત પછી થતા ભોજનને મહાપાપ ગણાવાયું અને નરકમાં જવાનો નૅશનલ હાઈવે પણ મનાયો. સૂર્યાસ્ત પછી ભોજનના નિષેધમાં એક્સ્ટ્રીમ લાગે એવી ઉપમાઓ અપાઈ જેમાં સૂર્યાસ્ત પછી થતું ભોજન માંસ સમાન અને પીવાતું પાણી લોહી સમાન છે જેવું કંઈક્ટિલુંય કહેવાયું. જોકે પ્રશ્ન થાય શું કામ? શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી, તેરાપંથી જેવા જૈનોના દરેકેદરેક પંથે રાત્રિભોજનનો પારાવાર વિરોધ એકઅવાજે કર્યો છે.એમાં તેમની વચ્ચે કોઈ જ મતભેદ નહીં. શું કામ? પર્યુષણમાં નાની જૈન વ્યક્તિ પણ ચૌવિહાર તો કરે જ. પ્રશ્ન એ જ કે શું કામ? આજે પર્યુષણના બીજા દિવસે 'આ રાત્રિભોજન શું કામ નહીં જ'નો જવાબ મેળવીએ પહેલાંના જમાનામાં વીજળીની શોધ નહોતી થઈ એટલે રાત્રે જમો ત્યારે દીવાના પ્રકાશમાં જીવહિંસા થતી, પરંતુ હવે તો ઇલેક્ટ્રિસિટી છે અને રાત્રે પણ દિવસ જેવો જ માહોલ હોય છે ત્યારે રાત્રિભોજન કરવામાં ક્યાં હિંસા થાય? કેટલાક બુદ્ધિજીવીઓનો આવો તર્ક જૈનત્વમાં માનતા જૈનોના ગળે નથી ઊતરતો, કારણ કે તેઓ સૂક્ષ્મ સ્તરની જીવદયામાં માને છે. તેમને તો સૂક્ષ્મ સ્તરે દેખાતા અને નહીં દેખાતા એ બધા જ જીવોની રક્ષાના પ્રભુ મહાવીરના સંદેશને અનુસરવાની કોશિશ કરવી છે. આ જ કારણ છે કે આજે પણ રાત્રિભોજનનો ત્યાગ કરનારો એક બહુ જ મોટો વર્ગ જૈનોમાં છે. આ જ કારણ છે કે આજે પણ તમામ અગવડો વચ્ચે ડગ્યા વિના નાનાં બાળકોથી લઈને વડીલો સુધીના બધા કટિબદ્ધતા સાથે સૂર્યાસ્ત પહેલાં ભોજન કરી લે છે અને આ જ કારણ છે કે નોકરી કરતા કે વેપાર કરતા જૈનોને ચૌવિહારની અગવડ ન પડે એ માટે મુંબઈમાં કાયમી ધોરણે, ચાતુર્માસ ધોરણે અને પર્યુષણ દરમ્યાન ચૌવિહાર હાઉસની ભરમાર હોય છે. ચૌવિહારની મહત્તા જૈન પરંપરામાં શું કામ ખાસ માનવામાં આવે છે એ વિષય પર ચર્ચા કરીએ.ચૌવિહાર શબ્દની વ્યુત્પત્તિ પ્રાકૃત અને સંસ્કૃત ભાષાના મૂળ વ્યાકરણ સાથે જોડાયેલી છે. પ્રાકૃતમાં ચૌવિહાર એટલે ચઉ એટલે કે ચાર, વિહ એટલે કે પ્રકાર અને આહાર એટલે ભોજન. ચૌવિહારનો અર્થ થાય આ ૪ પ્રકારના આહારનો સૂર્યાસ્ત પછી ત્યાગ. સ્થાનાંગ સૂત્ર, તત્ત્વાર્થ સૂત્ર અને આચારાંગ સૂત્ર જેવા જૈન આગમોમાં




મનુષ્ય દ્વારા ગ્રહણ કરવામાં આવતા સમગ્ર ખાદ્ય જગતને ૪ ભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે. અશન એટલે કે એવું અન્ન જે ચાવીને ગળા નીચે ઉતારવામાં આવે છે, જે ભૂખ મટાડવાનું મુખ્ય કાર્ય કરે છે. જેમ કે રોટલી, ભાત, દાળ, શાક, રોટલા, મીઠાઈ વગેરે. બીજા નંબરે પાન અથવા તો પેય જે પ્રવાહી સ્વરૂપે પીવામાં આવે છે અને જે તરસ છિપાવવાનું કાર્ય કરે છે. જેમ કે સાદું પાણી, ઉકાળેલું પાણી, દૂધ, છાશ, ફળોનો રસ, શરબત વગેરે. ત્રીજો પ્રકાર છે ખાદિમ એટલે કે જે સામાન્ય રીતે ભૂખ શમાવવા માટે નહીં પરંતુ મુખશુદ્ધિ, સ્વાદ કે પાચન માટે ચાવીને ખવાય છે. જેમ કે મુખવાસ, વરિયાળી, સોપારી, એલચી, લવિંગ, સૂકો મેવો વગેરે. છેલ્લો પ્રકાર છે સ્વાદિમ એટલે કે એવો આહાર જેમાં ચાવવાનું નથી હોતું પણ જીભ વડે ચાટીને કે ચૂસીને એનો સ્વાદ માણવામાં આવે છે. જેમ કે મધ, રાબ, ચાસણી, રબડી કે ચાટવાયોગ્ય ઔષધિ વગેરે. જો પાણીની છૂટ રાખી હોય તો એને તિવિહાર કહેવાય છે. ટૂંકમાં, જૈન પરંપરામાં જ્યારે સૂર્યાસ્ત સમયે ચૌવિહારનું પચ્ચક્ખાણ એટલે કે ત્યાગનો સંકલ્પ લેવામાં આવે છે ત્યારે ચારેય પ્રકારના આહારનો સૂર્યાસ્તથી સૂર્યોદય સુધીનો સંપૂર્ણ ત્યાગ થાય છે.




મુંબઈની લોકલ ટ્રેનોમાં સાંજે ૭.૨૪થી ૭.૩૫ વાગ્યા વચ્ચે થયેલા સિરિયલ બૉમ્બબ્લાસ્ટમાં ૧૮૯ લોકો મૃત્યુ પામ્યા અને ૮૦૦થી વધુ ઘાયલ થયા. ચોમાસામાં બોરીવલી તરફ જતા જૈનો સૂર્યાસ્ત પહેલાં ચૌવિહાર હાઉસમાં જમવા રોકાઈ ગયા હોવાથી તેમની ટ્રેનનો સમય બદલાઈ ગયો, જેને કારણે ૧૨ જુલાઈના રોજ 'ધી ઇન્ડિયન એક્સપ્રેસ'માં હેડલાઇન છપાઈ હતી કે જૈન પરંપરાએ ૫૦૦થી વધુ નિર્દોષ લોકોના જીવ બચાવ્યા. આ દાખલાના ઉલ્લેખ સાથે આચાર્યશ્રી વિજય મુક્તિવલ્લભ સૂરિજી મહારાજસાહેબ કહે છે, 'રાત્રે ખાધેલું ભોજન બરાબર પચતું નથી જેને કારણે ખરાબ સપનાં આવે છે, ઊંઘમાં ખલેલ પહોંચે છે અને વ્યક્તિની માનસિક પ્રસન્નતા હણાય છે. ગાય, ભેંસ જેવાં શાકાહારી પ્રાણીઓ ક્યારેય સૂર્યાસ્ત પછી ચરવા નીકળતાં નથી કે ખોરાક લેતાં નથી. રાત્રે ખાવાની વૃત્તિ માત્ર માંસાહારી જીવોની હોય છે. જેમ સૂર્યમુખી અને સૂર્યવિકાસી કમળ સૂર્યકિરણોથી ખીલે છે એમ જ માનવીનું 'હોજરીકમળ' અને પાચનતંત્ર મધ્યાહન સમયે સૌથી વધુ સક્રિય રહે છે. આથી દિવસ દરમ્યાન ભોજન કરવાનો અને એકાસણાનો વિશેષ મહિમા છે.' અહીં હવે તો વીજળીનું અજવાળું છે એ તર્કનો જવાબ આપતાં પૂજ્યશ્રી કહે છે, 'ઇલેક્ટ્રિક બલ્બ ગમે એટલો પાવરફુલ હોય, એ માત્ર આંખને દેખાતો પ્રકાશ ફેંકે છે. સૂર્યપ્રકાશમાં જે અલ્ટ્રાવાયલેટ (UV) કિરણો હોય છે એ વાતાવરણનું કુદરતી સ્ટરિલાઇઝેશન કરે છે. સૂર્યાસ્ત થતાં જ સૂર્યકિરણોના અભાવે ભેજ અને ઠંડક વધતાં કરોડો નરી આંખે ન દેખાતા બૅક્ટેરિયા અને માઇક્રો-ઑર્ગેનિઝમ્સ આપોઆપ વાતાવરણમાં અને રાંધેલા ખોરાકમાં પેદા થાય છે. કોઈ પણ LED કે ટ્યુબલાઇટ આવા સૂક્ષ્મ જીવોને રોકી શકતી નથી કે વાતાવરણને સ્ટરિલાઇઝ કરી શકતી નથી. આપણે જેને 'લાઇટ છે એટલે ચોખ્ખું દેખાય છે' કહીએ છીએ એ આપણી આંખોની મર્યાદા છે. જૈનદર્શન જીવોને બે ભાગમાં વહેંચે છે. એક, બાદર જીવો એટલે જે આંખે દેખાય છે. જેમ કે માખી, મચ્છર, કીડી. બીજા સૂક્ષ્મ જીવો જે માઇક્રોસ્કોપ વિના દેખાતા નથી. રાત્રિના સમયે હવામાં બાદર જીવો કરતાં સૂક્ષ્મ જીવોની ઉત્તરોત્તર વૃદ્ધિ અબજોની સંખ્યામાં થાય છે. એ જીવો ખોરાકની વરાળ, ઉષ્ણતા અને ગંધથી આકર્ષાઈને ભોજનમાં પડે છે અને શ્વાસોશ્વાસ કે કોળિયા સાથે પેટમાં જાય છે. લાઇટ હોવા છતાં આ અદૃશ્ય જીવોને બચાવી શકાતા નથી. બીજું, આપણા શરીરની હોજરી અને પાચક રસો સૂર્યના ઉદય અને અસ્ત સાથે જોડાયેલા છે જેને મેડિકલ સાયન્સ સર્કાડિયન રિધમ કહે છે. રૂમમાં લાઇટ ચાલુ કરવાથી કંઈ શરીરનું પાચનતંત્ર છેતરાઈ જતું નથી.

# ફિરોઝને શોધવા એક પોલીસ શાહપુર પહોંચી પણ સામે તો એક વૃદ્ધ માણસ આવી ઉભો PI જાડેજા વિચારમા પડી ગયા


રાતના ૮ વાગી ગયા હતા. ક્રાઈમ બ્રાન્ચ  ના વાહનો શાહપુર હલીમની ખડકીમાં દાખલ થયા. પોલીસના વાહનો આ વિસ્તારમાં આવે તેનું સ્થાનિક લોકોને કંઈ આશ્ચર્ય ન્હોતુ. આમ પણ અમદાવાદ નો આ વિસ્તાર સંવેદનશીલ વિસ્તાર ગણાય છે. અહિયા તો બે સાયકલવાળા અથડાય તો પણ પથ્થર મારો થઈ જાય અને પતંગનો દોરો લૂંટવાની ઘટનાને કારણે પણ કોમી તોફાન Riots થઈ જાય. પહેલા આ વિસ્તારમાં હિન્દુ મુસ્લિમ  ની વસ્તી સરખી હતી. પોળોમાં રહેતા હિન્દુ-મુસ્લિમ  સાથે રહેતા હોવા છતાં તેમને બાપે માર્યા વેર હતા. હિન્દુ Hindu ઓ કાયમ એવુ માનતા કે મીયા બહુ ફાટ્યા છે અને મુસ્લિમો માનતા કે ભારત કંઈ ખાલી થોડુ હિન્દુડાઓનું છે, અમારૂ પણ છે. ૧૯૬૯માં અમદાવાદ  માં સૌથી મોટા કોમી તોફાન થયા ત્યારે શાહપુરની અનેક પોળો બહાર SRPનો પોઈન્ટ મુકવામાં આવ્યો હતો તે ૪ દાયકાઓ પછી પણ પોઈન્ટ યથાવત હતો. આમ પણ દરેક પોળમાં એક દાદા અર્થાત ગુંડો રહેતો હતો તેને પકડવા પણ પોલીસ અવારનવાર આવે તેના કારણે પોલીસ આવે તો કોઈ આશ્ચર્ય અથવા ડર લાગે નહીં. આજે પણ જ્યારે પોલીસના વાહનો હલીમની ખડકીમાં આવ્યા અને પોલીસવાળા એકદમ ઉતરી પોળમાં દાખલ થયા ત્યારે લોકોએ કુતુહલવશ પોલીસ સામે જોયુ કે પોલીસ કોના માટે આવી છે, પણ તેમના ચહેરા ઉપર કોઈ ડર અથવા ચિંતા ન્હોતી. ઈન્સપેક્ટર જાડેજા  એ પોળના નાકા ઉપર ફિરોઝ  નું ઘર પુછ્યુ, એક નાનો છોકરો દોડતો જાડેજા  સાથે ઘર બતાવવા આવ્યો તે એક ઘર પાસે રોકાયો અને તેણે બુમ પાડી ફિરોઝ  ચાચા પુલીસ અંકલ આયે હૈ, થોડીવાર સુધી ઘરમાંથી કોઈ જવાબ આપ્યો નહીં. થોડીવાર પછી એક વૃદ્ધ વ્યકિત ઘરના દરવાજામાં આવી ઉભી રહી. આશરે ૬૦ પાર કરી હશે પણ તેના ચહેરા ઉપરની કરચલીઓ તેની ઉમંર વધુ હોય તેવુ કહી રહી હતી. પેલી વ્યક્તિએ ઈન્સપેક્ટર જાડેજા  અને તેમની સાથે રહેલા હથિયારબંધ પોલીસવાળા સામે જોયુ અને તેમના કપાળની રેખાઓ તંગ થઈ. તેમણે પુછ્યુ ક્યા બાત હૈ સાબ, જાડેજા  એ કહ્યુ ફિરોઝ  કહા હૈ, પ્રશ્ન સાંભળી વૃદ્ધના ચહેરા પર આશ્ચર્ય દોડી આવ્યુ તેણે ધીમા અવાજે કહ્યુ સાબ મેં હી




ફિરોજ હું. જાડેજા  એ તેમની ઉપરથી નીચે સુધી જોયા. જાડેજા  ને હતું કે ફિરોજ મળે તો તેને બોચીમાંથી પકડી પોલીસની ગાડીમાં નાખી દઉ. પણ આ તો વૃદ્ધ વ્યકિત હતી. હજી જાડેજા  ને લાગ્યુ કે કંઈક ગેરસમજ થાય છે એટલે તેમણે સ્પષ્ટતા કરવા પુછ્યુ આપ કા દુસરા કોઈ મકાન હૈ? પેલી વ્યક્તિ વિચાર કરવા લાગી એટલે જાડેજા  તેમને યાદ અપાવતા હોય તેમ કહ્યુ વટવા મેં, વટવા શબ્દ સાંભળતા પેલી વ્યક્તિના ચહેરા ઉપર એકદમ કંઈક યાદ આવ્યુ હોય તેવો ભાવ આવ્યો અને તેમણે કહ્યુ જી સાબ કહી પછી હાથનો ઈશારો કરતા કહ્યુ સાબ વહા યાકુબનગર હૈના વહીં મેરા દુસરા મકાન હૈ, લેકીન મેરા વહા મન હી નહી લગા, મેં ચલા આયા, પછી પોતાના ઘર તરફ ઈશારો કરતા કહ્યુ સાબ યહા કિરાયે પે રહેતા હું.

જાડેજા  વિચારમાં પડી ગયા કે આ જ ફિરોજ  છે જેની તેમને જરૂર છે. ત્યારે એક આધેડ ઉમંરની મહિલા પણ ફિરોજ  ની પાછળ આવી ઉભી રહી ગઈ, તેને તો પોલીસ શુ કામ આવી છે તેની પણ ખબર ન્હોતી. તે ફિરોજ  ની પત્ની હતી. જાડેજા માની રહ્યા હતા કે ફિરોજ  એટલે ૨૫-30 ની ઉમંરનો છોકરો હશે, પણ હવે જાડેજા નો વાત કરવાનો સુર બદલાઈ ગયો. હમણાં સુધી તે ફિરોજ  કહી સંબોધતા હતા પણ હવે તેમણે કહ્યુ ફિરોજ  ચાચા આપકો હમારે સાથ ક્રાઈમ બ્રાન્ચ  આના હોગા. ફિરોજચાચા ના ચહેરા ઉપર બોલ્યા વગર પ્રશ્ન આવી ગયો તેમ લાગ્યુ કેમ ક્રાઈમ બ્રાન્ચ  કેમ.. ચાચા સવાલ પુછે તે પહેલા જાડેજા  એ કહ્યુ હમારે DCP સાબ આપ સે બાત કરના ચાહતે હૈ. ફિરોજચાચાની પાછળ ઉભી રહેલી આધેડ સ્ત્રીનો ચહેરો એકદમ ચિંતિત થઈ ગયો, તે થોડી આગળ આવી તેણે સ્પષ્ટ ગુજરાતીમાંથી જ પુછ્યુ સાહેબ શુ થયુ છે કેમ તમે તેમને ક્રાઈમ બ્રાન્ચ  લઈ જાઓ છો. દરમિયાન પોળના ઘરના લોકો પોતાના દરવાજા અને બારીમાંથી પોલીસ કેમ ફિરોજ  ચાચાના ઘરે આવી છે તે જોઈ રહ્યા હતા.

ઈન્સપેક્ટર જાડેજા  ના હોઠ સુધી આવ્યુ કે બ્લાસ્ટ કેસમાં પૂછપરછ કરવી છે, પણ ત્યાં સ્થાનિક લોકો જે રીતે ભેગા થયા હતા અને ફિરોજચાચા  ની ઉમંરને ધ્યાનમાં રાખી કહ્યુ મને ખબર નથી પણ સાહેબે કહ્યુ એટલે હું આવ્યો છુ. હમણાં ૧ કલાક પછી તેમને પાછો મુકી પણ જઈશ. ફિરોજચાચા  વિચારમાં પડી ગયા કે આ



પ્રશાંત દયાળ

ઉંમરે એવુ તો શુ થયુ હશે કે ક્રાઈમ બ્રાન્ચ ના સાહેબ મને બોલાવવા આવ્યા હશે. ચાચા સમજી ગયા કે આ સાહેબ તો ચિઠ્ઠીના ચાકર છે, તેમના મોટા સાહેબ જ કહી શકશે કે મારૂ શુ કામ છે. તેમણે તરત પોતાના બધા વિચાર ખંખેરી નાખતા હોય તેમ પેલી મહિલાને કહ્યુ તુમ ક્યુ ચિંતા કરતી હો, મેં ક્યા ટેરેરીસ્ટ હું, સાબ કો કુછ જાનના હોગા તો બુલાયા હૈ. તેમણે તરત ચંપલ પહેર્યા, પણ ફિરોજચાચા  એ જ્યારે ટેરેરીસ્ટ હુ તેવુ કહ્યુ ત્યારે ત્યાં હાજર બધા પોલીસવાળા એકબીજાની સામે જોવા લાગ્યા હતા. ચાચાએ પોતાનો ઘરનો ઉબરો ઉતરી રહ્યા ત્યારે તેમણે પોતાના ઘુંટણ ઉપર હાથને ટેકો લીધો હતો.

એટલે જાડેજા  એ તરત તેમને મદદ કરવા હાથ લાંબો કર્યો. ફિરોજચાચાએ જાડેજા  નો હાથનો ટેકો લીધો અને ઉંબરાના પછીનું પગથીયુ ઉતર્યા. જાડેજા એ જેવો ફિરોજચાચા  નો હાથ પકડ્યો તેની સાથે મનમાં થયુ ના આ માણસ ગુનેગાર લાગતો નથી. પંજો બરછટ હતો પણ તે કોઈપણ મહેનતકશ માણસનો પંજો આવો જ હોય. આમ છતાં હાથમાં જે પ્રકારની નરમાશ હતી તેવી નરમાશ ગુનેગારના હાથમાં હોતી નથી. ઈન્સપેક્ટર જાડેજા  આવુ કંઈ પોલીસ ટ્રેનીંગ સ્કૂલમાં શીખ્યા ન્હોતા પણ પોલીસ અધિકારી તરીકેની લાંબી સફરનો આ નિચોડ હતો. તેમણે અનેક ગુનેગારોને પકડ્યા હતા, માર્યા હતા પણ ફિરોજચાચા  નો હાથ કહી રહ્યો હતો કે ચાચાને બ્લાસ્ટ કેસ સાથે કોઈ નિસ્બત નથી. ચાચા ધીમે ધીમે જાડજા  નો હાથ પકડી ખડકીની બહાર નિકળી રહ્યા હતા ત્યારે જાડેજા  ને મનમાં લાગ્યુ કે ચાચા ગુનેગાર નથી, તે વાત સાચી નિકળી તો સારૂ, આવુ તેમને પોલીસ અધિકારી તરીકે અનેક વખત થતુ હતું.

કદાચ તેમની અંદર રહેલો માણસ તેમની સાથે આ પ્રકારની વાત કરી રહ્યો હતો. ખડકીની બહાર આવતા જાડેજા  એ પોતે તેમની સરકારી કારનો દરવાજો ખોલ્યો અને ચાચાને કારમાં બેસાડ્યા પછી બીજા દરવાજે જઈ પોતે તેમની બાજુમાં બેઠા. પોળની અંદરના અને બહારના લોકોને આશ્ચર્ય હતું કે ચાચાને કેમ પોલીસ લઈ ગઈ હશે? ચાચા તો નેક દિલ ઈન્સાન અને અલ્લાહનો ડર રાખનારા હતા, ક્યારેય કોઈની સાથે ઉંચા અવાજે વાત સુધ્ધા કરી ન્હોતી. હજી ચાચા ૪-૫ વર્ષ પહેલા જ પોળમાં રહેવા આવ્યા હતા. આવા અનેક પ્રશ્નનો જવાબ ખુદ પોલીસ અધિકારીઓને પણ જાણવો હતો અને તે માટે તેઓ ચાચાને લઈ ક્રાઈમ બ્રાન્ચ  તરફ રવાના થયા. ચાચાના મનમાં એક અજાણ્યો ડર પણ હતો, તેઓ વાંર-વાંર અલ્લાહને મનમાં યાદ કરી રહ્યા હતા અને કહી રહ્યા હતા હવે સહન કરવાની તાકાત રહી નથી, બહુ સહન કર્યુ હવે કોઈ નવી મુસિબતમાં નાખતો નહીં. (ક્રમશઃ)

# રાજકોટના વેપારી સાથે 144 કરોડની છેતરપિંડી અમદાવાદના CA સહીત ત્રણ સામે ફરિયાદ

### » ત્રિપુટીએ ઈન્ડોનેશિયન કોલસો ઈમ્પોર્ટ કરી ભારતમાં વેચાણ કરતા હોવાનું કહીં રોકાણ કરાવ્યું

### » રાજકોટ ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાયા બાદ પોલીસે કરી ત્રણેય ભેજાબાજોની ધરપકડ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના વેપારી અને તેમના પરિચિતો પાસેથી ઈન્ડોનેશિયન કોલસાના ઈમ્પોર્ટ-એક્સપોર્ટના ધંધામાં ઊંચા વળતરની લાલચ આપી રૂ.૧૫૮.૬૧ કરોડની છેતરપિંડી કરાયાની ફરિયાદ રાજકોટ EOWમાં નોંધાઈ છે. ફરિયાદના આધારે પોલીસે અમદાવાદના CA સહિત કંપનીના ૩ ડિરેક્ટરોની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.




ફરિયાદી જયેન્દ્રભાઈ મુળજીભાઈ અકબરી તથા તેમના પરિચિતો કેશુભાઈ બોદર, ખોડાભાઈ બોઘરા, રસિકભાઈ બોદર અને ભાનુબેન બોદરની લોધીકાના વડ વાજડી ગામની બિનખેતી જમીન સહિતની મિલકતો ધી કો-ઓપરેટિવ બેંક ઓફ રાજકોટ લિ.માં મોર્ગેજ મૂકાવી કુલ રૂ.૧,૫૮,૬૧,૧૮,૬૦૦ની લોન/CC મેળવી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ફરિયાદ મુજબ, આરોપીઓએ ટર્નરિસ્ટ રિસોર્સીસ પ્રા.લિ.માં ઈન્ડોનેશિયન કોલસો મોટા પ્રમાણમાં ઈમ્પોર્ટ કરી ભારતમાં વેચવાનો વ્યવસાય હોવાનું જણાવી રોકાણકારોને લોનની રકમ કંપનીમાં ડિપોઝિટ કરાવવા પ્રેર્યા હતા. રોકાણકારોને ૫ વર્ષમાં કંપનીનું ટર્નઓવર રૂ.૧૬૫૦થી રૂ.૨૨૦૦ કરોડ થવાની તથા તેમાંથી મોટો નફો અને ઊંચું વળતર મળવાની લાલચ અપાઈ હતી.

આરોપીઓએ સમયાંતરે બોગસ ઓડિટ રિપોર્ટ અને ખરીદ-વેચાણ અંગેના ઈ-મેઈલ મોકલી રોકાણકારોને માહિતી આપ્યાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. ૫ વર્ષ વીતી ગયા છતાં મુડી કે વળતર પરત ન મળતાં સમગ્ર મામલો સામે આવ્યો હોવાનું જણાવાયું છે. બેંકની લોન/CCના રિન્યુઅલ સમયે રોકાણકારોની મંજૂરી કે સહી વગર દસ્તાવેજોમાં ખોટી સહીઓ કરાયાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે.

EOWએ ટર્નરિસ્ટ રિસોર્સીસ પ્રા.લિ.ના ડિરેક્ટરો જય હર્ષદકુમાર ચોટલીયા (CA, અમદાવાદ), મનીષ ગોવિંદભાઈ ડાંગી (અમદાવાદ) અને મિતેશ કીરીટકુમાર સંઘવી (રાજકોટ) સામે ગુનાહિત કાવતરું, છેતરપિંડી અને ફ્રુટદસ્તાવેજ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તેમની ધરપકડ કરી છે. સમગ્ર વ્યવહારમાં નાણાંનો ઉપયોગ, દસ્તાવેજો અને કંપનીની કામગીરી અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# મેળામાં મહિલાના પર્સમાંથી 56 હજારના મોબાઈલની ચોરી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના શીતલ પાર્ક પાસે શ્રીજી પાર્કમાં રહેતા પાયલબેન જીતેન્દ્રભાઈ મોટે ઉ.૩૫એ ૫૬ હજારના મોબાઈલની ચોરી અંગે પ્રનગર પોલીસમાં અજાણ્યા શખ્સ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત ૬ તારીખે રાત્રીના હુ પરિવાર સાથે રેશકોર્ષ ખાતે લોકમેળામા ફરવા ગયેલ હતા જે વખતે મેળામા માણસોની ખુબ જ ભીડ હતી તે દરમ્યાન મારી પાસે રહેલ પર્સ મે મારા ખંભે ટીંગાળેલ હતુ અને આ પર્શની અંદર મારો મોબાઈલ ફોન હતો જે મોબાઈલ ફોનની કીંમત ૫૬ હજાર ગણાય જે મોબાઈલ ફોન મે મારા પર્સમાં રાખેલ હતો અને આશરે રાત્રીના પોણા દસેક વાગ્યાના અરસામા અમો બધા મેળામા ફરતા ફરતા જેલ ભજીયા હાઉસ સ્ટોલ પાસે પહોચતા મે મારા પર્સમા જોતા પર્સનુ ખાનુ ખુલ્લુ હતુ અને તેમા મારો મોબાઈલ ફોન રાખેલ હતો તે જોવામા આવેલ નહી જેથી બધાએ આજુબાજુમા મોબાઈલની તપાસ કરેલ તેમ છતા આ મારો મોબાઈલ ફોન ક્યાય મળી આવેલ નહી જેથી મોબાઈલ ફોનની ચોરી અંગે ફરિયાદ નોંધાવી હતી.

# ત્રંબામાં વૃદ્ધે પોલીસને ગાળો આપી એટ્રોસિટીની ધમકી આપી

### 112ની ટીમ સાથે બોલાચાલી કરી ફરજમાં રુકાવટનો આરોપ; રામજીભાઈ મકવાણા સામે આજી ડેમ પોલીસમાં ફરિયાદ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના આજી ડેમ પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા અજયભાઈ જેસીંગભાઈ હુંબલએ ત્રંબાના રામજીભાઈ ભીખાભાઈ મકવાણા સામે ફરજમાં રુકાવટ અંગે આજી ડેમ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત ૮ તારીખે હું તથા લોકરક્ષક કૃષ્ણવીરસિંહ રાજેન્દ્રસિંહ ગોહીલ આજીડેમ ચોકડી પોઈન્ટ ખાતે ૧૧૨માં ફરજ પર હોય જગડાનો કોલ આવેલ જેથી અમો કોલવાળી જગ્યાએ કસ્તુરબા ધામ ત્રંબા ગામ બસ સ્ટેશનની બાજુમાં જતા ત્યાં લોકોનુ ટોળુ હાજર હતુ જેથી અમોને કોલ કરનારને બનાવ બાબતે પુછતા જણાવેલ કે એક વ્યક્તિએ તેમના પીતાજી તથા તેમની સાથે બોલાચાલી ઝઘડો કરેલ હોય જેથી ૧૧૨મા ફોન કર્યો હતો અને ત્યાર બાદ આ સામાવાળો ત્યાથી ક્યાંક જતો રહેલ છે દિવ્યાબેને જણાવેલ કે મારે કોઈ પોલીસ કાર્યવાહી



કરવી નથી તેમ જણાવેલ જેથી અમો ગાડીમા બેસી ગયા હતા. ડ્રાઈવર ગાડી આગળ લેતા હતા તે દરમીયાન પાછળથી કોઈ વ્યક્તિએ ૧૧૨ની ગાડીમા હાથ મારી ઠપકાવેલ જેથી ગાડી ઉભી રાખી અમે નીચે ઉતરેલ ત્યારે એક વ્યક્તિએ લોકરક્ષક કૃષ્ણવીરસિંહ સાથે જોર-જોરથી બોલાચાલી કરતા હોય અને ગાળો બોલતા હોય જેથી તેમને ગાળો બોલવાની ના પાડતા અમો પોલીસ સ્ટાફને પણ ગાળો આપવા લાગેલ અને આ વ્યક્તિ અમોને જણાવેલ કે હું રામ બાપુ છુ ભીમ આર્મીનો સભ્ય છુ તમારૂ પોલીસ ખાતું મારૂ કાઈ કરી સકે નહીં તેમ કહેતા અમો તેનુ નામ ઠામ પુછતા પોતાનુ નામ રામજીભાઈ ભીખાભાઈ મકવાણા હોવાનુ જણાવેલ અને અમો તેને સાંતી રાખવા જણાવતા તો તે ઉગ્ર થઈ અમારી કાયદેશરની ફરજમાં રૂકાવટ કરવા લાગેલ જેથી વધુ પોલીસ મદદ માટે કંટ્રોલ રૂમ ખાતે ફોન કરી વધુ મદદ માંગેલ અને અન્ય ૧૧૨ને અમારી મદદ માટે રાજકોટથી રવાના કરેલ હતી તે દરમીયાન અમો તથા સાથેના સ્ટાફના માણસો આ રામજીભાઈ ભીખાભાઈ મકવાણાને ૧૧૨ની ગાડીમા બેસાડી અહી પોલીસ સ્ટેશન ખાતે લઈ આવતા હતા તે દરમીયાન આ રામજીભાઈએ પોલીસ સ્ટાફના માણસોને કહેલ કે હું તમારા વિરૂધ્ધ ખોટી ફરીયાદ કરીશ કે તમે ડો.બાબાસાહેબ આંબેડકરને જ્ઞાતી પ્રત્યે હડધુત કરેલ છે અને તમને એટ્રોસીટીના ખોટા ગુન્હામા ફિટ કરી દઈશ તેમ ધમકી આપવા લાગ્યા હતા જેથી અમારી કાયદેસરની ફરજમાં રૂકાવટ કરેલ હોય ફરિયાદ નોંધાવી હતી.

### વિંછીયામાં વ્યાજખોરીનો ભયાનક કિસ્સો

# વ્યાજખોરની હેવાનિયત 20% વ્યાજે પૈસા આપી પ્રૌઢની પત્ની પર દુષ્કર્મ આચર્યું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

વિંછીયા પંથકમાં વ્યાજખોરે શરણ નેવે મૂકી હોય તેમ એક બાજુ પ્રૌઢ પાસેથી ૨૦ ટકા જેટલું ઉંચુ અજગરી વ્યાજ વસૂલી વધુ પૈસાની માગણી કરી પ્રૌઢની પત્ની ઉપર દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું . આ ચકચારી બનાવને પગલે ભોગબનનાર પ્રૌઢની ફરિયાદના આધારે વીંછિયા પોલીસે રાકેશ ઠાકરશીભાઈ પંચાળા (રહે ખારચીયા) સામે દુષ્કર્મ અને મની લેન્ડ એક્ટ સહીતની કલમો હેઠળ ગુનો નોંધી ધરપકડની તજવીજ હાથ ધરી છે. બનાવની પ્રાપ્ત વિગત મુજબ વીંછિયા પંથકમાં રહેતા



પ્રૌઢના પુત્રના લગ્ન હોવાથી પૈસાની જરૂરિયાત ઉભી થતા પરિચિત મારફતે રમેશ પંચાળાનો સંપર્ક કર્યો હતો. રાકેશ માસિક ૨૦ ટકા લેખે રૂ.૧.૫૦ લાખ આપ્યા હતા. પુત્રનો પ્રસંગ પૂર્ણ થયાં બાદ પ્રૌઢે વ્યાજ રાબેતા મુજબ ચૂકવ્યું હતું. જે કટકે કટકે દોઢ લાખ સામે બે લાખ ચૂકવી દીધા હતા છતાં વ્યાજખોર રાકેશએ વધુ પૈસાની ઉઘરાણી કરતો હતો. દરમિયાન પ્રૌઢ ઘરે ન હોય ત્યારે તેમના ઘરે પહોંચ્યો હતો અને પ્રૌઢની પત્ની સાથે આપત્તીજનક સ્થિતિમાં હોય તે સમયે પ્રૌઢ આવી જતા રાકેશ હાંફળો ફાંફળો થઈ નાશી ગયો હતો. સમગ્ર બનાવ અંગે પ્રૌઢને પત્નીએ વાત કરી હતી કે, રાકેશ પંચાળા ઘરે ધસી આવ્યો હતો.અને ડરાવી-ધમકાવી બળજબરી પૂર્વક શારીરિક સંબંધ બાંધ્યો હતો. બનાવને પગલે પ્રૌઢે પત્ની સાથે વિંછીયા પોલીસ મથકે પહોંચી શખસ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી શખ્સને સકંજામાં લઈ આગળની તપાસ હાથ ધરી છે.

## રાજકોટમાં સોના-ચાંદીના દાગીના પરત નહીં આપતાં પ્રૌઢાની પતિ સામે ફરિયાદ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં છેલ્લા ચાર વર્ષથી પિયરમાં રહેતી મહિલાએ પતિ સામે સ્ત્રીધન પરત નહીં આપવા અંગે છેલ્લા બે વર્ષમાં બે વખત મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. મહિલાએ ફરિયાદમાં સોના-ચાંદીના દાગીના સહિત ૩૧ પ્રકારના સ્ત્રીધનની વિગત આપી છે અને પતિએ પોતાનું સ્ત્રીધન પરત આપવાનો ઇનકાર કર્યો હોવાનું જણાવ્યું છે. આ મામલે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. રાજકોટમાં ઇન્દિરા સર્કલ પાસે રહેતા જાગૃતિબેન પ્રફુલ રૂપારેલ(ઉ.વ.૪૮)એ મહિલા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે વેરાવળ રહેતા પતિ પ્રફુલ પ્રભુદાસભાઈ ઉર્ફે કનૈયાલાલ રૂપારેલનું નામ આપ્યું છે. તેણીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેના વર્ષ ૨૦૦૩માં લગ્ન થયા હતા. લગ્નજીવન શરૂઆતથી જ સુખમય ન હોવાનું મહિલાએ જણાવ્યું છે. દરમિયાન બે સંતાન થયા હતા. તા.૨૭ જૂન, ૨૦૨૨ના રોજ પતિ સાથે ઝઘડો થતાં મારકૂટ કરવામાં આવી હતી. ત્યારબાદ મહિલા પોતાના પહેરવાના કપડાં લઈને રાજકોટ પિયરમાં આવી ગઈ હતી. મહિલાના જણાવ્યા મુજબ, તે સમયે તે પોતાના કોઈ દાગીના કે અન્ય સામાન સાથે લાવી નહોતી. પતિ સાથે સમાધાનના પ્રયાસો નિષ્ફળ જતા નવેમ્બર ૨૦૨૫માં પતિ વિરુદ્ધ રાજકોટ મહિલા પોલીસમાં શારીરિક-માનસિક ત્રાસની ફરિયાદ પણ નોંધાવી હતી. ફરિયાદમાં મહિલાએ મંગળસૂત્ર, સોનાની બૂટી, ચેઇન, વીંટી, બ્રેસલેટ, પેન્ડલ, કડા, બંગડી, સોનાનો સેટ સહિત વિવિધ દાગીનાની વિગત આપી છે.

## મોરબીમાં શેરબજારમાં રોકાણના નામે 86.25 લાખની સાયબર ઠગાઈ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

**શરૂઆતમાં 9400નો નફો આપી વિશ્વાસ જીત્યોઃ UPI અને આંગડિયા મારફતે લાખો રૂપિયા પડાવનાર 4 સામે ફરિયાદ**

મોરબીના સામાકાંઠા વિસ્તારમાં આવેલી ઉમા ટાઉનશિપમાં રહેતા અને વેપાર કરતા ભરતભાઈ ખિમજીભાઈ વરમોરા (ઉ.વ. ૪૫)ના પુત્ર પલ્લવનો ઠગોએ સંપર્ક કર્યો હતો. આરોપીઓ રોહનકુમાર, લલિતભાઈ બ્રોકર, સાગર પટેલ અને નચીકિભાઈ બળદેવભાઈ રબારીએ માધવભાઈ શેઠના એજન્ટ તરીકે ઓળખ આપી સ્ટોક માર્કેટમાં રોકાણ કરવાની લાલચ આપી હતી.શરૂઆતમાં યુવક પાસે નાની રકમનું રોકાણ કરાવી રૂ. ૯,૪૦૦નો નફો પરત આપી તેનો પૂર્ણ વિશ્વાસ જીતી લીધો હતો. ત્યારબાદ વધુ રોકાણ કરાવવાના બહાને અલગ-અલગ UPI અને બેંક ટ્રાન્ઝેક્શન મારફતે રૂ. ૪,૮૭,૩૫૦ તથા હિંમતનગર ખાતે આવેલી પી.એમ. આંગડિયા પેઢી મારફતે નચીકિભાઈના નામે રૂ. ૮૧,૪૮,૦૦૦ મેળવી લીધા હતા. આમ, આરોપીઓએ મળીને કુલ રૂ. ૮૬,૨૫,૯૫૦ની માતબર રકમ રફુચક્કર કરી દીધી હતી. પોતાની સાથે ઠગાઈ થઈ હોવાનો અહેસાસ થતાં ભરતભાઈ વરમોરાએ મોરબી સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં ચારેય આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા માટે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ડો.મહેશ ચાવડાને માનદ ડોક્ટર ઓફ યોગા એવોર્ડથી સન્માન

## યોગ અને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિશેષ જ્ઞાન બદલ સન્માન; બ્રહ્માકુમારી રાજયોગિની ભારતીદીદીના હસ્તે એવોર્ડ સ્વીકાર્યો

સિટી ન્યૂઝ@રાજકોટ

જન આરોગ્ય એજ્યુ. એન્ડ યોગ સંસ્થાન તથા મહાશક્તિ હેલ્થ સેન્ટરના ચેરમેન અને ગોલ્ડ મેડાલિસ્ટ ડો. મહેશ ચાવડાને INTERNATIONAL CRIME FIGHTERS & ALLIES AGHANA (WEST AFRICA) તરફથી માનદ ડોક્ટર ઓફ યોગા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. ભારતમાંથી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા ઉપરાંત યોગ ક્ષેત્રે વિશેષ જ્ઞાન અને પ્રદાન બદલ તેમને આ સન્માન આપવામાં આવ્યું હોવાનું સંસ્થાની યાદીમાં જણાવાયું છે.

ડો. મહેશ ચાવડાએ પોતાના જન્મદિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં આ પ્રતિષ્ઠિત એવોર્ડ બ્રહ્માકુમારી રાજયોગિની ભારતીદીદી, ગુજરાત ઝોન ડિરેક્ટરના હસ્તે સ્વીકાર્યો હતો. એવોર્ડ અર્પણ કરતી વખતે ભારતીદીદીએ ડો. ચાવડાને શુભેચ્છા પાઠવી આશીર્વાદ આપ્યા હતા. યોગ અને આરોગ્ય ક્ષેત્રે તેમની કામગીરીને ધ્યાનમાં રાખીને મળેલા આ સન્માનથી સંસ્થાના સભ્યો અને શુભેચ્છકોમાં આનંદની લાગણી પ્રસરી હતી.આ સન્માન સમારોહમાં બ્રહ્માકુમારી રાજયોગિની અંજુદીદી, કિંજલદીદી તથા ડો. મહેશ ચાવડાના પિતા કે.જી. ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ ડો. ચાવડાને અભિનંદન પાઠવી યોગ અને જન આરોગ્ય ક્ષેત્રે તેમની સેવાઓને બિરદાવી હતી. સી.જે. ગ્રુપના પ્રમુખ ચિરાગભાઈ ધામેચા તથા રાજેન્દ્રભાઈએ પણ ડો. મહેશ ચાવડાને આ સિદ્ધિ બદલ શુભેચ્છા પાઠવી હતી. તેમણે ભવિષ્યમાં પણ યોગ, આરોગ્ય શિક્ષણ અને સમાજસેવાના ક્ષેત્રે વધુ કાર્ય કરવા માટે શુભકામનાઓ પાઠવી હતી. તેમ સંસ્થાની યાદીમાં જણાવાયું છે.



# રાજકોટ-લાલકુઆં સ્પેશિયલ ટ્રેનના ફેરા લંબાવવામાં આવ્યા

## 5 ઓક્ટોબરથી 30 નવેમ્બર સુધી દોડશે; લંબાવાયેલા ફેરાનું બુકિંગ 11 સપ્ટેમ્બરથી શરૂ થશે

સિટી ન્યૂઝ@રાજકોટ

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને તહેવારો દરમિયાન વધતી મુસાફરીની માંગને ધ્યાનમાં રાખીને રાજકોટ-લાલકુઆં સાપ્તાહિક ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનના વધુ ૯ ફેરા લંબાવવામાં આવ્યા છે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા મુજબ આ ટ્રેન વિશેષ ભાડા પર દોડશે.

ટ્રેન નંબર ૦૫૦૪૬ રાજકોટ-લાલકુઆં ફેસ્ટિવલ (પૂજા) સ્પેશિયલને ૫ ઓક્ટોબરથી ૩૦ નવેમ્બર, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન ટ્રેનના વધારાના ફેરાથી રાજકોટ અને લાલકુઆં વચ્ચે મુસાફરી કરતા લોકોને વધુ સુવિધા મળશે. જ્યારે ટ્રેન નંબર ૦૫૦૪૫ લાલકુઆં-રાજકોટ ફેસ્ટિવલ (પૂજા) સ્પેશિયલને ૪ ઓક્ટોબરથી ૨૯ નવેમ્બર, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.

તહેવારો દરમિયાન મુસાફરોની સંખ્યામાં વધારો થવાની શક્યતા હોવાથી રેલવે દ્વારા આ વધારાના ફેરા જાહેર કરવામાં આવ્યા છે. મુસાફરોને અગાઉથી



ટિકિટ બુક કરાવી મુસાફરીનું આયોજન કરવા રેલવે દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ટ્રેન નંબર ૦૫૦૪૬ના લંબાવવામાં આવેલા ફેરાનું બુકિંગ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬થી તમામ PRS કાઉન્ટરો તથા IRCTC વેબસાઇટ પર શરૂ થશે. મુસાફરો ટિકિટ બુકિંગ કરતી વખતે ટ્રેનના ઉપલબ્ધ ફેરા, બેઠકની સ્થિતિ અને ભાડાની વિગતો પણ જાણી શકશે.

ટ્રેનના સ્ટોપેજ, સમય અને કોચની સંરચના અંગેની વિગતવાર માહિતી મુસાફરો www.enquiry.indianrail.gov.in પર મેળવી શકશે. મુસાફરોને મુસાફરી પહેલાં ટ્રેનના સમયપત્રક અને રોકાણની વિગતો ચકાસી લેવા રેલવે દ્વારા સૂચના આપવામાં આવી છે.

## ગંજીવાડામાં રિસામણે રહેલી યુવતી સામે આજી ડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

# માંડાડુંગરમાં ઘરે આવેલી બહેનપણી 6.50 લાખનો સોનાનો હાર ચોરી પલાયન

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટની પીઠડઆઈ સોસાયટીમાં રહેતા ભાવનાબેન ભીમજીભાઈ ચૌહાણએ ૬.૫૦ લાખના દાગીનાની ચોરી અંગે ગંજીવાડામાં રહેતી નાનપણની બહેનપણી કાજલ ડો/ઓ દિપકભાઈ વાઘેલા સામે આજી ડેમ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે ફરિયાદમાં જણાવ્યું હતું કે હું મહીકા ગામ ખાતે પુડલા બનાવવાની રસોઈનું કામ કરૂ છુ મારી બહેનપણીના લગ્ન નરેશભાઈ સાથે થયેલ છે અને તે હાલ તેના પીતાના ઘરે રીસામણે છે અને તે પણ પુડલા બનાવવાનુ કામ અલગથી કરે છે. ગત ૧૭ તારીખે મારી તબિયત બરાબર ન હોવાથી હું મારા ઘરે હાજર હતી ત્યારે મારી બહેનપણી કાજલ મારા ઘરે આવેલી જેથી મે તેને રૂમમા બેસાડેલી આ વખતે ઘરમાં હું એકલી જ હતી અને ઘરમાં દૂધ ન હોય જેથી અમારા ઘરની સામે આવેલ દુકાને હું દૂધ લેવા ઘરે આવેલ તો મારા ઘરના રૂમનુ બારણુ અંદરથી બંધ હતુ જેથી મે દરવાજો ખખડાવેલ તો આ કાજલે મને કહેલ કે હું કપડા બદલાવુ છુ થોડી વાર રે તો હુ મારા ઘરના રસોડામા ચા બનાવવા માટે ગયેલ અને ચા બની ગયા પછી પણ આ કાજલે રૂમનો દરવાજો ખોલેલ નહીં જેથી મે રૂમનો દરવાજો ખખડાવેલ અને થોડી વાર પછી આ કાજેલે રૂમનો દરવાજો ખોલેલ અને મે તેને ચા આપતા તેણે ચા પીધા બાદ પણ રોકાયેલ હતી અને મારા પતી ઘરે આવતા અને મારે દવા લેવા માટે જવાનુ હોય ત્યારે આ કાજલે કહેલ કે હું પણ જાવ છુ તેમ કહી તે પણ નીકળી ગઈ હતી બાદ આ વખતે મારી દીકરી સ્કુલેથી આવીને અમારા બાજુમા રહેતા મારા જેઠના ઘરે હતી તો આ કાજલ મારી દીકરી પાસે મારા જેઠના ઘરે ગયેલ હતી અને મારી દીકરી બં શીને કહેલ કે મારે તારી મંમીનુ કામ છે તો બંશીએ કહેલ કે હું તમને નથી ઓળખતી તેમ કહી આ કાજલ મારી દીકરી બંશી સાથે અમારા ઘરે આવેલી અને બંશીને પણ ચા બનાવવાનુ કહેલ અને આશરે પોણા બે વાગ્યાના સમયે હું પણ દવા લઈને મારા ઘરે આવેલી તો મે આ કાજલને જોયેલ અને અમારા ઘરમા થોડી વાર બેસીને તે જતી રહેલ હતી બાદ તા.30ના રોજ મારા જેઠની દીકરી અંજુની સગાઈનો પ્રસંગ હોય જેથી મારે મારો સોનાનો હાર આશરે પાંચ તોલાનો મે ૨૦૨૨માં ખરીદેલ હતો તે પહેરવો હોય જેથી મે મારા રૂમમા કબાટમા રાખેલ હોય તે લેવા કબાટ ખોલતા કબાટમાં મારો સોનાનો હાર મળી આવેલ નહીં જેથી મે આ બાબતે ફરિયાદ નોંધાવી હતી.

### મૌલાસાહેબ ડો.સૈયદના આલીકદર મુફદ્દલ સૈફુદ્દીન ગુજરાત પ્રવાસે

# દાઉદી વ્હોરા સમાજના ધર્મગુરૂ ત્રણ દિવસ મોરબીમાં રોકાણ



સિટી ન્યૂઝ@મોરબી

મોરબી શહેરમાં દાઉદી વ્હોરા સમાજ માટે બુધવાર, ગુરુવાર અને શુક્રવાર વિશેષ દિવસ છે કેમ કે, દાઉદી વ્હોરા સમાજના ધર્મગુરુ મૌલા ડો. સૈયદના આલીકાદર મુફદ્દલ સૈફુદ્દીન (TUS) મોરબી આવી રહ્યા છે અને બુધવારે સાંજે ૫૦૦ વાગ્યે મૌલા સાહેબ મોરબીમાં આવશે તેને લઈને હાલમાં સમગ્ર દાઉદી વ્હોરા સમાજમાં ખુશીની લાગણી છે અને ધર્મગુરુને આવકારવા માટે સમાજના લોકોમાં પણ અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે.

મૌલા સાહેબ મોરબી આવે છે ત્યારે સમાજના આગેવાનો, યુવાનો, મહિલાઓ તેમજ વડીલો દ્વારા મૌલા સાહેબના સ્વાગતને યાદગાર બનાવવા માટે વિવિધ તૈયારીઓને કરવામાં આવેલ છે. અને મૌલા સાહેબના આગમનની ખુશી મોરબીની નાની બજાર અને ફકરી પાર્ક વિસ્તારમાં આવેલા દાઉદી વ્હોરા સમાજના વિસ્તારોમાં શેરી-ગલીઓ, મકાનો અને દુકાનોને આકર્ષક રીતે સજાવવામાં આવી છે. મૌલા સાહેબના દર્શન અને તેમના પવિત્ર સાનિધ્યનો લાભ મેળવવા માટે સમાજના લોકોમાં ભારે આતુરતા અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# જન આક્રોશ સભા માટે રાજકોટ કોંગ્રેસના આગેવાનો ગાંધીનગર જવા રવાના



## ખેડૂતો, યુવાનો, મોંઘવારી, મહિલા સુરક્ષા, બેરોજગારી અને ડ્રગ્સ સહિતના મુદ્દે સરકાર સામે રજૂઆત

સિટી ન્યૂઝ@રાજકોટ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ૯ સપ્ટેમ્બરે ગાંધીનગર ખાતે જન આક્રોશ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતની જનતા સાથે જોડાયેલા વિવિધ જ્વલંત પ્રશ્નો, સરકારની નીતિઓ અને જનહિતને અસર કરતા મુદ્દાઓ અંગે અવાજ ઉઠાવવા યોજનારી આ સભામાં જોડાવા રાજકોટ શહેર કોંગ્રેસના પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાની આગેવાની હેઠળ કોંગ્રેસના આગેવાનો, હોદ્દેદારો, વોર્ડ પ્રમુખો, વોર્ડ ઇન્ચાર્જ, વિવિધ સેલ-ફ્રન્ટલના પ્રમુખો તથા કાર્યકર્તાઓ ગાંધીનગર જવા રવાના થયા હતા.

કોંગ્રેસ દ્વારા ખેડૂતોને તેમની ઉપજના યોગ્ય ભાવ, ખેતી ખર્ચમાં વધારો, પેપર લીકની ઘટનાઓ, ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા, મહિલા સુરક્ષા, વધતી મોંઘવારી, બેરોજગારી અને ડ્રગ્સના વધતા દૂષણ સહિતના મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા છે. જનતાના અધિકારો, રોજગાર, શિક્ષણ, આરોગ્ય અને સુરક્ષા જેવા મૂળભૂત પ્રશ્નો અંગે સરકારનું ધ્યાન દોરવા માટે આ સભા યોજાઈ રહી હોવાનું કોંગ્રેસ દ્વારા જણાવાયું છે.

કોંગ્રેસના જણાવ્યા મુજબ, ખેડૂતોને માત્ર વચનો નહીં પરંતુ તેમની મહેનતનું યોગ્ય વળતર અને ન્યાય મળવો જરૂરી છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા યુવાનો પેપર લીક જેવી ઘટનાઓથી અસરગ્રસ્ત થાય છે, તેથી ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા અને વિશ્વસનીયતા જળવાય તે માટે સરકાર જવાબદારીપૂર્વક પગલાં લે તેવી માંગ કરવામાં આવી છે. મહિલાઓને સુરક્ષિત વાતાવરણ મળે અને તેમની ફરિયાદોનું ઝડપી નિરાકરણ થાય તે મુદ્દે પણ કોંગ્રેસે સરકારને જવાબદાર ગણાવી છે.

રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે યુવાનોને ગુણવત્તાયુક્ત શિક્ષણ, રોજગાર અને સુરક્ષિત વાતાવરણ આપવાની જવાબદારી સરકારની છે. Gen-Z પેઢી પોતાના અધિકારો અંગે જાગૃત છે, પ્રશ્નો પૂછે છે અને પોતાના ભવિષ્ય અંગે સ્પષ્ટતા માંગે છે. આ પેઢીના અવાજને દબાવવાને બદલે તેને સાંભળવાની અને યોગ્ય તકો આપવાની જરૂર છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતની જનતા મોંઘવારીથી પરેશાન છે, યુવાનો બેરોજગારીનો સામનો કરી રહ્યા છે અને ડ્રગ્સના વધતા દૂષણને કારણે માતા-પિતામાં પોતાના સંતાનોના ભવિષ્ય અંગે ચિંતા વધી રહી છે. સામાન્ય પરિવાર માટે ઘરનું ભરણપોષણ, બાળકોનું શિક્ષણ, આરોગ્ય ખર્ચ અને રોજિંદી જરૂરિયાતો પૂરી કરવી મુશ્કેલ બની રહી છે. સરકાર સુધી જનતાનો અવાજ પહોંચાડવો અને લોકશાહી ઢબે તેમના પ્રશ્નો માટે લડવું કોંગ્રેસની જવાબદારી છે.

તેમણે જણાવ્યું હતું કે જન આક્રોશ સભા કોઈ એક વર્ગનો નહીં પરંતુ ગુજરાતના દરેક નાગરિકના પ્રશ્નો રજૂ કરવાનું માધ્યમ છે. મોંઘવારી, બેરોજગારી, ડ્રગ્સનું વધતું દૂષણ, મહિલા સુરક્ષા, વંચિત વર્ગો સાથેનો અન્યાય અને યુવાનોના અધિકારો જેવા મુદ્દે કોંગ્રેસ જનતાની સાથે મજબૂતીથી ઊભી રહેશે. રાજકોટ શહેરમાંથી મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકર્તાઓ આ કાર્યક્રમમાં જોડાઈ જનતાના હક અને અધિકારો માટે અવાજ ઉઠાવશે.

આ પ્રસંગે જશવંતસિંહ ભટ્ટી, ડી.પી. મકવાણા, દીપ્તીબેન સોલંકી, નીતિનભાઈ ભંડેરી, મેહુલ પટેલ, અર્જુનભાઈ ચૌહાણ, ઈબ્રાહીમભાઈ સોરા, સુનિલભાઈ ચાવડીયા, હેમલભાઈ પેસીવાડીયા, સિકંદરભાઈ ડાકોરા, રામદેવસિંહ વાઘેલા, હરેશભાઈ ભારાઈ, કપિલભાઈ ગોસ્વામી, રાજેન્દ્રસિંહ વાઘેલા, મહેસૂરસિંહ ઝાલા, મનસુખભાઈ જાદવ, દીપુબેન રવિયા, ચંદ્રિકાબેન વરાણીયા, અફઝલભાઈ મેતર, મનસુખભાઈ ગોહિલ અને શરીફભાઈ સોઢા સહિતના આગેવાનો ગાંધીનગર જવા રવાના થયા હતા.

# રાજકોટમાં રાવળ સમાજ દ્વારા ભવ્ય શોભાયાત્રા-બાઈક રેલીનું આયોજન

સિટી ન્યૂઝ@રાજકોટ



## સંત રતનદાસ બાપુની પુણ્યતિથિ નિમિત્તે ભવ્ય આયોજન; વિવિધ સમાજના આગેવાનો અને ભક્તોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો

સમસ્ત રાવળ સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા રાવળ સમાજના પરમ પૂજ્ય સંત રતનદાસ બાપુની પુણ્યતિથિ નિમિતે ભવ્ય શોભાયાત્રા તથા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, રાજકોટ ધારાસભ્ય દર્શિતાબેન શાહ, રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખ કૌશિક ભાઈ ચાવડા.રાજકોટ શહેર ભાજપ મહામંત્રી યોગેન્દ્રસિંહ જાડેજા રાજકોટ વોર્ડ નં. ૭ ના કોર્પોરેટર દર્શનભાઈ ભીલ, વરસાબેન પાધી, વોર્ડ નં. ૭ના પ્રમુખ વિશાલભાઈ માંડલીયા મહામંત્રી દિપકભાઈ પારેખ તથા રાજકોટ શહેર ભાજપ પરિવાર દ્વારા રેલીને ફ્લેગ આપીને શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે રાજકોટ શહેરના વિવિધ સમાજના આગેવાનો દ્વારા શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું. જેમાં કારડીયા રાજપૂત સમાજ મહેશભાઈ રાજપૂત તેમજ , સોની સમાજ જીગ્નેશભાઈ વાગડીયા, લોધા સમાજ કેતનભાઈ જરિયા, કોળી સમાજ હિરેનભાઈ ડાભી, આહીર સમાજ હેમંતભાઈ લોખીલ, ભૂદેવ સેવા સમિતિ તેજસભાઈ ત્રિવેદી , ભીલ સમાજ દર્શનભાઈ ભીલ, રઘુવંશી યુવા સેના ધવલભાઈ કાચરોલીયા, ભરવાડ સમાજ ભીખાભાઈ પડસારીયા,રણજીતભાઈ મુંધવા વાલ્મિકી સમાજ મુકેશભાઈ પરમાર અને પીન્ટુભાઈ પુરબીયા, ચારણ ગઢવી સમાજ પ્રવીણભાઈ ગોગીયા, મુસ્લિમ સમાજ જનાબ હબીબભાઈ કટારીયા અને જનાબ દલિત સમાજ - ડી. બી. ખીમસુરિયાં કિશોરસિંહ જાડેજા સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા.

આ પાવન પ્રસંગે સમસ્ત રાવળ સમાજ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ગોપાલભાઈ બોરાણા (97260 00044), મુખ્ય કારોબારી રાજુભાઈ બોરાણા, નરેશભાઈ મેર, સુનિલભાઈ પેથાણી, ધર્મેશભાઈ સોઢા, લક્ષ્મણભાઈ પરમાર, અંકિતભાઈ બોડા, અમુભાઈ સોઢા તથા

ટ્રસ્ટના સભ્યો કમલેશભાઈ મછોયા, હિતેષભાઈ પેથાણી, અંકિતભાઈ ગોહેલ, કિશનભાઈ બોરાણા, મુન્નાભાઈ ભોજક, સુનિલભાઈ બોરાણા,મનોજભાઈ મિયાત્રા,હરેશભાઈ ગોહેલ આકાશભાઈ મકવાણા, હિતેનભાઈ કેસુર, રાહુલભાઈ કેસુર, અક્ષયભાઈ મછોયા, ભાવિનભાઈ પરમાર, રોહિતભાઈ મેર, લાલભાઈ ભોજક, , રાજભાઈ મિયાત્રા, તેજસભાઈ જાદવ, વિનુભાઈ ભોજક, અનિલભાઈ બોરાણા, અજયભાઈ બોરાણા, બકુલભાઈ રાઠોડ, પ્રકાશભાઈ જોગેલા, જોગીદાસ સરવૈયા, મનોજભાઈ મિયાત્રા, જયદીપભાઈ મછોયા દીપકભાઈ બોડા નિલેશભાઈ મિયાત્રા, જીતેન્દ્રભાઈ મિયાત્રા,જીતુભાઈ વાણીયા,,તથા અન્ય આગેવાનો ઉપસ્થિત રહી આ પાવન કાર્યમાં સહભાગી થયા હતા.

શોભાયાત્રા દરમ્યાન શહેરમાં સર્વત્ર ધાર્મિક માહોલ છવાયો હતો અને વિવિધ સમાજના આગેવાનો તથા ભક્તો દ્વારા વિશાળ ઉમંગ અને શ્રદ્ધા સાથે કાર્યક્રમને સફળ બનાવાયો હતો.

# ધરણાની મંજૂરી છતાં અટકાયત મુદ્દે માનવ અધિકાર પંચમાં રાવ

## પોલીસ કમિશનરને નોટિસ; સંબંધિત પોલીસ અધિકારીને ૧૦ સપ્ટેમ્બરે વીડિયો કોન્ફરન્સમાં હાજર રહેવા આદેશ

સિટી ન્યૂઝ@રાજકોટ

લોકસંસદ વિચાર મંચ અને જાગૃત નાગરિકોની રજૂઆત મુજબ, ૧૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ રાજકોટના ભક્તિનગર સર્કલ ખાતે સોનમ વાંગચૂકના સમર્થનમાં અને NEETમાં પારદર્શિતાની માંગ સાથે શાંતિપૂર્ણ ધરણા યોજવા મંજૂરી લેવામાં આવી હતી. નાયબ પોલીસ કમિશનર ક્રાઇમ અને સ્પેશિયલ બ્રાન્ચ દ્વારા ૧૮ જુલાઈના પત્રથી મંજૂરી આપવામાં આવી હોવા છતાં ધરણા પહેલાં કેટલાક આંદોલનકારીઓની અટકાયત કરાયાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

રજૂઆત મુજબ ગજેન્દ્રસિંહ ઝાલા, દિલીપભાઈ આસવાણી, પ્રવીણભાઈ લાખાણી, કમલેશભાઈ જોટંગીયા, એડવોકેટ ઈન્દુભા રાઓલ, કાંતિભાઈ પ્રજાપતિ, પૂર્વ ફોજી નટુભા ઝાલા અને જયંતીભાઈ હિરપરા સહિતના આંદોલનકારીઓને રાજકોટ પોલીસની વિવિધ ટીમોએ અલગ-અલગ સ્થળોએથી અટકાયત કરી હતી. સંસ્થાનું કહેવું છે કે મંજૂરી રદ કરવામાં આવી હોવાની કે અટકાયતના કારણોની જાણ કરવામાં આવી નહોતી.



આ મુદ્દે સંસ્થાના મોભી અને પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણીએ ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ, ગાંધીનગરમાં લેખિત ફરિયાદ કરી હતી. ફરિયાદના પગલે આયોગના અધ્યક્ષ ડો. કે.જે. ઠાકરે રાજકોટ શહેર પોલીસ કમિશનરને નોટિસ પાઠવી સંબંધિત પોલીસ અધિકારીને ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બપોરે ૧ વાગ્યે વીડિયો કોન્ફરન્સથી સુનાવણીમાં હાજર રહેવા આદેશ કર્યો હોવાનું અખબારી યાદીમાં જણાવાયું છે.

આયોગે સંબંધિત કાર્યવાહીનો અહેવાલ સુનાવણી પહેલાં રજૂ કરવા પણ સૂચના આપી હોવાનું જણાવાયું છે. સંસ્થાએ બંધારણ હેઠળ શાંતિપૂર્ણ રીતે વિરોધ નોંધાવવાના અધિકારનો ઉલ્લેખ કરી પોલીસની કાર્યવાહી સામે રજૂઆત કરી છે.

# પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટનું મિલપરામાં 14થી 24 સપ્ટેમ્બર સુધી ગણેશ મહોત્સવ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના મિલપરા મેઈન રોડ, લક્ષ્મીવાડી ૯/અ ખાતે આવેલા શ્રી પ્રગટ હનુમાનજી મંદિર ખાતે શ્રી પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૪થી ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન મિલપરા કા મહારાજા સાર્વજનિક ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવ દરમિયાન દરરોજ સવારે ૭:૦૦ વાગ્યે ગણેશજીની પૂજા-અર્ચના તથા રાત્રે ૮:૩૦ વાગ્યે રાજકોટના આગેવાનો અને મહાનુભાવોના હસ્તે મહાઆરતી યોજાશે. મહાઆરતીમાં ઉપસ્થિત ભક્તો અને મહેમાનો માટે સંસ્થા દ્વારા ૨૦×૨૦ની વિશાળ જગ્યામાં સ્ટેજ તૈયાર કરવામાં આવ્યું છે. સંસ્થાના જણાવ્યા મુજબ સમગ્ર ગણેશ મહોત્સવ કોઈપણ જાતના ફંડ, ફાળા કે જાહેરાતો વિના યોજવામાં આવી રહ્યો છે. કાર્યક્રમની વ્યવસ્થામાં પૂજાબેન ભટ્ટ, જયાબેન વાઘેલા, જૈમિલ પંડ્યા, દેવાંગભાઈ ભટ્ટ, કિશનભાઈ સુચક, પંકજભાઈ વ્યાસ, બકુલભાઈ સરવૈયા, ચિંતન રાચ્છ, ધર્મેશભાઈ રાઠોડ, કશ્યપભાઈ ભટ્ટ, હર્ષદભાઈ રાઠોડ સહિતના કાર્યકરો સેવા આપી રહ્યા છે.વધુ માહિતી માટે શ્રી પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ જગદીશભાઈ એસ. ભટ્ટનો 99250 17888 પર સંપર્ક કરવા જણાવાયું છે.

# જ્યોતિ CNCના મહારક્તદાન કેમ્પમાં 292 બોટલ રક્ત એકત્ર

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટની સિવિલ હોસ્પિટલમાં જરૂરિયાતમંદ દર્દીઓ માટે રક્તની તાતી જરૂરિયાત વચ્ચે જ્યોતિ CNC ગ્રુપ દ્વારા સ્વ. ઘનશ્યામસિંહ નિરુભા જાડેજાની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે મહારક્તદાન કેમ્પ યોજાયો હતો. શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી GIDC મેટોડા ખાતે યોજાયેલા કેમ્પમાં રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું હતું.

કેમ્પમાં કુલ ૨૯૨ બોટલ રક્ત એકત્ર થયું હતું. ચોમાસાની સીઝનમાં રક્તની જરૂરિયાત વધતી હોવાથી સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓને નિશુલ્ક રક્ત મળી રહે તે હેતુથી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સમગ્ર સૌરાષ્ટ્રમાંથી દર્દીઓ સારવાર માટે આવતા હોવાથી તમામ બ્લડ ગ્રુપની જરૂરિયાત રહેતી હોવાનું જણાવાયું હતું.

જ્યોતિ CNC ગ્રુપના પરાક્રમસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, વિક્રમસિંહ રાણા, સ્ટાફ પરિવાર તેમજ શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણીએ રક્તદાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

જન્મદિવસ, સ્મૃતિદિન સહિતના પ્રસંગોએ રક્તદાન કેમ્પ યોજી માનવજીવન બચાવવાના સેવાકાર્યમાં સહભાગી બનવા અપીલ કરવામાં આવી છે. રક્તદાન ઉપરાંત ચક્ષુદાન, અંગદાન, સ્કીનદાન તથા જીવદયાના સેવાકાર્યો માટે વિનય જસાણીનો ૯૪૨૮૨ ૦૦૬૬૦ પર સંપર્ક કરી શકાય છે.



## સ્વ. ઘનશ્યામસિંહ જાડેજાની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે કેમ્પ યોજાયો; સિવિલ હોસ્પિટલના દર્દીઓ માટે રક્તદાન

# દિવ્યાંગ યુવકની સોમનાથથી દિલ્હી સુધી સાયકલ યાત્રા

સિટી ન્યૂઝ@સોમનાથ

બિહારના દિવ્યાંગ યુવક દીપક કુમાર સિંહે દેશના અત્યંત જરૂરિયાતમંદ દિવ્યાંગો અને વિધવા મહિલાઓને દર મહિને ૩૫ કિલો ખાદ્યસામગ્રીનો જથ્થો મળે તેવી માંગ સાથે સોમનાથથી નવી દિલ્હી સુધી સાયકલ યાત્રાનો પ્રારંભ કર્યો છે. અંત્યોદય અન્ન યોજના હેઠળ વધુ ખાદ્યસુરક્ષા ઉપલબ્ધ કરાવવાની માંગને કેન્દ્ર અને રાજ્ય સરકાર સુધી પહોંચાડવા માટે આ અનોખી યાત્રા યોજાઈ રહી છે.

સોમનાથ મહાદેવના પવિત્ર ધામથી શરૂ થયેલી આ યાત્રા દ્વારકા, ગાંધીનગર અને અમદાવાદ સહિતના વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈ નવી દિલ્હી પહોંચશે. યાત્રા દરમિયાન જિલ્લા વહીવટીતંત્ર, લોકસભા-રાજ્યસભાના સાંસદો, ધારાસભ્યો તથા અન્ય જનપ્રતિનિધિઓને આવેદનપત્રો આપી દિવ્યાંગો અને વિધવા મહિલાઓની આર્થિક મુશ્કેલીઓ અંગે રજૂઆત કરવામાં આવશે.

દીપક કુમાર સિંહે જણાવ્યું હતું કે વર્તમાન મોંઘવારીના સમયમાં અત્યંત જરૂરિયાતમંદ દિવ્યાંગો અને વિધવા મહિલાઓ માટે જીવનનિર્વાહ કરવો મુશ્કેલ બની રહ્યો છે. આવા પરિવારોને વધુ ખાદ્યસુરક્ષા મળે તે માટે તેમના રેશનકાર્ડ હેઠળ દર મહિને ૩૫ કિલો ખાદ્યસામગ્રી ઉપલબ્ધ કરાવવી જરૂરી છે. આ માંગને સરકાર ગંભીરતાથી વિચારે તે માટે તેઓ સાયકલ યાત્રા કરી રહ્યા છે.






## દિવ્યાંગો અને વિધવા મહિલાઓને દર મહિને 35 કિલો રાશનની માંગ; અનેક જનપ્રતિનિધિઓને આવેદન

આ માંગને સમર્થન આપતાં રાજ્યસભા સાંસદ માનસિંહ પરમાર, સોરઠના સાંસદ રાજેશ ચુડાસમા અને સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખી અત્યંત જરૂરિયાતમંદ દિવ્યાંગો તથા વિધવા મહિલાઓને દર મહિને ૩૫ કિલો રાશન આપવાની ભલામણ કરી હોવાનું જણાવાયું છે.

સોમનાથથી શરૂ થયેલી આ સાયકલ યાત્રા નવી દિલ્હી પહોંચીને દેશના લાખો દિવ્યાંગો અને વિધવા મહિલાઓની માંગને સરકાર સમક્ષ રજૂ કરશે. દીપક કુમાર સિંહની આ પહેલને સ્થાનિક જનપ્રતિનિધિઓ અને નાગરિકોનું પણ સમર્થન મળી રહ્યું છે.

# સેવા જગતના ભીષ્મ પિતામહ અનુપમભાઈ દોશીનો 67મો જન્મદિવસ

## 47 વર્ષથી અવિરત સેવાયાત્રા; 300થી વધુ રક્તદાન અને 500થી વધુ ચક્ષુદાનમાં યોગદાન

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના ભાડલા ગામના મૂળ વતની અને રાજકોટને કર્મભૂમિ બનાવનાર સામાજિક કાર્યકર્તા અનુપમભાઈ દોશી આજે જીવનના ૬૭મા વર્ષમાં પ્રવેશી રહ્યા છે. યુવા વયથી છેલ્લા ૪૭ વર્ષથી સેવાકીય અને સામાજિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા અનુપમભાઈએ રાજકોટના સેવા જગતમાં આગવું સ્થાન મેળવ્યું છે. સેવા, માનવતા, દયા અને પરોપકાર તેમના જીવનના અભિન્ન અંગ બની રહ્યા છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સનિષ્ઠ સ્વયંસેવક તરીકે કાર્યરત અનુપમભાઈને રાજકોટના સેવા જગતમાં ભીષ્મ પિતામહ તરીકે ઓળખવામાં આવે છે. નિરાભિમાની અને સરળ જીવનશૈલીને કારણે તેઓ અલગારી ઓલિયા તરીકે પણ લોકપ્રિય છે. હું નહીં, તું ની ભાવના સાથે કાર્ય કરતાં તેમણે અનેક કાર્યકર્તાઓનું ઘડતર કર્યું છે અને વિવિધ સેવાકીય સંસ્થાઓના નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવી છે.

અનુપમભાઈએ અત્યાર સુધીમાં ૩૦૦થી વધુ રક્તદાન કેમ્પોનું આયોજન કર્યું છે. ૫૦૦થી વધુ ચક્ષુદાન કરાવી અનેક લોકોને નવી દૃષ્ટિ મળવામાં નિમિત બન્યા છે. ૫૦થી વધુ દેહદાનમાં પણ તેમણે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. થેલેસેમિયાગ્રસ્ત બાળકો માટે પણ તેઓ સતત સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા રહ્યા છે.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં ૩૭ વર્ષ સુધી નિષ્કલંક સેવા બજાવી નિવૃત્ત થયા બાદ પણ તેઓ જનસેવા અને સામાજિક પ્રવૃત્તિઓમાં સતત સક્રિય છે. દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ, વિવેકાનંદ યુથ ક્લબ, સાહિત્ય સેતુ, SBI પેન્શનર્સ એસોસિએશન, લેંગ લાઈબ્રેરી, ભાડલા હવેલી, NGO ફાઉન્ડેશન તેમજ રક્તદાન, ચક્ષુદાન, દેહદાન અને થેલેસેમિયા જનજાગૃતિ જેવી અનેક પ્રવૃત્તિઓ સાથે તેઓ જોડાયેલા છે.

તેમની વર્ષોની સેવાઓ બદલ ફૂલછાબ એવોર્ડ, પૂજ્ય માનભાઈ ભટ્ટ નાગરિક સન્માન એવોર્ડ, સંસ્કાર એવોર્ડ, પ્રાઈડ ઓફ રાજકોટ એવોર્ડ, સંસ્કાર વિભૂષણ માનપત્ર અને ચેમ્બર ઓફ કોમર્સ રાજકોટના વિશિષ્ટ પ્રતિભા એવોર્ડ સહિત અનેક સન્માન પ્રાપ્ત થયા છે.

શાંત, સરળ, સૌમ્ય, મિતભાષી, નિરાભિમાની અને માનવતાવાદી વ્યક્તિત્વ ધરાવતા અનુપમભાઈ બીજાના સુખમાં પોતાનું સુખ માનવાની જીવનદૃષ્ટિ ધરાવે છે. તેમના ૬૭મા જન્મદિવસ નિમિત્તે મિત્રો, શુભેચ્છકો, જાહેરજીવનના અગ્રણીઓ, સ્વજનો અને વિશાળ મિત્રવર્તુળે દીર્ઘાયુ, તંદુરસ્તી તથા સતત સેવાકાર્ય માટે શક્તિ મળે તેવી શુભેચ્છાઓ પાઠવી છે.

# રાજકોટમાં 27 સપ્ટેમ્બરે સર્વરોગ નિદાન કેમ્પનું નિઃશુલ્ક આયોજન

### કોટક સ્કૂલ ખાતે વિનામૂલ્યે સારવાર, દવાઓની સુવિધા વિવિધ અને તબીબી તપાસ; આંખના ચશ્મા, ઓપરેશન અને નેત્રમણી પણ નિઃશુલ્ક

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં સરગમ ક્લબ, અશોક ગોંધિયા મેમોરિયલ ચેરિટેબલ ટ્રસ્ટ અને સ્વ. સવિતાબેન છગનભાઈ પટેલ (ફિલ્ડમાર્શલ)ની સ્મૃતિમાં સંયુક્ત ઉપક્રમે ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ વિશાળ સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પ સવારે ૮:૦૦ વાગ્યાથી મોટી ટાંકી ચોક ખાતે આવેલી કોટક સ્કૂલમાં શરૂ થશે. જરૂરિયાતમંદ દર્દીઓએ કોઈ પૂર્વ નોંધણી વિના કેમ્પના સ્થળે સીધા પહોંચી કેસ કઢાવવાનો રહેશે.

કેમ્પમાં વિવિધ રોગોના નિષ્ણાત તબીબો દ્વારા દર્દીઓની તપાસ અને માર્ગદર્શન આપવામાં આવશે. દર્દીઓને વિનામૂલ્યે સોનોગ્રાફી, લેબોરેટરી ટેસ્ટ, એક્સ-રે અને કાર્ડિયોગ્રામ સહિતની જરૂરી તબીબી તપાસની સુવિધા આપવામાં આવશે. નિદાન બાદ જરૂરિયાત મુજબ ૧૦ દિવસની દવાઓ પણ વિનામૂલ્યે આપવામાં આવશે.

આંખના દર્દીઓ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે આંખના ચશ્મા, આંખના ઓપરેશન અને નેત્રમણીની સુવિધા રણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી ઉપલબ્ધ કરાવવામાં આવશે. આંખ સંબંધિત સારવાર માટે સિવિલ હોસ્પિટલના આંખ વિભાગના તબીબો અને નિષ્ણાતોની સેવા પણ મળી રહેશે.

આ સેવાકીય કેમ્પને કમાણી ફાઉન્ડેશન, પ્રેમજી વાલજી એન્ડ સન્સ, મહાવીર સેવા ટ્રસ્ટ, બાન લેબ્સ કંપની, જે.વી. શેઠીયા ચેરિટેબલ ટ્રસ્ટ, ઇન્ડિયન મેડિકલ એસોસિએશન અને આર.બી. કોઠારી નિદાન કેમ્પ સહિતની સંસ્થાઓનો વિશેષ સહયોગ મળી રહ્યો છે. વિવિધ સંસ્થાઓના સહયોગથી કેમ્પમાં આવનારા દર્દીઓને એક જ સ્થળે અનેક પ્રકારની તબીબી સેવાઓ મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

કેમ્પનું આયોજન સરગમ પરિવારના ચેરમેન વજુભાઈ વાળાના માર્ગદર્શન હેઠળ તથા સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શનથી કરવામાં આવી રહ્યું છે. સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ સહિતની ટીમ કેમ્પની વ્યવસ્થામાં સક્રિય રીતે જોડાઈ છે.

કેમ્પની સફળતા માટે ડો. રાજેશભાઈ તૈલી, ડો. અમિતભાઈ હપાણી, ડો. પારસભાઈ શાહ, ડો. કમલભાઈ પરીખ, ડો. રશ્મિભાઈ ઉપાધ્યાય, ડો. નવલભાઈ શીલુ અને ડો. અતુલભાઈ પંડ્યા સહિતના તબીબો સેવા આપશે. ડો. ચંદાબેન શાહ, નિલુબેન મહેતા, ડો. માલાબેન કુંડલિયા તેમજ લેડીઝ અને જેન્ટ્સ કમિટીના ૧૫૦થી વધુ સભ્યો કેમ્પની વિવિધ જવાબદારીઓ સંભાળશે.

આ કેમ્પનો વધુમાં વધુ જરૂરિયાતમંદ દર્દીઓ લાભ લે અને સમયસર સ્થળ પર પહોંચી તબીબી સેવાઓનો લાભ મેળવે તેવી અપીલ સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાએ કરી છે.

# હરીપર ગામે લોકભાગીદારીથી જળસંચયનું અભિયાન શરૂ

### ગિરગંગા પરિવાર ટ્રસ્ટની જળ જાગૃતિ બેઠક યોજાઈ; ચેકડેમ, તળાવ અને રિચાર્જ બોર અંગે ચર્ચા

સિટી ન્યૂઝ@રાજકોટ

કાલાવડ તાલુકાના હરીપર ગામે ગિરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા જળ જાગૃતિ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામજનો, મહિલા મંડળ, ગ્રામ પંચાયતના હોદ્દેદારો તથા સ્થાનિક આગેવાનોની બહોળી ઉપસ્થિતિમાં ગામનું પાણી ગામમાં અને ખેતરનું પાણી ખેતરમાં રોકી ભૂગર્ભ જળસ્તર ઊંચું લાવવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયાએ જણાવ્યું હતું કે પાણી માત્ર કુદરતી સંપત્તિ નથી, પરંતુ આવનારી પેઢીઓના ભવિષ્યનો આધાર છે. ચેકડેમ ઊંડા કરવા, તળાવનું બ્યુટિફિકેશન કરવા, વરસાદી પાણીનો સંગ્રહ કરવા અને રિચાર્જ બોર બનાવવા જેવા કાર્યો દ્વારા ગામને જળસંપન્ન બનાવી શકાય છે. તેમણે ગ્રામજનોને જળસંચયના આ અભિયાનમાં તન, મન અને ધનથી સહભાગી થવા અપીલ કરી હતી.

બેઠક દરમિયાન ગામના વિકાસ સાથે જળસંચયના કાર્યોને વેગ આપવા માટે વિવિધ સૂચનો રજૂ કરવામાં આવ્યા હતા. ગ્રામજનો અને આગેવાનોએ આ ભગીરથ કાર્ય માટે સામાજિક તેમજ આર્થિક સહયોગ આપવાની ખાતરી વ્યક્ત કરી હતી. લોકભાગીદારીથી જળસંચયના કામો હાથ ધરવાથી ગામમાં પાણીની સમસ્યા હળવી થશે અને ખેતી તથા પશુપાલનને પણ લાભ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

આ પ્રસંગે સરપંચ કાંતિભાઈ, પ્રવીણભાઈ તારપરા, દિલીપભાઈ વસોયા, ઘનશ્યામભાઈ ગઢીયા, હરીપર મહિલા મંડળના ભાવનાબેન સહિત ગ્રામ પંચાયતના હોદ્દેદારો, વિવિધ સરકારી યોજનાઓના પ્રતિનિધિઓ, સ્થાનિક આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકના અંતે સૌએ હરીપર ગામને જળસંપન્ન બનાવવા માટે એકજૂથ થઈ કાર્ય કરવાનો સંકલ્પ કર્યો હતો.

# ખારી ગામના વીર આર્મી જવાન કિરીટભારથી ગોસ્વામીનું માર્ગ અકસ્માતમાં કરુણ મોત

સિટી ન્યૂઝ@રાજુલા

### હાડિડા, દાધીયા અને મેરીયાણા ગામોમાંથી પસાર થયેલી અંતિમયાત્રામાં હજારો લોકો જોડાયા; ગાર્ડ ઓફ ઓનર સાથે વીર જવાનને અંતિમ વિદાય






રાજુલા તાલુકાના ખારી ગામના વતની અને દેશસેવામાં ફરજ બજાવતા આર્મી જવાન કિરીટભારથી શ્યામભારથી ગોસ્વામીનું માર્ગ અકસ્માતમાં કરુણ મોત થતાં સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. દેશની સુરક્ષા માટે ફરજ બજાવતા વીર જવાનના નિધનના સમાચાર મળતાં ખારી ગામ સહિત આસપાસના વિસ્તારોમાં શોકમય માહોલ છવાઈ ગયો હતો.વીર જવાનની અંતિમયાત્રા હાડિડા, દાધીયા અને મેરીયાણા ગામોમાંથી પસાર થઈ તેમના વતન ખારી ગામે પહોંચી હતી. અંતિમયાત્રા દરમિયાન માર્ગ પર દેશભક્તિના નારા ગુંજી ઊઠ્યા હતા. ગામેગામે ગ્રામજનોએ પુષ્પાંજલિ અર્પી વીર જવાનને શ્રદ્ધાંજલિ આપી હતી. અશ્રુભીની આંખો સાથે હજારો ગ્રામજનો અંતિમયાત્રામાં જોડાયા હતા. ખારી ગામે પાર્થિવદેહ પહોંચ્યા બાદ આર્મીના જવાનો દ્વારા સન્માનપૂર્વક ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. ત્યારબાદ શોકમય વાતાવરણમાં વીર જવાનને અંતિમ વિદાય અપાઈ હતી. દેશ માટે ફરજ બજાવનાર જવાનના નિધનથી પરિવારજનો, સગાંસંબંધીઓ અને ગ્રામજનોમાં ભારે દુખની લાગણી જોવા મળી હતી. આ પ્રસંગે પ્રાંત અધિકારી અક્ષર વ્યાસ, મામલતદાર એચ.બી. પુરોહિત, પીઆઇ વિજય કોલાદરા સહિત વહીવટી તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ખારી ગામના આગેવાનો, આસપાસના ગામોના સરપંચો, આર્મીના સાથી જવાનો, સ્થાનિક રાજકીય અને સામાજિક આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો પણ અંતિમ વિદાયમાં જોડાયા હતા. તમામ ઉપસ્થિત લોકોએ ભારત માતાના વીર સપૂતને ભીની આંખે શ્રદ્ધાંજલિ અર્પી હતી અને તેમના પરિવારજનોને આ દુખદ ઘડીમાં સાંત્વના પાઠવી હતી. સમગ્ર પંથકમાં વીર જવાનની દેશસેવા અને ફરજ પ્રત્યેની નિષ્ઠાને યાદ કરી લોકો ભાવુક બન્યા હતા.

# ગોંડલમાં ઘર છોડી દેનાર મુકબધિર યુવતીને સમજાવી પરિવાર સાથે મિલન કરાવતી 181 અભયમ ટિમ

**સિટી ન્યૂઝ@ગોંડલ**



ગોંડલમાં માતા સાથે અણબનાવ બનતા મુકબધિર યુવતી ઘર છોડીને બસ સ્ટેન્ડ પહોંચી ગયા બાદ ઘરે નહીં જવાની જીદ કરતી હોય ૧૮૧ અભયમ ટિમને જાગૃત નાગરિકનો કોલ આવતા ૧૮૧ ગોંડલની ટિમ દોડી ગઈ હતી. ૧૮૧ અભયમ ટીમના કાઉન્સેલર લતાબેન ચૌધરી સહીતની ટિમ બસ સ્ટેન્ડ ખાતે પહોંચી ત્યારે તેમને જોઈને મુકબધિર યુવતી ધ્રુસકે ધ્રુસકે રડી પડી હતી તેણીને સમજાવવા અથાગ પ્રયત્ન કર્યા હતા પરંતુ પોતે કોઈ વાત સાંભળવા તૈયાર ન હતી બાદમાં માંડ માંડ તેણીને વિશ્વાસ આવતા તેણી વાત કરવા સહમત થઈ હતી એમના ઘરે તેણીને મારકૂટ કરી હોય તેવું આપવીતી વર્ણવી હતી અને માર માર્યાના નિશાન પણ બતાવ્યા હતા જેથી તેણીને તેની ભાષામાં કાઉન્સેલ કરી ઘરે લઈ જતા તેની માતાએ કહ્યું હતું કે તેણી મુકબધિર હોવાથી તેને કોઈ કહેતું ન હોય કોઈનું માનતી ન હતી જયારે મુકબધિર યુવતીએ કહ્યું હતું કે પોતે મુકબધિર હોવા છતાં માતા તેની સાથે સમય વિતાવવાને બદલે બીજા લોકો સાથે બેસવા જતા રહેતા હોય તે બાબતે બંને વચ્ચે ઝઘડો થતો હતો અને મારકૂટ પણ થતી હતી બંને માં દીકરીની વાત સાંભળી બન્ને નું કાઉન્સેલીગ કરી યોગ્ય સમજૂતી આપી હતી મુકબધિર દીકરીને સાચવવા અથવા તો મૂંગા બહેરા આશ્રમમાં મૂકી આવવાની સલાહ આપી હતી જયારે મુકબધિર યુવતીને પણ માતા સાથે ઝઘડો ન કરવા સમજૂતી આપતા બંને માતા પૂત્રી વાત સાથે સહમત થયા હતા અને બંને હળીમળીને રહેશે તેવું વચન આપ્યું હતું આમ ૧૮૧ અભયમ ટીમની મહેનતથી સુખદ સમાધાન થયું હતું. ને પીડિતા ને એમના મમ્મી ને સોંપેલ હોઈ.




## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- એન્વિરો ઈન્ફ્રા એન્જિનિયર્સ લિ.ને ટાટા પાવર રિન્યૂએબલ એનર્જી લિ. પાસેથી રૂ.૧૮૯.૯૯ કરોડનો ઓર્ડર મળ્યો છે.
- એચસીએલ ટેક્નોલોજીસ લિ.એ રૂ.૧૮૫ કરોડના રોકાણ સાથે એડવાન્સ્ડ સેમિકન્ડક્ટર લેબ લોન્ચ કરી છે.
- ઈનોવિઝન લિ.ને એનએચએઆઈ પાસેથી રૂ.૨૧૯,૦૭,૨૯,૬૩૫ નો ઓર્ડર મળ્યો છે.
- જ્યુપિટર વેગન્સ લિ.ને જીએટીએક્સ ઈન્ડિયા પ્રા.લિ. પાસેથી રૂ.૯૭.૬૬ કરોડનો ઓર્ડર મળ્યો છે.
- ગોલ્ડિયમ ઈન્ટરનેશનલ લિ.ને આંતરરાષ્ટ્રીય યુએસએ ગ્રાહક પાસેથી રૂ.૬૦ કરોડનો ઓર્ડર મળ્યો છે.
- ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ લિ.એ જણાવ્યું છે કે કંપનીને ઓડિશા સ્ટેટ વર્કફ્લો ઓટોમેશન સિસ્ટમના આગામી તબક્કાના અમલીકરણ માટે રૂ.૧૨૨.૬ કરોડનો કોન્ટ્રાક્ટ મળ્યો છે.

**IPO DETAILS**

| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
|---|---|---|---|---|---|
| PRANAV CONSTRUCTIONS | 07/9 | 09/9 | 118 - 124 | 120 | 14,880 |
| GLASS WALL SYSTEMS (INDIA) | 08/9 | 10/9 | 172 - 182 | 82 | 14,924 |
| PRASOL CHEMICALS | 08/9 | 10/9 | 643 - 676 | 22 | 14,872 |
| KANOHAR ELECTRICALS | 08/9 | 10/9 | 601 - 632 | 23 | 14,536 |
| KARAMTARA ENGINEERING | 09/9 | 11/9 | 241 - 254 | 59 | 14,986 |
| LCC PROJECTS | 09/9 | 11/9 | 139 - 146 | 102 | 14,892 |
| STEAMHOUSE INDIA | 09/9 | 11/9 | 77 - 81 | 185 | 14,985 |
| MANIPAL PAYMENT & IDENTITY SOLUTIONS | 09/9 | 11/9 | 322 - 339 | 44 | 14,916 |
| ASSET RECONSTRUCTION CO. (INDIA) | 09/9 | 11/9 | 132 - 139 | 107 | 14,873 |
| RENTOMOJO | 09/9 | 11/9 | 384 - 404 | 37 | 14,948 |
| VEEGALAND DEVELOPERS | 10/9 | 15/9 | 130 - 140 | 107 | 14,980 |

**SME DETAILS**

| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
|---|---|---|---|---|---|
| APANA LOGISTICS | 07/9 | 09/9 | 60 | 4000 | 2,40,000 |
| AMTECH ESTERS | 09/9 | 11/9 | 71 - 75 | 3200 | 2,40,000 |
| VINOD TEXWORLD | 09/9 | 11/9 | 94 | 2400 | 2,25,600 |
| INFRAX RENEWABLE | 09/9 | 11/9 | 104 | 2400 | 2,49,600 |
| PANCHATV BHARAT | 10/9 | 15/9 | 140 | 2000 | 2,80,000 |
| RAKSAN TRANSFORMERS | 10/9 | 15/9 | 258 - 273 | 800 | 2,18,400 |
| OM GALAXY | 10/9 | 15/9 | 85 - 90 | 3200 | 2,88,000 |
| MAHARAJA & SPEEDEX INDIA | 10/9 | 15/9 | 177- 186 | 1200 | 2,23,200 |
| CENTURY BUSINESS MEDIA | 11/9 | 16/9 | 70 - 74 | 3200 | 2,36,800 |
| INJECTO POLYMERS | 11/9 | 16/9 | 90 - 100 | 2400 | 2,40,000 |
| QUANTO AGROWORLD | 15/9 | 17/9 | 67 | 4000 | 2,68,000 |

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

# તમારી સમસ્યા હવે છુપાશે નહીં!

## તમારી કોલોની – તમારો વોર્ડ – તમારો હક

લાઈટ બંધ રહે છે?




ગંદુ પાણી આવે છે?



રસ્તા તૂટેલા છે?



ગંદકી અને સફાઈની સમસ્યા છે?



હવે સીધી ફરિયાદ કરો – "સિટી ન્યૂઝ રાજકોટ" સુધી!

તમારી સમસ્યાનો ફોટો / વિડિયો મોકલો

અમે તેને સંબંધિત અધિકારીઓ સુધી પહોંચાડશું

**ચૂંટણી હોય કે ન હોય – "સિટી ન્યૂઝ" હંમેશાં રાજકોટની પડખે!**



WhatsApp કરો:
**+91 81409 88883**

રાજકોટ

**સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે આપનો સહકાર જરૂરી**